

પેજ-08
બોલીવુડ ડેબ્યૂ પહેલા રાશા થડાનીને માતા રવીના ટંડન તરફથી મળી...

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ-09
આ મામલે રવિચંદ્ર અશ્વિને તોડ્યો ચંદ્રશેખરનો રેકોર્ડ



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 29.00 | 18.00 |
| વડોદરા | 31.00 | 18.00 |
| સુરત | 31.00 | 20.00 |

પેજ 5



મુકેશ અંબાણી વિશ્વના બીજા પાવરફૂલ CEO...

06 FEBRUARY-2024 TUESDAY

ભારત વિરોધી નિવેદનબાજીથી ફસાયા રાષ્ટ્રપતિ...



પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 71731.42 | ▼ | 354.21 |
| નિફ્ટી | 21771.70 | ▼ | 082.10 |
| સોનું | 62188.00 | ▼ | 374.00 |
| ચાંદી | 70503.00 | ▼ | 705.00 |

વર્ષ-13 | અંક-082 | વિક્રમ સંવત-2080 | પોષ વદ-12 | પાના-12 | કિંમત 3/- | અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### 'કોંગ્રેસને અમારા જેટલું કામ કરતાં પેઢીઓ નીકળી જાય' : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

# અબકી બાર 400 પાર...: લોકસભામાં મોદીની ગેરંટી

## મોદીએ કહ્યું- પહેલી ટર્મમાં ખાડા પૂર્યા, બીજીમાં વિકસિત ભારતનો પાયો નાખ્યો, ત્રીજીમાં ઉજ્જવળ ભારતનું નિર્માણ કરીશું

નવી દિલ્હી | તા.05

વડાપ્રધાન નરેન્દ્ર મોદી લોકસભામાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના ભાષણ પર આભાર-ભાષણ આપી રહ્યા છે. આ પ્રસંગે તેમણે વિપક્ષ, કોંગ્રેસ અને પરિવારવાદ પર તીક્ષ્ણ નિવેદનો આપ્યા હતા. વડાપ્રધાને કહ્યું હતું કે એક જ પ્રોડક્ટને ઘણી વખત લોન્ચ કરવાને કારણે કોંગ્રેસની દુકાન તાળાં વાગવાના આરે છે. દેશની સાથે કોંગ્રેસને પણ પરિવારવાદનો માર સહન કરવો પડ્યો. તેમણે કહ્યું- આ વિપક્ષ ઘણા દાયકાઓથી સત્તામાં બેઠો હતો. એવી જ રીતે આ વિપક્ષે ઘણા દાયકાઓથી વિપક્ષમાં બેસવાનો સંકલ્પ કર્યો છે. આગામી ચૂંટણીમાં જનતાના આશીર્વાદથી તેઓ આગામી ચૂંટણીમાં દર્શક ગેલરીમાં જોવા મળશે. આ વખતે 400ને પાર કરીશું, આ વાત દેશ જ નહીં ખડગેજી પણ કહી રહ્યા છે. જનતા ચોક્કસપણે ભાજપને 370 બેઠક આપશે. હું જોઉં છું કે તમારામાંથી ઘણાએ ચૂંટણી લડવાની હિંમત ગુમાવી દીધી છે. મેં સાંભળ્યું છે કે સીટ બદલવાની તૈયારીઓ થઈ રહી છે. ઘણા લોકો લોકસભાને બદલે રાજ્યસભામાં જવાના છે. વિશ્વમાં ભારતની આર્થિક મજબૂતાઈનાં વખાણ થાય છે પોતાના સંબોધનમાં વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે વિશ્વમાં ભારતની આર્થિક મજબૂતાઈનાં વખાણ થાય છે. વિપક્ષની ખરાબ હાલત માટે કોંગ્રેસ જ જવાબદાર છે. કોંગ્રેસ એક જ પ્રોડક્ટને વાંરવાર લોન્ચ કરવાનો પ્રયત્ન કરી રહી છે. પાર્ટીના દરેક નિર્ણય પરિવાર જ લે છે અને દરેક વાતને કેન્સલ જ કરે છે.

### ત્રીજી ટર્મમાં ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી આર્થિક શક્તિ બનશે

તેમણે આગળ કહ્યું હતું, વિશ્વ ભારતની મજબૂત અર્થવ્યવસ્થાની પ્રશંસા કરી રહ્યું છે. G-20માં દુનિયાએ જોયું છે કે આખી દુનિયા ભારત વિશે શું વિચારે છે. આ 10 વર્ષના અનુભવના આધારે આ મજબૂત અર્થવ્યવસ્થાને જોતાં હું વિશ્વાસ સાથે કહી શકું છું. અમારા ત્રીજા કાર્યકાળમાં ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી આર્થિક શક્તિ બની જશે. આ મોદીની ગેરંટી છે.

### ભ્રષ્ટાચારીઓની 1 લાખ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરવામાં આવી

અમે પીએમએલએ એક્ટ હેઠળ બમણાથી વધુ કેસ નોંધ્યા છે. કોંગ્રેસના સમયમાં EDએ પાંચ હજાર કરોડની સંપત્તિ જપ્ત કરી હતી, અમારા સમયમાં એક લાખ કરોડની સંપત્તિ જપ્ત કરી હતી. નોટોનાં બંડલ પકડાય છે, આ બધું જોઈને દેશ ચોંકી ગયો છે. સાથે મોદીએ કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા તેમજ વચેટિયાઓ હવે ગરીબોને લૂંટી નહી શકે તેવો ઉલ્લેખ પણ કર્યો હતો.



### કોંગ્રેસ એક જ પરિવારમાં ફસાઇ ગઇ

તેમણે વધુમાં જણાવ્યું હતું, જો એક પરિવારમાંથી બે જણ પ્રગતિ કરે તો આવકાર્ય છે, જો 10 લોકો પ્રગતિ કરે તો આવકાર્ય છે, પરંતુ પરિવાર પાર્ટી ચલાવે છે. તેમના પુત્રને અધ્યક્ષ બનાવવાનો વિરોધ થવો જોઈએ. કોંગ્રેસ પરિવારમાં ફસાઈ ગઈ. તે દેશના કરોડો પરિવારોની આકાંક્ષાઓ અને સિદ્ધિઓ જોઈ શકતી નથી. કોંગ્રેસમાં કેન્સલ કલ્ચર વિકસ્યું છે.

**Quick Read**

### અનુરાગ ઠાકુરે હિમાચલથી અયોધ્યા ધામની પ્રથમ ટ્રેનને લીલી ઝંડી આપી

અયોધ્યા : અયોધ્યા રામ મંદિરની 22 જાન્યુઆરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રાણપ્રતિષ્ઠા કર્યા બાદ અયોધ્યા રામ મંદિરમાં ભગવાન રામના દર્શન કરવા માટે રામ ભક્તોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. દેશ-વિદેશથી અનેક રામ ભક્તો અયોધ્યા રામલલાના દર્શન કરવા જઈ રહ્યાં છે ત્યારે હિમાચલ પ્રદેશના નાગરિકો માટે કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે સોમવારે વહેલી સવારે અંદૌરાથી અયોધ્યા ધામ સુધી ચલાવવામાં આવનાર 'આસ્થા વિશેષ ટ્રેન'ને લીલી ઝંડી આપી છે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, હિમાચલ પ્રદેશની દેવભૂમિથી પ્રથમ ટ્રેન રામ ભક્તોના સમૂહ સાથે અયોધ્યા ધામ માટે રવાના થઈ છે. "વર્ષોનું સ્વપ્ન સાકાર થયું છે કારણ કે હવે રામ મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે.

### છેલ્લાં એક દાયકામાં માત્ર એક જ વ્યક્તિની વાત સાંભળી છે, હવે પરિવર્તન આવવું જોઈએ: થરૂર

જયુપર : કોંગ્રેસ નેતા શશિ થરૂરે રવિવારે પીએમ મોદી પર નિશાન સાધ્યું હતું. થરૂરે કહ્યું કે છેલ્લા 10 વર્ષમાં અમે 'I, my, myself' (મેં અને મારું) સાંભળ્યું છે. આટલા વર્ષોમાં માત્ર એક જ વ્યક્તિ વિશે વાત કરવામાં આવી છે. આ 'મેં'નું સમાધાન છે એવી લીડરશિપ તૈયાર કરવું જે પોતાનાં જ વખાણ ન કરે, પરંતુ સંપૂર્ણ વિનમ્રતા સાથે તમારી વાત પણ સાંભળે, તમારી વાત કરે, તમારી જરૂરિયાતને સમજે અને તેને પૂરા કરવાની દિશામાં કામ કરે. થરૂરએ આ વાત રવિવારે 17માં જયપુર લિટરેચર ફેસ્ટિવલમાં કહી. તેઓ અહીં ઈન્દ્રજીત રોયની પુસ્તક ઓડેશિયસ હોપ: હાઉ ટુ સેવ ડેમોક્રેસી પર ચર્ચામાં સામેલ થયા હતા.

### પન્નુએ અમેરિકામાં જનમત સંગ્રહ કરાવ્યો: ખાલિસ્તાની સમર્થકોના બે ગ્રુપ હાથાપાઈ ઉપર ઉતરી આવ્યા

વૉશિંગ્ટન : અમેરિકામાં આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુએ તાજેતરમાં ખાલિસ્તાની ચળવળને વેગ આપવા માટે જનમત સંગ્રહનું આયોજન કર્યું હતું. ભીડ એકઠી કરવા માટે આતંકવાદી પન્નુએ બે જૂથોને સામસામે કર્યા. અંતે બંને જૂથો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. લડાઈના સમાચાર મળ્યા બાદ અમેરિકન પોલીસે ચાર્જ સંભાળી લીધો અને કાર્યવાહી શરૂ કરી. આતંકવાદી સંગઠન અને શીખ ફોર જસ્ટિસ (SFJ)ના આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુ દ્વારા અમેરિકાના સાન ફ્રાન્સિસ્કોમાં આ જાહેર રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ભીડ એકઠી કરવા માટે, આતંકવાદી પન્નુએ તમામ આતંકવાદી સમર્થક સંગઠનોને ભેગા કર્યા. મેજર સિંહ નિજ્જર અને સરબજીત સિંહ સાબી જૂથો પણ પહોંચી ગયા હતા.

### રાહુલએ 200 કિલો કોલસાથી ભરેલી સાયકલ ચલાવી: કહ્યું- તેમની સમસ્યાઓ સમજી શકાતી નથી

રાંચી : ઝારખંડમાં કોંગ્રેસની ભારત જોડો ન્યાય યાત્રાનો આ ચોથો દિવસ છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ સોમવારે રામગઢના મહાત્મા ગાંધી ચોકથી પોતાની યાત્રા શરૂ કરી હતી. આ દરમિયાન રાહુલ ગાંધી સાયકલ પર કોલસા લઈને જઈ રહેલા યુવાનોને મળ્યા હતા. તેમણે 200 કિલો કોલસાથી ભરેલી સાયકલ ચલાવી અને તેનો ફોટો સોશિયલ મીડિયા પર શેર કર્યો અને લખ્યું - 200-200 કિલો કોલસો લઈને સાઈકલ પર દરરોજ 30-40 કિલોમીટરનો પ્રવાસ કરનારા આ યુવાનોની આવક માત્ર નજીવી છે. તેમની સાથે ચાલ્યા વિના, તેમનો બોજ અનુભવ્યા વિના, તેમની સમસ્યાઓ સમજી શકાતી નથી. જો આ યુવા કાર્યકરોનું જીવન ધીમુ થશે તો ભારતના નિર્માણનું પૈડું પણ થંભી જશે.

### ચંદીગઢ મેયર ચૂંટણી વિવાદ: 'સ્વાભાવિક છે કે પ્રિસાઈડિંગ ઓફિસરે બેલેટ પેપર્સ બગાડ્યા

# 'આ લોકશાહીની હત્યા છે': ચંડીગઢ મેયરની ચૂંટણીને લઈને SC લાલઘૂમ

## બેલેટ પેપર, વીડિયોગ્રાફી, અન્ય સામગ્રી સહિત ચૂંટણીપ્રક્રિયાના રેકોર્ડને સાચવવા આદેશ

નવી દિલ્હી | તા.05

સુપ્રીમ કોર્ટે મૌખિક રીતે ટિપ્પણી કરી હતી કે "તે સ્પષ્ટ છે કે ચંદીગઢના મેયરની ચૂંટણીઓ હાથ ધરનાર પ્રિસાઈડિંગ ઓફિસરે બેલેટ પેપરને બગાડ્યા હતા. ભારતના મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડે વિવાદાસ્પદ ચૂંટણીનો વીડિયો જોયા બાદ ટિપ્પણી કરી હતી "શું તે આ રીતે ચૂંટણી કરાવે છે? આ લોકશાહીની મજાક છે. આ લોકશાહીની હત્યા છે. આ માણસ પર કાર્યવાહી થવી જોઈએ," જેમાં ભાજપના ઉમેદવાર કોંગ્રેસ-આપ ગઠબંધનના 8 ઉમેદવારોના મત અમાન્ય જાહેર થયા બાદ તેમને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. CJIએ કહ્યું કે કોર્ટ પ્રિસાઈડિંગ ઓફિસરની વર્તણૂક જોઈને "ભયભીત" છે. CJIએ વીડિયો જોયા પછી કહ્યું "તે કેમ કેમેરા તરફ જોઈ રહ્યો છે અને ભાગેડુની જેમ ભાગી રહ્યો છે?" ભારતના ચીફ જસ્ટિસ ડીવાય



ચંદ્રચુડ, જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બનેલી બેંચ AAP કાઉન્સિલર કુલદીપ કુમાર (પરાજીત મેયર ઉમેદવાર) દ્વારા દાખલ કરાયેલી અરજી પર સુનાવણી કરી રહી હતી જેમાં પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના તાત્કાલિક ચૂંટણી પર સ્ટે આપવાના ઈનકારને પડકારવામાં આવ્યો હતો. કુમારની અરજી પર નોટિસ જારી કરીને, કોર્ટે નિર્દેશ આપ્યો કે ચંદીગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનની આગામી 7 ફેબ્રુઆરીએ યોજાનારી બેઠક મોકૂફ રાખવામાં આવે. કોર્ટે આદેશ આપ્યો હતો કે મેયરની ચૂંટણીનો સમગ્ર રેકોર્ડ જપ્ત કરવામાં આવે અને પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલ પાસે રાખવામાં આવે અને મતપત્રકો અને વીડિયોગ્રાફી સાચવવામાં આવે. ચંદીગઢ યુટીના ડેપ્યુટી કમિશનર, જેમની પાસે હાલમાં રેકોર્ડ્સ છે, તેમણે આજે સાંજે 5 વાગ્યા સુધીમાં તેમને HC રજિસ્ટ્રાર જનરલને સોંપવા જોઈએ. અરજદાર તરફથી હાજર રહેલા વરિષ્ઠ એડવોકેટ ડો. અભિષેક મનુ સિંઘવીએ રજૂઆત કરી હતી કે ભાજપના ઉમેદવારને પ્રિસાઈડિંગ ઓફિસર તરીકે પસંદ કરવામાં આવ્યો હતો અને તેણે કોંગ્રેસ-આપ કાઉન્સિલરોના આઠ બેલેટ પેપરને જાણી જોઈને અમાન્ય ઠેરવીને પક્ષપાતી રીતે કામ કર્યું હતું.

## ચૂંટણી રેલી...પોસ્ટરોથી બાળકોને દૂર રાખો: ચૂંટણી પંચની કડક ગાઇડલાઇન જાહેર

- પ્રચારમાં ક્યાંય બાળકો ના જોઈએ, તેમને તેડવાના કે ગાડીમાં બેસાડવાના પણ નહીં




નવી દિલ્હી | તા.05

લોકસભા ચૂંટણી પહેલાં ચૂંટણીપંચે સોમવારે 5 ફેબ્રુઆરીએ તમામ રાજકીય પક્ષોને ચૂંટણીપ્રચારમાં બાળકોનો કોઈપણ રીતે ઉપયોગ ન કરવાની સલાહ આપી છે. પક્ષોને મોકલવામાં આવેલી એડવાઈઝરીમાં ચૂંટણી પેનલે ચૂંટણીપ્રક્રિયા દરમિયાન બાળકોને પોસ્ટર અને પેમ્ફલેટનું વિતરણ કરવા, સૂત્રોચ્ચાર કરવા માટે પક્ષો ને ઉમેદવારો પ્રત્યે ઝીરો ટોલરેન્સ જાહેર કરી છે. કમિશને કહ્યું હતું કે રાજકીય નેતાઓ અને ઉમેદવારોએ ચૂંટણીપ્રચાર દરમિયાન બાળકોને તેડશો નહીં, ગાડીઓમાં પણ લઈ જઈ શકશે નહીં કે પછી રેલીઓમાં પણ સામેલ ન કરે. બાળકો તરફથી કવિતાઓ અને પ્રવચનો વાંચવા પર પ્રતિબંધ રહેશે ચૂંટણીપંચે એક નિવેદનમાં જણાવ્યું હતું કે કવિતા, ગીત, બોલચાલના શબ્દો, રાજકીય પક્ષ અથવા ઉમેદવારના ચૂંટણીચિહ્નનો ઉપયોગ સિવાય અન્ય કોઈપણ રીતે રાજકીય અભિયાનની છાપ ઊભી કરવા બાળકોના ઉપયોગ પર પ્રતિબંધ લાગુ થશે. જોકે જો બાળકનાં માતા-પિતા અથવા વાલીઓ રાજકારણીની નજીક હોય અને તેઓ બાળકને પોતાની સાથે લઈ જાય, તો એ માર્ગદર્શિકાનું ઉલ્લંઘન માનવામાં આવશે નહીં, જોકે તેઓ તેમના પક્ષના ચૂંટણીપ્રચારમાં સામેલ ન હોય.

**રાજકીય પક્ષોએ મંજૂરી આપવી જોઈએ નહીં**

માર્ગદર્શિકામાં બોમ્બે હાઈકોર્ટના નિર્ણયને ટાંકીને પંચે કહ્યું હતું કે સુધારેલા અધિનિયમ, 2016 એ સુનિશ્ચિત કરવું જોઈએ કે તમામ રાજકીય પક્ષો ચૂંટણીપ્રચારમાં બાળકોને સામેલ ન કરે અને પક્ષો તેમના ઉમેદવારોને આની મંજૂરી ન આપે. જો બાળકો પ્રચાર કરતાં પકડાય તો શું પગલાં લેવાશે એની માહિતી આપતાં પંચે કહ્યું હતું કે તમામ રાજકીય પક્ષો અને ઉમેદવારોએ બાળમજૂરી (પ્રતિબંધ અને નિયમન) દ્વારા સંશોધિત અધિનિયમ, 1986નું કડક પાલન કરવું જોઈએ.

### 'પ્લેસેસ ઓફ વર્શિપ એક્ટ' નાબૂદ કરવા ભાજપની માંગ

નવી દિલ્હી | તા.05

ભાજપના રાજ્યસભા સાંસદ હરનાથ સિંહે 'પ્લેસેસ ઓફ વર્શિપ એક્ટ'ને નાબૂદ કરવાની માંગ કરી છે. જ્ઞાનવાપી કેસ બાદ ઘણા નેતાઓ કહી રહ્યા છે કે, 'પ્લેસેસ ઓફ વર્શિપ એક્ટ'નું પાલન થવું જોઈએ. આ એક્ટ મુજબ કોઈ પણ ધાર્મિક સ્થળને અન્ય ધર્મસ્થળમાં પરિવર્તિત કરી શકાતો નથી અને જો તેનું ઉલ્લંઘન કરવામાં આવે તો દંડ અને સજાની પણ જોગવાઈ છે. તત્કાલીન કોંગ્રેસ સરકાર રામ મંદિર આંદોલનને ધ્યાને રાખી 1991માં આ કાયદો લાવી હતી. 'પ્લેસેસ ઓફ વર્શિપ એક્ટ' શું છે ? કોંગ્રેસ (Congress)ની તત્કાલીન નરસિમ્હા રાવ સરકારે રામ મંદિર આંદોલનને ધ્યાને રાખી 1991માં 'પ્લેસેસ ઓફ વર્શિપ એક્ટ' લાગુ કર્યો હતો. એક્ટના નિયમો મુજબ 15 ઓગસ્ટ-1947 પહેલા બનેલા કોઈપણ ધાર્મિક સ્થળને અન્ય ધર્મસ્થળમાં પરિવર્તિત ન કરી શકાય. આ ઉપરાંત જો કોઈના દ્વારા ધાર્મિક સ્થળમાં ફેરફાર કરી તેનું મૂળ સ્વરૂપ બદલવા ઈચ્છે તો તેને ત્રણ વર્ષની કેદ અને દંડ થઈ શકે છે. દેશમાં મથુરા, કાશી સહિતના ધાર્મિક સ્થળો પર હિન્દુ અને મુસ્લિમોના માલિકી હક્કના વિવાદને અટકાવવા 'પૂજા સ્થળ અધિનિયમ 1991' કાયદો લવાયો હતો.

### કાશી-મથુરા છોડી દો, બીજી મસ્જીદ છોડી દેશે હિંદુઓ: કોષાધ્યક્ષ ગોવિંદ દેવ ગિરી

અયોધ્યા | તા.05

અયોધ્યા બાદ હવે કાશી અને મથુરામાં હિન્દુઓના 'મૂળ સ્થાનો'ની માંગણી વધી ગઈ છે. આ બંને જગ્યાઓ અંગેનો કેસ કોર્ટમાં ચાલી રહ્યો છે. દરમિયાન, શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રના કોષાધ્યક્ષ ગોવિંદ દેવ ગિરી મહારાજે જણાવ્યું હતું કે અયોધ્યા બાદ જો કાશી અને મથુરા શાંતિપૂર્ણ રીતે આઝાદ થાય તો હિંદુ સમુદાય વિદેશી આક્રમણકારો દ્વારા નષ્ટ કરાયેલા અન્ય તમામ મંદિરો સંબંધિત મુદ્દાઓને ભૂલી જશે. તેમણે કહ્યું કે વિદેશી હુમલામાં 3500 હિંદુ મંદિરો નષ્ટ થઈ ગયા. ગોવિંદ દેવ ગિરી મહારાજે પૂણેના આલંદીમાં આ વાત કહી. તેમના 75માં જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે અહીં 4 થી 11 ફેબ્રુઆરી દરમિયાન વિવિધ ધાર્મિક



કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમોમાં આરએસએસના વડા મોહન ભાગવત અને શ્રી શ્રી રવિશંકર સહિત અન્ય લોકો હાજરી આપશે. મુસ્લિમ સમુદાયને આ મુદ્દાના શાંતિપૂર્ણ ઉકેલની તેમની માંગને સમર્થન આપવા વિનંતી કરી.

ગોવિંદ દેવ ગિરી મહારાજે કહ્યું, "જો આ ત્રણ મંદિરો મુક્ત થાય છે, તો આપણે અન્ય (મસ્જિદો) તરફ જોવાની ઈચ્છા પણ નથી કરતા, કારણ કે આપણે ભૂતકાળમાં નહીં, ભવિષ્યમાં જીવવાનું છે.

### પૈગામ એ મહોબ્બત હૈ: વડાપ્રધાન મોદીને મળવા પહોંચ્યા ધર્મગુરુ, બોલ્યા- 'દુનિયાને જાણ થાય કે ભારત એક છે'...



વિભિન્ન ધર્મોના ધર્મગુરુ વડાપ્રધાન મોદી અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ સાથે મુલાકાત કરવા માટે સંસદ ભવનમાં પહોંચ્યા હતા. ધર્મગુરુ સંસદની કાર્યવાહી પણ જોશે. ઓલ ઈન્ડિયા ઈમામ ઓર્ગેનાઈઝેશનના મુખિયા ઈમામ ઉમેર અહમદ ઈલિયાસીએ કહ્યું કે, 'પૈગામ એ મહોબ્બત હૈ, પૈગામ દેશ છે.' આજે અમે વડાપ્રધાન સાથે મુલાકાત કરીશું. સૂદે કહ્યું કે, ઈન્ડિયન માઈનોરિટી ઓર્ગેનાઈઝેશન વિભિન્ન ધર્મગુરુઓ સાથે સંસદ પહોંચી છે. તેઓ ઈચ્છે છે કે, દુનિયાને જાણ થાય કે, ભારત એક છે.

### અમિત શાહે નીતિશ કુમાર માટે દરવાજો જ બંધ કર્યો હતો આંકડી લગાવવાનું તો ભૂલી ગયા હતા: પ્રશાંત કિશોર

નવી દિલ્હી | તા.05

ચૂંટણી રણનીતિકાર તરીકે ખ્યાતનામ બની ગયેલા પ્રશાંત કિશોરે બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમાર અને અમિત શાહ પર કટાક્ષ કર્યો છે. પ્રશાંત કિશોરે કહ્યું કે, નીતીશ કુમાર પલટુરામ છે એ તો બિહારનું એક-એક બાળક જાણે છે પરંતુ હમણા થોડા દિવસો પહેલા જે ઘટના ઘટી તેનાથી એ પણ સાબિત થઈ ગયુ છે કે, વડાપ્રધાન મોદી અને અમિત શાહ પણ એટલા જ મોટા પલટુરામ છે. બિહારમાં થોડા મહિના પહેલા અમિત શાહે એક રેલીને સંબોધિત કરતા કહ્યું હતું એક બિહાર વાસીઓ કાન ખોલીને સાંભળી લો કે નીતિશ કુમાર માટે ભાજપના દરવાજા હંમેશા માટે બંધ થઈ ચૂક્યા છે. પરંતુ હવે હાલમાં એ



મજાક થઈ રહી છે કે, અમિત શાહે દરવાજો તો બંધ કરી દીધો હતો પણ આંકડી લગાવવાનું ભૂલી ગયા હતા. પ્રશાંત કિશોરે તેજસ્વી યાદવ પર પણ પ્રહાર કર્યા. તેમણે કહ્યું કે જ્યારે તેજસ્વી યાદવ વિપક્ષમાં હોય છે ત્યારે તેમને દારૂમાં માફિયાગિરી નજર આવે છે પરંતુ નીતીશ સાથે ડેપ્યુટી સીએમ બનતા જ તેમને પોતાનો રાજકીય ગુરુ બનાવી લે છે.

### સીએમ ચંપઈ સોરેને વિધાનસભામાં વિશ્વાસનો મત રજૂ કર્યો

## ચંપઈ ફ્લોર ટેસ્ટમાં પાસ: સમર્થનમાં 47 અને વિરોધમાં 29 ધારાસભ્ય, ભાજપ, જેએમએમ અને અપક્ષના એક-એક MLA ગેરહાજર

રાંચી | તા.05

ઝારખંડમાં છેલ્લા અઠવાડિયાથી ચાલતા રાજકીય ડ્રામાનો અંત આવ્યો છે. ઝારખંડના નવનિયુક્ત મુખ્યમંત્રી ચંપઈ સોરેને વિધાનસભામાં ફ્લોર ટેસ્ટ પાસ કરી દીધો છે. 5 ફેબ્રુઆરીએ બપોરે 2 વાગ્યે વોટિંગ થયું હતું, જેમાં ચંપઈ સરકારને સમર્થનમાં 47 વોટ મળ્યા છે જ્યારે વિપક્ષને કુલ 29 વોટ મળ્યા છે. ઝારખંડની નવી સરકારે આજે વિધાનસભામાં વિશ્વાસ પ્રસ્તાવ પાસ કરી લીધો છે. આ દરમિયાન પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેને



ગૃહમાં કહ્યું હતું કે લાગે છે કે મારી ધરપકડમાં રાજભવન પણ સામેલ છે. અગાઉ હેમંત સોરેનની ED દ્વારા 31 જાન્યુઆરીએ જમીન કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. જે બાદ ચંપાઈ સોરેનને JMMના ધારાસભ્ય દળના નેતા તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. ચંપાઈ સોરેને ગયા શુક્રવારે રાજભવનમાં મુખ્યમંત્રી પદના શપથ લીધા હતા જે બાદ આજે ચંપાઈ સરકારે વિધાનસભામાં બહુમતી મેળવી છે. ફ્લોર ટેસ્ટ પહેલા ઝારખંડ મુક્તિ મોરચા (JMM) એ 47 ધારાસભ્યોના સમર્થનનો દાવો કર્યો છે. આ દરમિયાન, હેમંત સોરેનની અરજી અંગે ઝારખંડ હાઈકોર્ટમાં સુનાવણી થઈ હતી.

## રાજસ્થાન વિધાનસભાના વર્તમાન અધ્યક્ષ વાસુદેવ દેવનાનીએ 15મી ગુજરાત વિધાનસભાના હાલ ચાલી રહેલા ચોથા સત્રમાં વિધાનસભા ગૃહની મુલાકાતે



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ : રામ મંદિર નિર્માણ અને રામચંદ્ર ભગવાનની ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન આપતો સંકલ્પ - ઠરાવ ગુજરાત વિધાનસભામાં સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો તે અવસરના તેઓ સાક્ષી બન્યા હતા. તેમણે ગુજરાત વિધાન સભા ની NEVA કામગીરી જોઈને તેની પ્રસંશા કરી હતી. વિધાનસભા ગૃહના નેતા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી, ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડ તથા રાજ્યમંત્રી મંડળનાં મંત્રીઓ સાથે પણ રાજસ્થાન વિધાનસભાના અધ્યક્ષ વાસુદેવ દેવનાનીએ શુભેચ્છા મૂલાકાત કરી હતી.

# મુખ્યમંત્રીએ રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા કરાવીને કરોડો હિન્દુઓની આસ્થા અને શ્રદ્ધાને વધુ બળવત્તર કરવા બદલ વડાપ્રધાનને અભિનંદન પાઠવતો સંકલ્પ પ્રસ્તાવ વિધાનસભા ગૃહમાં રજૂ કર્યો

### સદીઓથી લાખો સંસ્કૃતિ ભક્તોએ બલિદાનો આપ્યા તેના પરિણામે આપણે બંધારણીય માર્ગે અયોધ્યામાં રામમંદિરનું પુનર્નિમાણ કરી શક્યા છીએ તે એક સુદીર્ઘ ચાલેલા જનજાગૃતિના મહાઅભિયાનનું પરિણામ છે

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

મુખ્યમંત્રીએ આનંદ અને ગૌરવની લાગણી સાથે ઐતિહાસિક ઠરાવ રજૂ કરતા કહ્યું હતું કે, ૫૦૦થી વધુ વર્ષથી પ્રતીક્ષા કરનાર ભક્તિમય હિન્દુ સમાજ એક દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાનને કારણે રામલલ્લાને અયોધ્યામાં ભવ્ય મંદિરમાં પ્રતિષ્ઠિત કરી શક્યો છે. ૨૨મી એ અભિજીત મુહૂર્તમાં ગુજરાતના જ સુપુત્ર અને આ સભાગૃહના ભૂતપૂર્વ નેતા નરેન્દ્રભાઈ મોદીએ રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા કરી હતી ત્યારે ગુજરાતની પ્રજા એ ક્ષણે ભાવવિભોર બની ગઈ હતી તેમજ ગુજરાતીઓ માટે ગૌરવ અને સન્માન વધારનારી ક્ષણ હતી તેનો પણ મુખ્યમંત્રીએ ઉલ્લેખ કર્યો હતો. તેમણે વધુમાં કહ્યું હતું કે, સદીઓથી લાખો સંસ્કૃતિ ભક્તોએ બલિદાનો આપ્યા તેના પરિણામે આપણે બંધારણીય માર્ગે અયોધ્યામાં રામમંદિરનું પુનર્નિમાણ કરી શક્યા છીએ તે એક સુદીર્ઘ ચાલેલા જનજાગૃતિના મહાઅભિયાનનું પરિણામ છે. આ સમગ્ર કાળખંડમાં ત્યાગ અને બલિદાનની પરંપરા રચનારા સૌ રામભક્તોનું આ વેળાએ



આદરપૂર્વક સ્મરણ કર્યું હતું. મુખ્યમંત્રીએ ગૃહમાં કહ્યું હતું કે, નરેન્દ્રભાઈ ૧૪૦ કરોડ ભારતવાસીઓના શ્રદ્ધાકેન્દ્ર એવા રામલલ્લાના પરમ ભક્ત છે, ભારતની શાશ્વત અને શ્રેષ્ઠ ભારતીય સંસ્કૃતિના નરેન્દ્રભાઈ એક મનીષિ કહી શકાય એવા પ્રતિનિધિ છે. જ્યારે અયોધ્યા તીર્થધામમાં પ્રાણ પ્રતિષ્ઠા કરવા માટે આવશ્યક એવી તપશ્ચર્યા કરવાની હતી અને વ્રત રાખવાનું હતું, તે પણ માનનીય નરેન્દ્રભાઈ મોદીએ એક તપસ્વી ઋષિની જેમ ત્રણ દિવસને બદલે ૧૧ દિવસ તપશ્ચર્યા કરી હતી. તેમની આ સંસ્કૃતિભક્તિ અને ભક્તિપરાયણતાથી ભારતના કરોડો લોકો શ્રધ્ધા અને ભક્તિથી ગૌરવ અનુભવે છે એમ જણાવ્યું હતું.

મુખ્યમંત્રીએ ગૃહ સમક્ષ પ્રજાપાલક રાજાધિરાજ રામની પૂજા-અર્ચના કરીને વડાપ્રધાનએ ગુજરાતની પ્રજાને ગૌરવ અપાવ્યું છે તેના માટે પ્રજાના પ્રતિનિધિઓ તરીકે હર્ષ અને ગૌરવની લાગણી અભિવ્યક્ત કરવાની ઘડી ગણાવી હતી. ગુજરાત વિધાનસભા નરેન્દ્રભાઈ મોદીને આ સહસ્રાબ્દીઓ સુધી યાદ રહે તેવું ઐતિહાસિક સાંસ્કૃતિક દાયિત્વ નિભાવવા બદલ અભિનંદન પાઠવે છે. માનનીય નરેન્દ્રભાઈ માટે ગૌરવ અનુભવતું આપણું આ સભાગૃહ નરેન્દ્રભાઈના કઠોર વ્રત, ભક્તિ અને શ્રદ્ધા દ્વારા સમગ્ર દેશના લોકોને આનંદ અને ગૌરવ બક્ષવા બદલ ધન્યવાદ પાઠવે છે. ભારતીય સંસ્કૃતિના જ્યોતિર્ધર વડાપ્રધાન નરેન્દ્રભાઈ આ સભાગૃહના સન્માનનીય નેતા હતા તેનું પૂરી વિનમ્રતાથી સ્મરણ કરી આ ઠરાવ ગૃહ સમક્ષ મૂક્યો હતો. મુખ્યમંત્રીએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન પાઠવતો આ સંકલ્પ રજૂ કરતા કહ્યું હતું કે, અયોધ્યામાં રામ મંદિર અને રામચંદ્ર ભગવાનની ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠાના સાક્ષી બનવાનું સૌભાગ્ય વિશ્વનેતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અપાવ્યું છે. તેમણે ભગવાન રામચંદ્રજી અને અયોધ્યા નગરીની પુરાતન ભવ્યતા અને ઈતિહાસનો અંદાજ વર્તમાન અને આવનારી પેઢીને આવે તે માટે ગૃહમાં ઐતિહાસિક અયોધ્યાનગરીના ઈતિહાસનો ઉલ્લેખ કર્યો હતો. આ અંગે તેમણે કહ્યું કે, ઈક્ષ્વાકુ વંશના ૬૫માં વંશજ પ્રભુ રામના જીવનની કથા ભારતભૂમિના પ્રત્યેક ઘરમાં જાણીતી છે. રામચંદ્રજીની આ અયોધ્યા નગરી મૂળ રૂપે મંદિરોની નગરી હતી. મુખ્યમંત્રીએ ભગવાન આદિનાથ સહિત પાંચ તીર્થંકરોનો તેમજ અસંખ્ય ધર્મપ્રેમી રાજા તથા સંતોએ અયોધ્યાની ભૂમિ પર જન્મ લીધો હતો તેનો ઉલ્લેખ કર્યો હતો. ઉપરાંત ભગવાન બુદ્ધ અયોધ્યાની ભૂમિ ઉપર મહિનાઓ સુધી રહ્યા હતા અને મહર્ષિ વાલ્મિકીએ તો અયોધ્યાની તુલના ઈન્દ્રલોક સાથે કરી છે તે અંગે પણ જણાવ્યું હતું. મુખ્યમંમંત્રીએ ઈતિહાસનો હવાલો આપતા કહ્યું હતું કે, અહીં વિક્રમાદિત્યએ કાળા પથ્થરના ૮૪ સ્તંભો ધરાવતું પ્રથમ મંદિર નિર્માણ કરાવ્યું હતું.

### વિશ્વ ગુરુ બનવા માટે છેવાડાના માનવીના શિક્ષણ અને આરોગ્યની ચિંતા કરવામાં આવે તે જરૂરી છે: ઉમેશ મકવાણા

# જો ભાજપ સરકાર જાણવા માંગતી હોય કે રામરાજ્ય કોને કહેવાય તો તેઓ દિલ્હીની મુલાકાત લઈ શકે છે: ઉમેશ મકવાણા

અમદાવાદ/બોટાદ/રાજકોટ/ગુજરાત

આમ આદમી પાર્ટીના બોટાદ વિધાનસભાના ધારાસભ્ય ઉમેશભાઈ મકવાણા અને ગારીયાધાર વિધાનસભાના ધારાસભ્ય સુધીરભાઈ વાઘાણીએ વિધાનસભા ખાતે એક પત્રકાર પરિષદ યોજી હતી. ધારાસભ્ય ઉમેશભાઈ મકવાણાએ પત્રકાર પરિષદમાં પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા આજે રામ મંદિર નિર્માણના અભિનંદનનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો. આમ આદમી પાર્ટી દ્વારા આ પ્રસ્તાવને સંપૂર્ણપણે સમર્થન આપવામાં આવ્યું છે અને સાથે સાથે ગૃહમાં ઘણા સૂચનો પણ આપવામાં આવ્યા છે. જેમાં



મંદિરની સાથે સાથે દેશને સારી શિક્ષણ વ્યવસ્થા પણ મળી રહે અને સારી આરોગ્ય વ્યવસ્થા મળી રહે તે માટેના સૂચનો પણ કરવામાં આવ્યા હતા. ફક્ત મંદિર બનાવવાથી દેશ વિશ્વ ગુરુ નહીં બની શકે પરંતુ વિશ્વ ગુરુ બનવા માટે છેવાડાના માનવીના શિક્ષણ અને આરોગ્યની ચિંતા કરવામાં આવે તે જરૂરી છે. સાચું રામરાજ્ય ત્યારે સ્થપાય છે જ્યારે નાનામાં નાનો માણસ સુખી હોય. આજે ગુજરાતમાં હજારો બેરોજગારો પોતાના હક માટે લડાઈ લડી રહ્યા છે. રાજકોટમાં પીજીવીસીએલની કચેરી સામે બે ત્રણ દિવસથી યુવાનો આંદોલન કરી રહ્યા છે. આમ આદમી પાર્ટીની માંગ છે કે સરકાર દ્વારા આંદોલન કરતાં યુવાનોની માંગણીઓને તાત્કાલિક સ્વીકારવામાં આવે. સરકાર તાત્કાલિક આ મુદ્દા પર હસ્તક્ષેપ કરે અને પ્રતીક્ષા યાદીની સમય વિધિમાં વધારો કરવામાં આવે તથા ખાલી જગ્યાઓ તાત્કાલિક ધોરણે ભરવામાં આવે. સાચું રામરાજ્ય જેને કહેવાય તેના પર કેન્દ્ર કે ગુજરાત સરકાર દ્વારા કોઈ અમલીકરણ કરવામાં આવ્યું નથી. ખરેખર જો તેઓ જાણવા માગતા હોય કે રામરાજ્ય શેને કહેવાય તો તેઓ દિલ્હીની મુલાકાત લઈ શકે છે. આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલજીએ સંકલ્પ લીધો છે કે નાનામાં નાના માણસનો બાળક મફતમાં શિક્ષણ લઈ શકે અને તમામ લોકો સારું આરોગ્ય લઈ શકે. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનજીએ 300 યુનિટ વીજળી ફ્રી કરી છે અને અનેક મહોલ્લા ક્લિનિક બનાવી દીધા છે, આ પ્રકારના કામોને રામરાજ્ય કહી શકાય. રામરાજ્યની સ્થાપના માટે છેવાડાના માણસનો વિકાસ કરવો ખૂબ જ જરૂરી છે.

# વિધાનસભામાં 'આપ' દ્વારા રામ મંદિરના નિર્માણના અભિનંદન પ્રસ્તાવને સમર્થન આપવામાં આવ્યું

### સુપ્રીમ કોર્ટ દ્વારા ચુકાદો આપીને વર્ષોથી ચાલતા વિવાદનું નિવારણ લાવવામાં આવ્યું છે અને રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા પણ થઈ ગઈ છે, તેને અમે વધાવીએ છીએ, માટે સરકારના આજના પ્રસ્તાવને અમે સમર્થન આપીએ છીએ: ચૈતર વસાવા

અમદાવાદ/ભરૂચ/નર્મદા/બોટાદ/ગુજરાત

ગુજરાત સરકાર દ્વારા વિધાનસભામાં રામ મંદિર નિર્માણના અભિનંદનનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો અને આમ આદમી પાર્ટી દ્વારા આ પ્રસ્તાવને સમર્થન આપવામાં આવ્યું. આ દરમિયાન આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય અને આદિવાસી સમાજના લોકપ્રિય નેતા ચૈતરભાઈ વસાવાએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે ગુજરાત સરકાર દ્વારા રામ મંદિર નિર્માણના અભિનંદનનો પ્રસ્તાવ લાવવામાં આવ્યો છે અને આમ આદમી પાર્ટીના તમામ ધારાસભ્યોનું આ પ્રસ્તાવને સમર્થન છે. ઘણા વર્ષોથી જે વિવાદ ચાલી રહ્યો હતો અને નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા ચુકાદો આપીને આ વિવાદનું નિવારણ લાવવામાં આવ્યું છે અને રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા પણ થઈ ગઈ છે, તેને અમે વધાવીએ છીએ. માટે સરકારના આજના પ્રસ્તાવને અમે સમર્થન આપીએ છીએ.

ત્યારબાદ આમ આદમી પાર્ટીના બોટાદ વિધાનસભાના ધારાસભ્ય ઉમેશભાઈ મકવાણાએ પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે રામ મંદિર નિર્માણના અભિનંદન પ્રસ્તાવને આમ આદમી પાર્ટી ચોક્કસપણે સમર્થન આપી રહી છે. કારણ કે અયોધ્યામાં ભગવાન શ્રીરામનું મંદિર બનાવવામાં આવ્યું, તે સમગ્ર દેશ માટે એક ખુશીની બાબત છે. આ સાથે અમારી એવી પણ માંગણી છે કે અયોધ્યામાં એક સરકારી યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવે અને એક એઈમ્સ હોસ્પિટલની પણ સ્થાપના કરવામાં આવે.

### જાફરાબાદ નવા બ્રિજ ઉપર ટ્રાફિક જામ કરતા અકસ્માત સર્જાયો

# ક્રિકેટ રમતા લોકોને જોવા લોકો ઊભા રહી ટુ વ્હીલર અને બોલેરો અથડાતાં અકસ્માત

કિશોર આર. સોલંકી-જાફરાબાદ

જાફરાબાદ ના નવા બ્રિજ ઉપર સજાર્યો અકસ્માત ટુ વ્હીલર અને બોલેરો એક્ટિવા હાંકતા યુવાન નો થયો અકસ્માત યુવક ને તાત્કાલિક સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો ત્યાં સારવાર આપી વધુ સારવાર માટે રાજુલા ખેડવામાં આવ્યો સ્થાનિક પોલીસ સ્થળ ઉપર હાજર પરંતુ નવા બ્રિજ ના રોડ ઉપર વગર પરમિશન વિના આડું કરેલ દોરડું ખેંચીને લઈ ગયા હતા આ અકસ્માત થતાં લોકો ના ટોળા સ્થળ ઉપર જોવા મળ્યા આ નવા બ્રિજ ઉપર થતાં અકસ્માતો રોકવા માટે ટ્રાફિક પોલીસ ધ્યાન આપશે ? નવા બ્રિજ ઉપરથી થતાં અકસ્માતો નવા બ્રિજ ઉપરથી સર્જાયો ટ્રાફિક નવા બ્રિજ નીચે



આવેલ દરિયાઈ ખાંડી ની બાજુમાં ક્રિકેટ ગ્રાઉન્ડ બનાવી ટ્રાફિક જામ કરતા તત્વો કોઈ પણ પરમિશન લીધા વિના દોરડું આડું કરી વાહનો જતા અટકાવતા અકસ્માત ક્રિકેટ જોવા માટે લોકો નવા પુલ ઉપર ટુ વ્હીલરો રાખી ટ્રાફિક જામ કરી નાગરિકો ના જીવન નું જોખમ ઉભું કરી રહ્યા છે. શું આ બાબતે ટ્રાફિક પોલીસ શું કરી રહી છે ? નવા બ્રિજ ઉપરથી વાહનોની અવરજવર રહેતી હોય તેવામાં ક્રિકેટ નવા બ્રિજ ની રેલીંગ તોડી ક્રિકેટ ગ્રાઉન્ડ તરફ ટુ વ્હીલર અંદર જતા હોય તેવામાં પસાર થતા ટ્રકો તથા ફોરવ્હિલર ટુવ્હિલર સામે પણ અથડાતાં હોય છે. તેમજ આ ક્રિકેટ ગ્રાઉન્ડ નવા બ્રિજ નીચે હોય તે જોવા માટે લોકો મોટી સંખ્યામાં નવા બ્રિજ ઉપર ટ્રાફિક જામ કરતા હોય અને આ નવા બ્રિજ ઉપરથી વિધાર્થીઓ તથા મહિલાઓ વૃદ્ધો તેમજ પેસેન્જર રિક્ષાઓ મુસાફર આ નવા બ્રિજ ઉપરથી પસાર થતા હોય છે.

### અમદાવાદ જિલ્લામાં ફેબ્રુઆરી માસનો તાલુકા અને જિલ્લા કક્ષાનો 'સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' યોજાશે

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

રાજ્ય સરકાર દ્વારા લોક ફરિયાદોનું સમયસર અને અસરકારક નિવારણ થાય તે માટે 'સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવે છે. જેના ભાગરૂપે રાજ્યના તમામ જિલ્લા અને તાલુકા કક્ષાએ દર મહિને સ્વાગત કાર્યક્રમ યોજવામાં આવે છે. આ અંતર્ગત અમદાવાદ જિલ્લામાં પણ ફેબ્રુઆરી મહિનાનો તાલુકા અને જિલ્લા કક્ષાનો 'સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' યોજાશે. આગામી તા. 21/02/24ના રોજ તાલુકા કક્ષાનો તથા તા. 22/02/24ના રોજ જિલ્લા કક્ષાનો 'સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' યોજાશે. આ સ્વાગત કાર્યક્રમ થકી અરજદારોના પ્રશ્નોનું ત્વરિત હકારાત્મક રીતે નિવારણ કરવામાં આવશે.

# સ્માર્ટ ફૂડ ગ્રેઇન સ્ટોરેજ સિસ્ટમ વિકસિત ભારત @2047ની નવીનતા, વિજ્ઞાન અને ટેકનોલોજી થીમ તરફના એક પગલા તરીકે ઉદ્યોગમાં સ્થાનાંતરિત કરવામાં આવી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

આઈઆઈઆઈટી-દિલ્હી ખાતે આયોજિત 'ડિજિટલ ઈન્ડિયા ફ્યુચરલેબ્સ સમિટ 2024'ના શુભારંભ કાર્યક્રમ દરમિયાન સ્માર્ટ ફૂડ ગ્રેઈન સ્ટોરેજ સિસ્ટમ (SAFEETY) માટેની ટેકનોલોજી, જેમાં ટ્રેસેબિલિટી, ઓનલાઈન વજન અને ભેજના માપન માટે આરએફઆઈડી ધરાવતી અનાજની થેલીઓનું કન્વેયરાઈઝ્ડ લોડિંગ અને અનલોડિંગ સામેલ છે, જેમાં રેડિયો ફ્રિકવન્સી આધારિત અનાજમાંથી ભેજ દૂર કરવા સાથે રેડિયો ફ્રિકવન્સી આધારિત રિમૂવલ ઓફ મોઈશ્ચરને એમઈઆઈટીવાયના નેજા હેઠળ




SAMEER (સમીર) દ્વારા વિકસાવવામાં આવી છે. સિસ્ટમના ઉત્પાદન અને પુરવઠા માટે આ ટેકનોલોજી મેસર્સ પારસ ડિફેન્સ એન્ડ સ્પેસ ટેકનોલોજી લિમિટેડને હસ્તાંતરિત કરવામાં આવી છે.

આ સિસ્ટમ 40 મિનિટમાં લગભગ એક ટ્રકલોડ (આશરે વજન: 28 ટન) અનાજને સંભાળવાની ક્ષમતા ધરાવે છે. ટેકનોલોજી હસ્તાંતરિત દસ્તાવેજોનું આદાન-પ્રદાન ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી, કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા તથા જલ શક્તિ રાજ્ય મંત્રી રાજીવ ચંદ્રશેખર, સુનિતા વર્મા, ઈએન્ડઆઈટીમાં જીસી સંશોધન અને વિકાસ; ડૉ. પી. એચ. રાવ, ડીજી-સમીર; રાજેશ હર્ષ, સીઆઈ, સમીર, મુંબઈ; ડો. ઓમ કૃષ્ણસિંહ, વૈજ્ઞાનિક 'ડી', મેઈટી; અમિત મહાજન, ડિરેક્ટર પારસ ડિફેન્સ એન્ડ સ્પેસ ટેકનોલોજીસ લિમિટેડ તથા સરકારમાં વરિષ્ઠ અધિકારીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

**JM FINANCIAL** | જે એમ ફાઈનાન્સિયલ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ

CIN:- U67190MH2007PLC74287

રજિસ્ટર્ડ ઓફિસ સરનામું :- 7 મો માળ, સેનર્જી, અપ્પાસાહેબ મરાઠે માર્ગ, પ્રભાદેવી, મુંબઈ 400025.

સંપર્ક વ્યક્તિ :- 1.જવલ બેલાની - 9825263665 2.વિશાલ કેટલે - 9584966653 3.જ્યોતિ સાવંત - 022-62241676

વેબસાઈટ :- www.jmfinancialarc.com

**ઈ-ઓક્શન સેલ નોટિસ - અનુગામી વેચાણ**

પિરામલ કેપિટલ અને હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ (અગાઉ દીવાન હાઉસિંગ એન્ડ ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડ તરીકે ઓળખાતું હતું) એ કલમ 5 હેઠળ તેના પરના તમામ હકો, શીર્ષક અને વ્યાજ સાથે તેના પર બનાવેલ અંતર્ગત સુરક્ષા વ્યાજ સાથે લોનનો એક પૂલ (નીચે દર્શાવેલ લોન સહિત) સોંપ્યો છે. JMFARC (JM) ની તરફેણમાં તારીખ 29-03-2023 ના અસાઈનમેન્ટ કરાર દ્વારા (1)(b) નાણાકીય અસ્કયામતોનું સિક્યોરિટાઈઝેશન અને પુનઃનિર્માણ અને સુરક્ષા હિત અધિનિયમ 2002 (SARFAESI એક્ટ) નો અમલ (અસાઈનમેન્ટ એગ્રીમેન્ટ) (અહીં ઉલ્લેખિત અસાઈની તરીકે) જેએમએફએઆરસી-આરન્ય-ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે તેની ક્ષમતામાં કાર્ય કરે છે. તે સૂચિત કરવામાં આવે છે કે PCHFL એ અસાઈનમેન્ટ/સર્વિસ એજન્ટ દ્વારા તમામ ઓપરેશનલ અને પ્રક્રિયાઓની પ્રક્રિયાને સરળ બનાવવા માટે સેવા પ્રદાતા/સંગ્રહ એજન્ટ તરીકે કાર્ય કરવા માટે અધિકૃત અને નિયુક્ત કરવામાં આવી છે.

SARFAESI અધિનિયમ 2002 હેઠળ સિક્યોર્ડ લેણદારના અધિકૃત અધિકારીઓ દ્વારા અહીં ઉલ્લેખિત સુરક્ષિત અસ્કયામતોનો કબજો લેવાના અનુસંધાનમાં, ઉધાર લેનારા/ઓ પાસેથી બાકી રકમની વસૂલાત માટે, નીચે દર્શાવેલ સ્થાવર મિલકતની ખરીદી માટે નીચે સહી કરનાર દ્વારા ઓફર આમંત્રિત કરવામાં આવે છે, જે છે. ભૌતિક કબજામાં, 'જેમ છે ત્યાં છે', 'જેમ છે તે આધાર છે' અને 'જે છે ત્યાં આધાર છે', જેની વિગતો નીચે આપેલ છે.

| લોન કોડ નં/શાખા/ઉધાર લેનાર(ઓ)/સહ-ઉધાર લેનારા(ઓ)/જામીનદાર(ઓ) | ડિમાન્ડ નોટિસ તારીખ અને રકમ | સંપત્તિનું સરનામું_અંતિમ | અનામત રકમ | અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈએમડી) (આરપી ના 10%) | બાકી નિકળતા લેણાં (01-02-2024) |
|---|---|---|---|---|---|
| લોન કોડ નં :- 20100044738 શાખા :- અમદાવાદ અભીજીત 4 ઉધાર લેનાર : પ્રવિણકુમાર જગદીશ બગરેચા સહ-ઉધાર લેનારા 1 :- ચંપાબેન જગદીશભાઈ બગરેસા | તારીખ :- 28-08-2019 રૂપિયા :- 2628165 ( છવ્વીસ લાખ અઠાવીસ હજાર એક સો પાંસઠ રૂપિયા માત્ર) | મિલકતનો તે તમામ ભાગ અને પાર્સલ હદ ધરાવે છેઃ- ઘર નં એ 29, શુભનગર સીએચએસએલ, ગેરતપુર રોડ, બડોદરા અમદાવાદ ગુજરાત 382435 સીમાઓ :- ઉત્તર :- એ 28 , દક્ષિણ :- એર30, પૂર્વ :- એ40 , પશ્ચિમ :- સોસાયટી રોડ | રૂપિયા 2250000 /- ( બાવીસ લાખ પચાસ હજાર રૂપિયા માત્ર ) | રૂપિયા 225000 /- ( બે લાખ પચ્ચીસ હજાર રૂપિયા માત્ર ) | રૂપિયા 4470740 /- ( ચૂમ્માલીસ લાખ સિત્તેર હજાર સાત સો ચાલીસ રૂપિયા માત્ર ) |
| લોન કોડ નં :- 03100014840 શાખા :- અમદાવાદ ઉધાર લેનાર :- રિધ્ધિ સિધ્ધિ મેચીંગ અને ડ્રેસ મટીરીયલ્સ સહ-ઉધાર લેનારા 1 :- કિરીટકુમાર જીવણલાલ પટેલ સહ-ઉધાર લેનારા 2:- ગીતાબેન કિરીટકુમાર પટેલ | તારીખ :- 29-10-2019 રૂપિયા :- 3508373 ( પાંત્રીસ લાખ આઠ હજાર ત્રણ સો તોંતેર રૂપિયા માત્ર). | મિલકતનો તે તમામ ભાગ અને પાર્સલ હદ ધરાવે છેઃ- 1. યુનિટ નં એ10, બી10, સી10, સરદાર પ્લાઝા, બ્રહ્માણી મંદિર પાસે, ખત્રી કુવા, ચોક માર્કેટ યાર્ડ રોડ વિજાપુર | રૂપિયા 900000 /- ( નવ લાખ રૂપિયા માત્ર ) | રૂપિયા 90000/- ( નેવું હજાર રૂપિયા માત્ર ) | રૂપિયા 6304240/- ( ત્રેસઠ લાખ ચાર હજાર બ સો ચાલીસ રૂપિયા માત્ર ) |
| | | મિલકતનો તે તમામ ભાગ અને પાર્સલ હદ ધરાવે છેઃ- યુનિટ નં 24, 1 લા માળે , કેશવ પ્લાઝા , મધુરમ કોમ્પ્લેક્સ સામે , ઈન્ડિયન ઓઈલ પેટ્રોલ પંપ પાસે , વિજાપુર હિમ્મતનગર રોડ વીજાપુર | રૂપિયા 522000/- (પાંચ લાખ બાવીસ હજાર રૂપિયા માત્ર ) | રૂપિયા 52200/- (બાવન હજાર બ સો રૂપિયા માત્ર ) | |

**ઈ-ઓક્શન ની તારીખ :- 27-02-2024, સવારે 11:00 વાગ્યા થી બપોરે 02:00 વાગ્યા સુધી ( અનિશ્ચિત 5 મિનિટના અંતરાળ સાથે ),**
**બિડ સબમિશનની છેલ્લી તારીખ :- 26-02-2024, સાંજે 04:00 વાગ્યા પહેલાં**

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને https://www.jmfinancialarc.com/Home/Assets for sale માં આપેલી લિંકનો સંદર્ભ લો અથવા https://bankauction.in પર ઈમેઈલ કરો.

**ઉધાર લેનારા/જામીનદારો/ગીરોને SARFAESI અધિનિયમ હેઠળ વૈધાનિક 15 દિવસની વેચાણ નોટિસ.**

ઉપરોક્ત ઉધાર લેનારાઓ/બાંયધરી આપનારને આથી સૂચિત કરવામાં આવે છે કે કલમ 13(2) નોટિસમાં ઉલ્લેખિત રકમની તારીખ પહેલાંની તારીખ સુધી સંપૂર્ણ ઉપાર્જિત વ્યાજ સાથે ચૂકવવામાં આવે. હરાજી, નિષ્ફળ જવાથી કઈ મિલકતની હરાજી/વેચવામાં આવશે અને બાકી લેણાં જો કોઈ હોય તો તે વ્યાજ અને ખર્ચ સાથે ઉધાર લેનારા/જામીનદાર પાસેથી વસૂલ કરવામાં આવશે.

તારીખ :- 06-02-2024
સ્થાન :- ગુજરાત

Sd/-(અધિકૃત અધિકારી)
(અરણ્ય - ટ્રસ્ટ)

# ધોળકા તાલુકાના કેલીયા વાસણા ગામે ગુજરાત યુનિવર્સિટી દ્વારા પારસ પર્વ અંતર્ગત પ્રાકૃતિક ખેતી પર 'ફિલ્ડ ડે' ની ઉજવણી કરાઈ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ



અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના કેલીયા વાસણા ગામે ગુજરાત યુનિવર્સિટીના ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સસ્ટનેબિલિટી દ્વારા પારસ પર્વ અંતર્ગત પ્રાકૃતિક ખેતી પર 'ફિલ્ડ ડે' ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મુખ્ય મહેમાન તરીકે કેન્દ્રીય મંત્રી દેવુસિંહ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ સ્વસહાય જૂથોની મહિલાઓ, ખેડૂતો તથા યુવાનોને પ્રાકૃતિક ખેતી વિશે જાગૃતતા લાવવા અને માહિતગાર કરવાનો હતો. વધુમાં ડ્રોન ટેકનોલોજી વિશે પણ જાણકારી આપવામાં આવી હતી તથા આ ટેક્નોલોજીનો ઉપયોગ પ્રાકૃતિક ખેતી ક્ષેત્રે કેવી રીતે થઈ શકે તેના વિશે પણ જણાવાયું હતું. 'ફિલ્ડ ડે'ની ઉજવણી અંતર્ગત અહીં ડ્રોન ટેકનોલોજી અને પ્રાકૃતિક ખેતી વિશેની તાલીમ પણ અપાઈ હતી. આ સાથે અહીં પ્રાકૃતિક ખેતી આધારિત ઉત્પાદનોનું પ્રદર્શન પણ રાખવામાં આવ્યું હતું. કેન્દ્રીય મંત્રી દેવુસિંહ ચૌહાણે ઉપસ્થિત લોકોને પ્રાકૃતિક ખેતી તરફ વળવા માટેનો અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં ગુજરાત યુનિવર્સિટીના અધ્યાપક, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સસ્ટનેબિલિટીના ડાયરેક્ટર, GLPCના ડાયરેક્ટર, આત્માના ડાયરેક્ટર દ્વારા માર્ગદર્શન અને વક્તવ્ય આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધોળકાના ધારાસભ્ય કિરીટસિંહ ડાભી, તાલુકા પંચાયતના પ્રમુખ, ગામના સરપંચ તથા મોટી સંખ્યામાં ખેડૂતો અને મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજીને મર્ણોપરાંત ભારત રત્નથી સન્માનિત કરવામાં આવે: બોટાદ ધારાસભ્ય ઉમેશ મકવાણા

ભાવનગર

બોટાદના ધારાસભ્ય ઉમેશભાઈ મકવાણા દ્વારા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલને પત્ર લખી માંગ કરવામાં આવી કે, તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા શ્રી લાલકૃષ્ણ અડવાણીજી ને ભારત રત્નથી સન્માનિત કરવાની જાહેરાત કરવામાં આવી છે આ ઉપરાંત અટલ બિહારી બાજપાઈજી ને પણ ભારત રત્ન થી સન્માનિત કરવામાં આવ્યા હતા તો ભારતરત્નની ગરિમા જળવાઈ રહે તેના માટે દેશને પ્રથમ પોતાનું રાજ્ય અર્પણ કરનાર મહારાજા કૃષ્ણકુમારસિંહજીને ભારત રત્નથી સન્માનિત કરવા બોટાદના આપના ધારાસભ્ય ઉમેશભાઈ મકવાણા દ્વારા કેન્દ્રસરકાર તેમજ ગુજરાત સરકારને માંગ કરી છે.

### લગ્ન જીવન વિખવાદ થતા ઘરમાં કાઢી મુકેલ મહિલાને મદદે 181

દિપક રાવલ દાહોદ



મહિલા હેલ્પલાઈન દાહોદ. ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન ટીમ મદદે પહોંચી કાઉન્સેલીંગ કર્યું હતું પીડીત મહિલા એ જણાવેલ કે તેમના પતિ એ છેલ્લા ચાર દિવસ થી ઘર માથી નીકાળી દીધા હોય અને તેઓ પિયરમા રેતા હોય.અને મારઝૂડ કરતાં હોય.મહીલાના લગ્ન કર્યો ના પાંચ વર્ષ થયા અને ચાર બાળકો છે. તેવો અભ્યાસ કરે છે. અને મારા પતિ છકડો ચલાવે છે. તેમ જણાવ્યું હતું પીડીત મહીલા જણાવેલ કે તેમના પતિ ઘરવપરાશ નો સામાન પણ લાવતા નહીં.અને આખો દિવસ મોબાઈલમા અન્ય સ્ત્રી સાથે વાતો કરીયા કરે છે. અને તેમના સસરા પણ તેમની વાત માનતા ના હોય અન્ય બીજી તરફ પતિ મને કાયમ અપશબ્દો બોલીને મને ઘર માથી નીકાળી દીધી.૧૮૧ મદદ માગી.બંનેનુ કાઉન્સેલિગ કરી પીડીત મહીલાના પતિને કાયદોનો પાઠ ભણાવ્યો અને પતિ પત્ની ના સબંધ ની સમજ આપી.

### અજાણી છોકરીને સુરક્ષિત આશ્રય અપાવતિ.181 અભયમ ટીમ દાહોદ

દિપક રાવલ દાહોદ

દાહોદ સીટી મા એક ત્રાહિત વ્યક્તિ એ 181 મહિલા હેલ્પ લાઈન માં કોલ કરી ને જણાવેલ કે અહીં એક પંદર વર્ષે અજાણી છોકરી રેલવે સ્ટેશન મા થી મળી આવેલ .સવાર થી અહીયા બેસીલી છે.. જેને મદદ કરવા અનુરોધ થી 181 અભયમ રેસ્ક્યુ ટીમ દાહોદથી ઘટના સ્થળ પર પહોંચી છોકરીને પાણી પીવડાવ્યું સાત્વનાં આપેલ.છોકરી ડરેલી હતી.તો લાગણી અને વિશ્વાસ અપાવતાં છોકરી નું કાઉન્સેલિંગ કરેલ. મળતી માહિતી મુજબ છોકરી ઓડીસા રાજય ની હતી.છોકરી હિન્દી ભાષામાં બોલતી હોય અને જણાવેલ કે તેના પપ્પા નહી. જેથી.તેના ભાઈ જોડે દ્વારા ઝગડો થયેલ હોય .આથી છોકરી ઘરે થી ટેનમાં બેસી નીકળી આવેલ. સવાર થી છોકરી બેસી રહેતી કોઈ જમવાનું આપે તો જમતી નહિ તો ભૂખી તરસી બેસી રહેતી તેને પોતાના શરીર કે બીજું કોઈ ભાન રહેતું નહિ.અભયમ ટીમે તેને સમજાવી. સલાહ સૂચન માર્ગદર્શન આપી. છોકરી ને તેના પરિવાર સુધી પહોચાડવા. અને છોકરી ના ફેમિલીને અહી બોલાવી સમજાવવા . અત્યારે છોકરી ને સુરક્ષિત સ્થળ ની જરૂર હોવા થી છોકરી ને સખી વન સ્ટોપ સેન્ટર દાહોદ ખાતે લઈ જતા. ત્યાના કર્મચારીઓ છોકરી લેવા ના પાડતા. જણાવેલ કે આ અન્ય રાજય હોવાથી હમારે શોધતા દશ દિવસ જેવો ટાઈમ થય જાય છે. છોકરી ભાષા પણ અલગ બોલે છે.જેથી હમે તેને આશરો ના આપી શકીયે જેથી છોકરી ને નજીક ના પો-સ્ટેશનમા હેન્ડ ઓવર કરેલ છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654



## વડોદરા બોટ દુર્ઘટના: પુત્ર-પુત્રી અને પત્ની ભૂગર્ભમાં, બોટમાં ક્ષતિ હતી કે નહી તે હજુ પોલીસ જાણી શકી નથી

# 19 દિવસે પણ પરેશ શાહનો પરિવાર પોલીસ પકડથી દૂર

વડોદરા | વડોદરા શહેરના હરણી લેકઝોનમાં થયેલી બોટ દુર્ઘટના કેસમાં દુર્ઘટનાના 19 દિવસે પણ પરેશ શાહનો પરિવાર પોલીસ પકડથી હજુ દૂર છે. પરેશ શાહનો પુત્ર વત્સલ શાહ, પત્ની નૂતન શાહ અને પુત્રી વૈશાખી શાહ ભૂગર્ભમાં છે. આટલા દિવસો વિત્યા બાદ પણ બોટમાં ક્ષતિ હતી કે નહી, તે હજુ જાણી શકાયું નથી.

18 જાન્યુઆરીએ હરણી લેકઝોનમાં બોટ દુર્ઘટના થઈ હતી, જો કે હજી સુધી છ આરોપી પકડાયા નથી. આ કેસમાં ફરાર આરોપીઓની પણ પોલીસ દ્વારા ટીમો બનાવીને શોધખોળ કરવામાં આવી રહી છે. બોટ દુર્ઘટનાનો મુખ્ય આરોપી પરેશ શાહ પકડાઈ ગયો છે, પરંતુ તેની પૂછપરછ બાદ પણ તેના પરિવારનો કોઈ પતો નથી. આ ઉપરાંત અન્ય આરોપીઓ પણ પોલીસ પકડથી હજી દૂર છે.

### પરિવારના સભ્યોને લેકઝોનમાં પાર્ટનર બનાવ્યા

બોટ દુર્ઘટના કાંડમાં મુખ્ય આરોપી પરેશ શાહ છે. પરેશ શાહ લેકઝોન ચલાવતો હતો અને પોતાના સગા સંબંધીઓને પણ લેકઝોનમાં પાર્ટનર બનાવ્યા હતા. જેમાં પરેશ શાહની પત્ની નૂતન શાહ, પુત્ર વત્સલ શાહ અને પુત્રી વૈશાખી શાહ પણ લેકઝોનમાં પાર્ટનર હતા. જેમાં પરેશ શાહ પકડાયો છે, પરંતુ તેની પત્ની, પુત્ર અને પુત્રી હજી પણ ફરાર છેa. પોલીસે ટીમો બનાવીને તેઓની શોધખોળ શરૂ કરી છે.

### પૈસા કમાવવામાં દોશી પરિવાર પણ ફસાયો

પરેશ શાહ પોતે તો પૈસા કમાવવાની લાલચમાં ફસાયો, પરંતુ તેના આખા પરિવારને પણ લેકઝોનમાં પાર્ટનર બનાવીને સંડોવી દીધો. એટલું તો ઠીક પરંતુ તે ત્યાં સુધી જ ન અટક્યો. તેના ફોઈના દીકરા જતીન દોશીને પણ પાર્ટનર બનાવ્યો છે. લેકઝોનમાં જતીન દોશી 5 ટકા, તેમની પુત્રવધુ તેજલ દોશી 5 ટકા અને તેમના ભત્રીજાની પત્ની નેહા દોશી પણ 5 ટકા ભાગીદાર છે. પૈસા કમાવવામાં દોશી પરિવાર પણ ફસાઈ ગયો છે અને જેલભેગો થઈ ગયો છે. 18 જાન્યુઆરીએ હરણી લેકઝોનમાં 12 બાળકો સહિત 14એ જીવ ગુમાવ્યા હતા. આ કેસની તપાસ માટે પોલીસ ઉચ્ચ અધિકારીઓની એસઆઈટી બનાવાઈ છે. અત્યાર સુધી મુખ્ય આરોપી પરેશ શાહ સહિત ભાગીદાર ગોપાલ શાહ, બિનીત કોટીયા સહિતના 14 આરોપી ઝડપી પાડ્યા હતા.

---

## સાવરકુંડલાના આરોપી સુરતથી ઝડપાયા...

# બળાત્કારના કેસમાં ફસાવાની ધમકી આપી બે નકલી પોલીસે લૂંટ ચલાવી...

સુરત | અમરેલીના સાવરકુંડલામાં નકલી પોલીસ બની લૂંટ કરનાર આરોપી સુરતથી ઝડપાયા છે. સુરતની વરાછા પોલીસે લૂંટ ચલાવનાર બે આરોપીને ઝડપી પાડ્યા છે. ખોટા બળાત્કારના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી છ લાખથી વધુ રૂપિયાની લૂંટ કરી આરોપી ફરાર થઈ ગયા હતા. વરાછા પોલીસે બંને આરોપીને ઝડપી સાવરકુંડલા પોલીસને વધુ તપાસ માટે સોંપ્યા છે. સુરતના વરાછા પોલીસ પાસેથી મળતી વિગત મુજબ વરાછા પોલીસની ટીમને બાતમી મળી હતી કે, અમરેલી જિલ્લાના સાવરકુંડલામાં નકલી પોલીસ બની લૂંટ કરનાર બે આરોપીઓ વરાછામાં ફરી રહ્યા છે. જેથી પોલીસે બાતમીના આધારે વર્ષા સર્કલ પાસેથી બે આરોપીઓને ઝડપી પાડ્યા હતા. વરાછા પોલીસે હરેશ ઉર્ફે લાલો ભૂપતભાઈ રાઠોડ અને જયસુખ હરસુરભાઈ ઘાંઘરને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આરોપીઓની પૂછપરછમાં સામે આવ્યું હતું કે, સાવરકુંડલામાં એક વ્યક્તિને પોલીસની ખોટી ઓળખ આપી ખોટા રેપ કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. જો આ કેસમાં છુટવું હોય તો 6 લાખ રૂપિયા



આપવા પડશે તેમ કહી મોબાઈલ અને એક કારની ચાવીની લૂંટ કરી નાસી છુટ્યા હતા. સમગ્ર મામલે સાવરકુંડલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી જે અંતર્ગત બન્ને આરોપીઓ પોલીસથી બચવા નાસતા ફરતા હતા. સુરતના વરાછા વિસ્તારમાં આવીને ફરી રહ્યા હતા. જોકે, સુરતથી વરાછા પોલીસે બન્ને આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ માટે સાવરકુંડલા પોલીસને કબજો સોપવાની તજવીજ હાથ ધરી છે.

---

# રણજીતસાગર ડેમ પર સેલ્ફી લેતાં પત્નીનો પગ લપસ્યો, ફાયર વિભાગે જીવ બચાવ્યો



જામનગર | જામનગરના રણજીતસાગર ડેમ પર રવિવારે સાંજે સાતેક વાગ્યાના અરસામાં ફરવા માટે ગયેલા પરપ્રાંતિય દંપતી એક પછી એક પાણીમાં પડી ગયા હોવાની ઘટના સામે આવતાં ફાયરતંત્ર દોડતું થયું હતું અને બંનેને બચાવી લીધા હતા. તેઓને ઈજા થઈ હોવાથી સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડાયા છે. સમગ્ર આ બનાવની વિગત એવી છે કે, મૂળ ઉત્તર પ્રદેશના વતની અને હાલ જામનગરમાં રહેતા પર પ્રાંતિય દંપતી તેમના ચાર વર્ષન બાળકને લઇ રવિવારે સાંજે રણજીતસાગર પર ફરવા ગયા હતા. જ્યા 7 વાગ્યાના અરસામાં ડેમના પાળા પરથી સેલ્ફી લેતાં પત્નીનો પર લપસી જવાથી પાણીમાં પડી હતી. જેને બચાવવા પતિએ પણ ડેમના પાણીમાં કૂદકો માર્યો હતો. ત્યારે બાળકે આક્રંદ કરતાં સ્થાનિકો ભેગા થઇ ગયા હતા. પાણીમાં પડેલું દંપતી એક પથ્થના સહારે હતું. આ દરમિયાન ભેગા થયેલા લોકોએ ફાયર વિભાગને જાણ કરતાં તુરંત જ ફાટર વિભાગે ઘટનાસ્થળે પહોંચી બંનેને બહાર કાઢી સારવાર અર્થે જી.જી. હોસ્પિટલમાં ખસેડાયા હતા.

---

## ચોથા માળેથી નીચે પટકાતા કરંટથી મજૂરનું મોત થયું હતું

# મજૂરના મોત મામલે કોન્ટ્રાક્ટર અને કારખાનાના માલિકની ધરપકડ કરાઇ

સુરત | ઉધના લક્ષ્મીનારાયણ ઈન્ડસ્ટ્રીયઝમાં કારખાનામાં ચોથા માળે પ્લાસ્ટરનું કામ કરતી વેળા પેરાપેટ વોલ પડી જતા પાલખ પરથી એક મજૂર ઈલેકટ્રીક વાયર પર પડતા કરંટ લાગી નીચે પટકાયો હતો. જેનું સારવાર દરમિયાન મોત થયું હતું. જ્યારે અન્ય એકને ગંભીર ઈજા તેમજ બેને સામાન્ય ઈજા થઈ હતી. કદાચ મજૂરોને માથે હેલમેટ અને પગમાં સેફ્ટી શૂઝ, હાથમાં હેન્ડ કલોઝ જેવા સેફ્ટીના સાધનો આપ્યા હોત તો જીવ બચી ગયો હોત .આ ઘટનાને પગલે ઉધના પોલીસે મૃતકના પુત્ર સતીષ સંગાડાની ફરિયાદ લીધી છે. જેના આધારે



પોલીસે સિવિલ કોન્ટ્રાકટર નિલેશ દેવજી પરમાર અને કારખાનાના માલિક ભુપેન્દ્ર ચેવલી સામે બેદરકારીની કલમ 304, 338, અને 114 મુજબનો ગુનો નોંધી ધરપકડ કરી છે. શનિવારે કામદારો સાથે ત્રીજા-ચોથા માળ પર દીવાલનુ ચણતર કામ કરતા હતા. દરમ્યાન અચાનક દિવાલ તુટી પડતા ચંદુભાઈ અને તેમની સાથે કામ કરી રહેલા 32 વર્ષીય સુરમલ સંગજી નીનામા નીચે પટકાયા હતા. જ્યારે 36 વર્ષીય પ્રકાશ રમણ મહીડા પાલખનો ભાગ પકડી લટકી ગયા હતા. જ્યારે 28 વર્ષીય રૂપા સુરમલ નીનામા અને 45 વર્ષીય બાબુ લખજી વસૈયા પર દીવાલનો ભાગ પડતા સામાન્ય ઈજા થઈ હતી. નીચે પટકાતા ગંભીર રીતે ઘવાયેલા ચંદુભાઈનું મોત નિપજ્યું હતું. જ્યારે સુરમલભાઈની હાલત ગંભીર છે.

2023માં નવી બંધાતી બિલ્ડિંગ પરથી પડી જવાને કારણે કેટલા મજૂરોના મોત થયા તેની તપાસ કરાય તો સાચી હકીકતો સામે આવી શકે તેમ છે. આમ તો પડી જવાને કારણે મોત થયા હોય તેવા બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે. ખરેખર પોલીસે આવા કેસોને રિ-ઓપન કરી ઉંડાણપૂર્વક તપાસ કરવાની જરૂર છે. તોજ મજૂરોના મોત અટકી શકશે. બિલ્ડિંગ પરથી પડવાના બનાવમાં સેફ્ટીના સાધનો ન પહેરવાને કારણે મોટેભાગે મજૂરોના મોત થયા હોય છે. કોન્ટ્રાકટર અને માલિક દ્વારા સેફ્ટી માટે હેલમેટ, બેલ્ટ કે બૂટ વગર મજૂર પાસે કામ લેતા હોય છે.

---

# ગોડાદરામાં ફોન લૂંટવા રિક્ષા ચાલકને ચપ્પુના ઘા માર્યા : 2 લુખ્ખા પેસેન્જરના બેઠા હતા

સુરત | ગોડાદરા મહારાણા ચાર રસ્તા પાસેથી શનિવારે મળસ્કે પેસેન્જરનો સ્વાંગ રચીને 2 લુખ્ખાઓએ મિડાસ સ્કેવર પાસે ગલીમાં જવાનું કહી રિક્ષામાં બેઠા હતા. દરમિયાન ગલીમાં આ લુખ્ખાઓએ રિક્ષા ઊભી રખાવી હતી. ત્યાર બાદ તેમણે રિક્ષા ચાલકના ખિસ્સામાંથી મોબાઈલ છીનવાનો પ્રયાસ કર્યો હતો. જેના પગલે રિક્ષાચાલકે લુખ્ખાઓને મચક આપ્યા વિના પ્રતિકાર કર્યો હતો. આથી આ લુખ્ખાઓએ તેને માર મારી ચપ્પુના 3-4 ઘા ઝીંકી દીધા હતા. રિક્ષાચાલકે બચાવવા માટે બૂમાબૂમ કરતા બન્ને લુખ્ખા તેના અન્ય સાગરિત સાથે બાઈક પર બેસી ભાગી ગયા હતા.

લોહીલુહાણ હાલતમાં ચાલક રિક્ષા ચલાવી પરવટ પાટિયા કબૂતર સર્કલ પાસે આવી ભાઈને ફોન કર્યો હતો. પછી તેનો ભાઈ તેને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં લઈ ગયો હતો. જ્યાં હાલ રિક્ષાચાલકની હાલત ગંભીર છે અને સવારના સમયે તેની સર્જરી પણ કરવામાં આવી છે. ભાઠેના પંચશીલ નગરમાં રહેતા અને રિક્ષા ચલાવી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતો ઈમરાન નિશાદ સિદ્દીકી શનિવારે સવારે રિક્ષા લઈ ધંધા પર નીકળ્યા હતા. શરૂઆતમાં ઉધના રેલવે સ્ટેશન પરથી ગોડાદરા મંગલ પાંડે હોલ જવા માટે પેસેન્જરો બેસાડયા હતા.

પેસેન્જરોને ઉતારી ઈમરાન સિદ્દીકીએ બે બદમાશોને મહારાણા પ્રતાપ ચાર રસ્તા પાસેથી બેસાડયા હતા.ત્રણેય લૂંટારૂઓ હિંદી ભાષી હોવાની વાત સામે આવી રહી છે. હાલમાં ગોડાદરા પોલીસે લૂંટની કોશિષનો ગુનો દાખલ કરી સીસીટીવી કેમેરાના ફુટેજ આધારે તપાસ શરૂ કરી છે.

---

## મરચા ભરેલું ટ્રેક્ટર સળગી ઉઠ્યું...

# માર્કેટયાર્ડમાં વેચાણ માટે જતો ખેડૂતનો રૂ. 4 લાખથી વધુનો જથ્થો બળીને ખાખ

રાજકોટ | રાજકોટ જિલ્લામાં આગ લાગવાની વધુ એક ઘટના સામે આવી હતી. જેમાં ઉપલેટા નજીક મરચા ભરેલા ટ્રેક્ટરમાં અચાનક આગ ભભૂકી ઉઠતા અફરાતફરી સર્જાઇ હતી. મરચા સળગી ઉઠતા ત્યાંથી પસાર થતા લોકોની આંખોમાં બળતરા થવા લાગી હતી. આ દરમિયાન ડ્રાઈવરે ટ્રોલી ઉંચી કરી દેતા સદનસીબે મોટી દુર્ઘટના અને જાનહાની ટળી હતી. આગ લાગવાને કારણે ખેડૂતના રૂપિયા 4 લાખથી વધુનો મરચાનો જથ્થો બળીને ખાખ થઈ ગયો હતો.

પ્રાપ્ત વિગત અનુસાર, કોલકી ગામના એક ખેડૂત મરચા વેચવા માર્કેટિંગયાર્ડ તરફ જઈ રહ્યો હતો. આ દરમિયાન કોઈ વીજ વાયર અડકી જતા મરચાનાં જથ્થામાં આગ ભભૂકી ઉઠી હતી. ઘટનાને પગલે સતર્ક થયેલા ડ્રાઈવરે ટ્રેક્ટરની ટ્રોલી ઉંચી કરી દેતા સળગતા મરચાનો જથ્થો રસ્તા પર આવી ગયો હતો. જેને પગલે આસપાસમાં રહેલા લોકોની આંખોમાં બળતરા થવા લાગી હતી. જોકે, ડ્રાઈવરની આ સતર્કતા સદનસીબે જાનહાનિ ટળી હતી. આ ઘટનામાં યાર્ડમાં વેચવાનો મરચાનો જથ્થો સંપૂર્ણપણે બળીને ખાખ થતા ખેડૂતને રૂ. 4 લાખ જેટલું નુકસાન સહન કરવાનો વારો આવ્યો હતો.

સ્થાનિકોનાં જણાવ્યા મુજબ, ગઈકાલે કોલકી ગામના ખેડૂત મરચાને વેચવા જઈ રહ્યા હતા, તે સમયે દુર્ઘટના બની હતી. ખેતરમાંથી



મરચા ભરી અને માર્કેટયાર્ડમાં વેચવા જતા સમયે તેમાં આગ ભભૂકી ઉઠી હતી. જેમાં 4 લાખ રૂપિયાની કિંમતના મરચા બળીને ખાખ થઈ ગયા હતા. મરચામાં આગ લાગવાના પગલે આસપાસના વિસ્તારોમાં રહેતા લોકોની આંખમાં પણ બળતરા થઈ હતી. જોકે, ડ્રાઈવરની સમય સૂચકતાને કારણે જાનહાનિ ટળી હતી. તેમજ ટ્રેકટર પણ સળગતા અટક્યું હતું.

---

# મહિલા સહિત ત્રણે સમાના આધેડના સોનું, ફોરેક્સમાં રોકાણનું કહી 8.63 લાખ ઠગ્યા

વડોદરા | મહિલા સહિત ત્રણે સમા રહેતા આધેડના ફોરેક્સ તથા સોનામાં રૂપિયા રોકી નફો મળશે તેવી લાલચ આપી રૂ.8.63 લાખ પડાવી લીધા હતા. અકોટા પોલીસે ત્રણ સામે છેતરપિંડીનો ગુનો નોંધ્યો હતો. સમા સિલ્વર સ્કાયમાં રહેતા ઈન્દ્રપાલસિંહ જોગીદરસિંહ આનંદ ભરૂચ જીઆઈડીસીમાં નોકરી કરે છે. તેમણે અકોટા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી કે, ગત વર્ષે પ્રેરણા કનુભાઈ મણીલાલ પરમાર (રહે, લકુલેશનગર, આજવા રોડ) સાથે પરિચય થયો હતો. પછી તેનો મિત્ર શુભમ અને હું મળ્યા હતા.

પ્રેરણાએ કહ્યું કે, શુભમ લેબર સપ્લાય તથા ફોરેક્સ ઈન્વેસ્ટમેન્ટ કરે છે. તેમાં રોકાણ કરવાથી ખૂબ ફાયદો થશે. જેથી મે તેને કહ્યું હતું કે, આમા નુકસાન પણ થાય છે. ત્યારે પ્રેરણાએ કહ્યું હતું કે, તમને નુકસાન થાય તેમ લાગે તો રૂપિયા મારા એકાઉન્ટમાં નાખજો, હું શુભમને આપીશ, મારા પર ભરોસો રાખો. બે દિવસ પછી પ્રેરણાનો ફોન આવ્યો હતો. તેણે કહ્યું કે, મારો મિત્ર છે અમનકુમાર દુબે, જે શેર ટ્રેડિંગનું કામ કરે છે. ત્યારબાદ તેણે અમનને કોન્ફરન્સમાં લેતાં અમને કહ્યું કે, રૂ.20 હજાર લગાવશો તો એક દિવસના રૂ.1 હજાર પ્રોફિટ કરાવી આપીશ. પ્રેરણાએ કહ્યું કે, હું છ મહિનાથી સાથે કામ કરૂ છું, મને રોજ પ્રોફિટ મળે છે. મે પ્રેરણાના ખાતામાં રૂ.25 હજાર મોકલ્યા હતા. શુભનનો ફોન આવ્યો કે, તમે ફોરેક્સમાં રૂપિયા રોકો. ત્યારે મે રૂ.1.50 લાખ પ્રેરણાના ખાતામાં નાખ્યા હતા. થોડા સમય બાદ શુભમે ફોન પર કહ્યું કે, જે રૂપિયા રોક્યા હતા તે એપ બેન થઈ ગઈ છે, રૂપિયા ડૂબી ગયા છે. જોકે તેઓએ ગોલ્ડમાં પણ રોકાણ કરાવવાના બહાને રૂપિયા પડાવી લીધા હતા.

---

## અકસ્માતના પગલે નેશનલ હાઈવે પર ટ્રાફિકજામના દશ્યો જોવા મળ્યા હતા...

# ટ્રિપલ અકસ્માતમાં બેનાં મોત: ડિવાઈડર કૂદી આવેલા ટેમ્પોએ આઈસર-કારને ટક્કર : પરિવાર મુંબઈ જતો હતો

વલસાડ | વલસાડ જિલ્લામાંથી પસાર થતા અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પર ગુંદલાવ પાસે આજે બપોરે ટેમ્પો, આઈસર અને કાર વચ્ચે સર્જાયેલા ટ્રિપલ અકસ્માતમાં કારમાં સવાર બે લોકોના મોત નિપજ્યા છે. જ્યારે પાંચ લોકો ઘાયલ થતા તેઓને સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. સુરતના ચૌહાણ પરિવારના સભ્ય લંડન જઈ રહ્યા હોય પરિવારજનો તેમને મુંબઈ એરપોર્ટ પર મૂકવા જઈ રહ્યા હતા ત્યારે અકસ્માત નડતા તેમાં બે લોકોના મોત નિપજ્યા હતા. અકસ્માતના પગલે નેશનલ હાઈવે પર ટ્રાફિકજામના દશ્યો જોવા મળ્યા હતા. અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પર વલસાડના ગુંદલાવ નજીક આજે બપોરના સમયે એક પિકઅપ ટેમ્પોના ચાલકે સ્ટેરિંગ પરથી કાબૂ ગુમાવતા ડિવાઈડર કૂદી બીજી લેનમાં જતો રહ્યો હતો. આ જ સમયે સામેથી આવી રહેલી કાર અને આઈસર સાથે ધડાકાભેર ટક્કર થઈ હતી. જેમાં ત્રણેય વાહનોના આગળના ભાગના ફૂરચા નીકળી ગયા હતા.

ટ્રિપલ અકસ્માતમાં જે કાર હતી તે સુરતના પરિવારની છે. સુરેશભાઈ ચૌહાણ લંડન જઈ રહ્યા હોય તેમના પરિવારજનો કાર લઈને સુરેશભાઈને મુંબઈ એરપોર્ટ મૂકવા માટે જઈ રહ્યા હતા. જેમાં કારમાં સવાર સુનિલભાઈ ચૌહાણ અને ભારતીબેન ચૌહાણના મોત નિપજ્યા હતા. જ્યારે અન્ય લોકોને ઈજા થતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

**નેશનલ હાઈવે પર મરણચીંસો ગુંજી ઉઠી |** વલસાડના ગુંદલાવ પાસે સર્જયેલા ટ્રિપલ અકસ્માતના કારણે હાઈવે પર મરણચીંસો ગુજી ઉઠી હતી. ઘટનાના પગલે હાઈવે પર લોકોના ટોળા એકઠા થયા હતા અને ઘાયલોને 108 દ્વારા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. તો બીજી તરફ અકસ્માતના કારણે નેશનલ હાઈવે પર ટ્રાફિકજામ થતા પોલીસ ઘટનાસ્થળ પર પહોંચી વાહનવ્યવહારને પૂર્વવત કરાવ્યો હતો.



---

# પીપાવાવ પોર્ટ હાઇવે પર સિંહની લટાર

## મધરાતે રસ્તા પર આવી જતાં થોડીવાર માટે વાહનોના પૈડાં થંભી ગયાં



અમરેલી | દેશની શાન ગણાતા સાવજોનો અમરેલી જિલ્લામાં દબદબો જોવા મળી રહ્યો છે. દિવસેને દિવસે સિંહોની સંખ્યા અમરેલી જિલ્લામાં દરિયાઈ કોસ્ટલ બેલ્ટ વિસ્તારમાં વધી રહી છે. આ વિસ્તારમાં સિંહોને રહેઠાણ અનુકૂળ આવી ગયું છે, જેના કારણે સિંહો માનવ વસાહત વચ્ચે હરિફરી રહ્યા છે. ત્યારે સિંહ પરિવારનો વધુ એક વીડિયો સામે આવ્યો છે. જેમાં જેવા મળે છે કે, સિંહ પરિવારે પીપાવાવ પોર્ટ હાઈવે ક્રોસ કરતાં થોડીવાર માટે વાહનોના પૈડાં થંભી જાય છે.

સામાન્ય રીતે એક સમય એવો હતો ગીર જંગલોમાં સિંહો જોવા મળતા, પરંતુ હવે અમરેલી જિલ્લામાં અનેક હાઈવે લોકેશનો ઉપર સિંહો રેગ્યુલર જોવા મળે છે. સૌથી વધુ સિંહોના વીડિયો અહીંના સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યા છે ત્યારે વધુ એક વીડિયો વાયરલ થયો છે. રાજુલા તાલુકાના પીપાવાવ પોર્ટ ફોરવે માર્ગ પર 24 કલાક ભારે વાહનોની અવર જવર રહે છે. ત્યારે આ ધમધમતા હાઈવેને સિંહ પરિવારે ક્રોસ કર્યો હતો.

સામે આવેલા વીડિયોમાં જોઈ શકાય છે કે, રાત્રીના સમયે એક સાથે 4 સિંહો શિકારની શોધમાં હાઈવે ઉપર આવતા ટ્રક ચાલક સિંહને જોઈ ધીરે ધીરે જઈ રહ્યો છે, ત્યારે સામેથી બાઈક ચાલક આવી જતા ઓચિંતા સિંહોને જોઈ બાઈક ચાલકે તુરંત જ યુટર્ન મારી દીધો હતો. જોકે સિંહોએ કોઈ હુમલાનો પ્રયાસ કર્યો ન હતો.

આંકલાવ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ગઠિયા વિરૂધ્ધ ફરિયાદ

# ખડા ગામે ખેતરમાં ટ્રાન્ફોર્મરમાંથી તાંબાની કોયલ અને ઓઈલની ચોરી



તારાપુર : તારાપુરના ખડા ગામે એક ખેડૂતના ખેતરમાં આવેલા વીજ જોડાણની ડીપીના ટ્રાન્સફોર્મરમાંથી ટ્રાન્સફોર્મરનું ઢાંકણ ખોલી તાંબાની કોયલ તથા ઓઈલની અજાણ્યા ઈસમો ચોરી કરી લઈ જતા તારાપુર એમજીવીસીએલના નાયબ ઈજનેર દ્વારા તારાપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવાઈ છે.

ખડા ગામે રહેતા વિજયસિંહ રણછોડજી ગોહિલના કાનાવાડા નભોઈ રોડ ઉપરની કંપની પાસે આવેલા ખેતરમાં આપવામાં આવેલા વીજ જોડાણની ડીપીના ટ્રાન્સફોર્મરમાંથી ટ્રાન્સફોર્મરનું ઢાંકણ ખોલી તાંબાની કોયલ અને ઓઈલની ચોરી થયાની જાણ ગ્રાહક દ્વારા ફોલ્ટ સેન્ટર પર કરવામાં આવી હતી. જેથી તારાપુર એમજીવીસીએલના નાયબ ઈજનેર હિતેશકુમાર અજયભાઈ પંચાલ દ્વારા સ્થળ તપાસ કરતા ૦૫ કેવીએના ટ્રાન્સફોર્મરની ડીપીમાંથી ૩૫ હજારની કિંમતની તાંબાની કોયલ તથા ઓઈલ ચોરી ગયાનું માલુમ પડતા તેમણે ગતરોજ તારાપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ત્યારે પોલીસે અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

અમદાવાદની યૂ.સી.આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે

# બેટી બચાઓ, બેટી પઢાઓ યોજના અંતર્ગત માસિક સ્વચ્છતા અંગેના જાગૃતિ કાર્યક્રમ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ




અમદાવાદની યૂ.સી.આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે બેટી બચાઓ, બેટી પઢાઓ યોજના અંતર્ગત માસિક સ્વચ્છતા અંગેના જાગૃતિ કાર્યક્રમનું આયોજન અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં માસિક ધર્મ દરમિયાન કેવી કાળજી રાખવી, ક્યા પ્રકારના ખોરાક લેવા જેવી માહિતી નિષ્ણાતો દ્વારા આપવામાં આવી હતી. ડિસ્ટ્રીક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વુમન ટીમના જેન્ડર સ્પેશિયાલિસ્ટ જીતેશ સોલંકી દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગ અમલીકૃત મહિલા કલ્યાણકારી યોજનાઓની માહિતી કોલેજની વિદ્યાર્થીનીઓને આપવામાં આવી હતી. આ ઉપરાંત સરકારની મહિલા સુરક્ષાને લગતી વિવિધ યોજનાઓ જેવી કે સખી વન સ્ટોપ સેન્ટર, પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર યોજના જેવી વિવિધ યોજનાઓની માહિતી હાજર નિષ્ણાંતો દ્વારા આપવામાં આવી હતી.

કોલેજની વિદ્યાર્થિનીઓને મેન્સ્ટ્રુઅલ હાઈઝીન કીટ તેમજ કોલેજને સેનેટરી પેડ વેન્ડીંગ મશીન અર્પણ કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત કાર્યક્રમમાં સ્પેશિયાલિસ્ટ ઈન ફાઈનાન્સ લીટ્રેસીના હેમલબહેન બારોટ, સોનલબહેન પરમાર, સખી વન સ્ટોપ સેન્ટર અસારવાના કેન્દ્ર સંચાલક મિત્તલબહેન પટેલ, પોલિસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર કારંજના કાઉન્સેલર મિત્તલબહેન ગોલાણી, 181 અભયમના કાઉન્સેલર સોનલબહેન સાહઠીયા, યુ. સી. કોલેજના આચાર્ય રૂપલબહેન પટેલ, અધ્યાપક ગોપલભાઈ લકુમ, કોલેજના અન્ય અધ્યાપકો તેમજ મોટી સંખ્યામાં કોલેજની દીકરીઓ ઉપસ્થિત રહી હતી.

નડિયાદ ગ્રામ્ય પોલીસની ગુનો નોંધી કાર્યવાહી

# બિલોદરા ચોકડી પરથી દારૂ ભરેલી કાર સાથે ચાલક ઝડપાયો



નડિયાદ : બિલોદરા ચોકડી પરથી ઈકોમાંથી રૂા. ૭૮ હજારની દારૂની ૬૪૮ બોટલો સાથે કારનો ચાલક ઝડપાયો હતો. રૂા. ૩.૮૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરી નડિયાદ રૂરલ પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

નડિયાદ ગ્રામ્ય પોલીસ શનિવારે રાત્રીના બે વાગ્યાના સુમારે પેટ્રોલીંગમાં નીકળી હતી. દરમિયાન બિલોદરા ચોકડીથી કમળા ચોકડી તરફ એક ઈકો ગાડીને ઈશારો કરતા ચાલકે ગાડી હંકારી મુકતા પોલીસે પીછો કરી ગાડીને ઝડપી પાડી હતી. પોલીસે દારૂ સાથે પકડાયેલા કાર ચાલકની પૂછપરછ કરતા ક્રિષ્ના ઉર્ફે કાળુ રૂપલાલ ડામોર રહે.છુંદરા, તાલુકો ખેરવાડા, જિલ્લા ઉદયપુર હોવાનું જણાવ્યું હતું. આ વિદેશી દારૂ જીતેન્દ્રસિંહ ઉર્ફે જીતુ રહે.આશાપુર, રાજસ્થાન એ ભરી આપ્યો હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસે આ ગાડીની તલાસી લેતા વિદેશી દારૂ પેટી નંગ ૨૭, કુલ બોટલ નંગ ૬૪૮ કિંમત રૂ.૭૭,૭૬૦નો જથ્થો મળી આવ્યો હતો. જ્યારે કાર ચાલકની તલાશી લેતાં મોબાઈલ ફોન રૂ.૫,૦૦૦નો તેમજ રોકડ રૂ.૬૦૦ મળી આવી હતી જેથી પોલીસે વિદેશી દારૂ તેમજ ઈકો ગાડી રૂ.૩ લાખની મળી કુલ રૂ.૩,૮૩,૩૬૦નો મુદ્દા માલ કબજે કર્યો હતો.

સીજીએસટીમાં ઈન્પુટ સર્વિસ ડિસ્ટ્રીબ્યુટરની વ્યાખ્યા બદલાવાઈ

# આઈજીએસટી એક્ટમાં સુધારો કરાતા હવે આઈએસડી માટે નોંધણી નંબર ફરજિયાત

ભાવનગર : કેન્દ્ર સરકાર દ્વારા સંસદમાં લેખાનુદાન ખરડો રજૂ કરવામાં આવેલ છે. આ ખરડાના કારણે ઈન્કમટેક્ષ અને જીએસટી ચૂકવતા કરદાતાઓને શું અસર થશે તે અંગે વિસ્તૃત જાણકારી મળી રહે તે હેતુથી સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા ઓલ ગુજરાત ફેડરેશન ઓફ ટેક્સ કન્સલ્ટન્ટ્સના સંયુક્ત ઉપક્રમે માર્ગદર્શન સેમીનારનું આયોજન કરાયું હતું. કાર્યક્રમના પ્રારંભમાં સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ દિલીપભાઈ કમાણીએ શાબ્દિક સ્વાગત સાથે જણાવેલ કે, રજૂ થયેલ બજેટમાં આવકવેરા અને જીએસટી અંગે થયેલ સુધારાઓથી વેપારીઓ, ઉદ્યોગકારો અને લોકો માહિતગાર બને અને તે મુજબ તેમની આથક નીતિ નક્કી કરી શકે તે હેતુથી આ સેમીનારનું આયોજન કરાયું છે. આવકવેરા અંગેના સુધારા બાબત અમદાવાદના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ જિગ્નેશભાઈ પરીખે સુધારાઓ અંગે વક્તવ્ય આપતા જણાવેલ કે, આવકવેરા ધારાની કલમ ૨૦૬-સી અંતર્ગત સુધારા કરવામાં આવેલ છે તે ઉપરાંત પણા બધા પ્રોવિઝન્સમાં જ્યાં તા. ૩૧-૩-૨૦૨૪ હતી તેમાં વધારો કરી તા. ૩૧-૩-૨૦૨૫ કરાઈ છે. ટ્રસ્ટના રજિસ્ટ્રેશન અથવા રી-રજિસ્ટ્રેશનના મુદ્દે તથા આવકવેરા ધારાની કલમ ૧૧૫-ટીડીના મુદ્દે અમુક સુધારાઓની અપેક્ષા હતી, જે ફાઈનલ બજેટમાં થશે તેવી અપેક્ષા છે.

ટેક્સના દરોમાં કોઈ ફેરફાર કરવામાં આવેલ નથી. ભાવનગરના ટેક્સ કન્સલ્ટન્ટ અને જીએસટીના નિષ્ણાત ભરતભાઈ શેઠે જીએસટીને લગતા સુધારાઓ અંગે વક્તવ્ય આપતા જણાવેલ કે, સીજીએસટીમાં ઈન્પુટ સર્વિસ ડિસ્ટ્રીબ્યુટર (આઈએસડી)ની વ્યાખ્યા બદલાવેલ છે. તેમજ આઈજીએસટી એક્ટમાં સુધારો કરી આઈએસડી માટે નોંધણી નંબર લેવો ફરજિયાત કરેલ છે. આ ઉપરાંત, તમાકુ, જર્દા વગેરેના ઉત્પાદકો માટે અલગથી માસિક રીટર્ન ભરવા તથા ઉત્પાદનમાં વપરાતા મશીનનું રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. આ અનુસંધાને સીજીએસટીમાં પેનલ્ટી માટેની નવી કલમ ઉમેરવામાં આવેલ છે. જે મુજબ મશીનનું રજિસ્ટ્રેશન ન કરાવે તો મશીન દીઠ ૧ લાખ સુધીની પેનલ્ટીની જોગવાઈ કરવામાં આવેલ છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, હાલમાં જીએસટી ડિપાર્ટમેન્ટ દ્વારા આઈટી બીગ ડેટા દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ મુદ્દાઓ અંગે ૨૦૧૭-૧૮ના વર્ષમાં નોટીસો આપવામાં આવેલ તથા તેના આદેશો પણ પસાર થઈ ગયેલ છે. આવા આદેશ કરવાની સમય મર્યાદા ૩ માસની છે. ૩ માસ વીતી ગયા પછી કાયદામાં કરવામાં આવેલ જોગવાઈ મુજબ અપીલ દાખલ થઈ શકતી નથી. તેવી જ રીતે ૨૦૧૮-૧૯માં આપવામાં આવેલ નોટીસો અન્વયે પણ જવાબ આપવો ખૂબ જ જરૂરી છે. અન્યથા ટેક્ષ વ્યાજ તથા દંડ સાથેની મોટી ડિમાન્ડ ઊભી થવાની મોટી શક્યતાઓ છે.

# નડિયાદમાં ખૂલ્લામાં જુગાર રમતા 3 શખ્સો ઝડપાઈ ગયા



નડિયાદ : અમદાવાદી દરવાજા પાસેની ખડકીમાં ખુલ્લામાં જુગાર રમતા ૩ શખ્સો ઝડપાયા હતા. નડિયાદ ટાઉન પોલીસે રૂા. ૧૦ હજારનો મુદ્દામાલ તથા જુગાર રમવાના સાધનો સાથે ત્રણેય જુગારીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

નડિયાદ ટાઉન પોલીસ પેટ્રોલિંગમાં નીકળેલ હતી. આ દરમિયાન તેઓને હકીકત જાણવા મળેલ કે અમદાવાદી દરવાજા પાસે આવેલ ખલીફાની ખડકીમાં સલીમભાઈ મહંમદહુસેન ખલીફા પોતાના અંગત ફાયદા માટે ખુલ્લામાં બહારથી લોકોને બોલાવી પત્તાપાનાનો હારજીતનો જુગાર રમાડે છે. જે બાતમી આધારે પોલીસે રેઈડ પાડી સલીમભાઈ મહંમદહુસેન ખલીફા, ફિરોજભાઈ ઉર્ફે મોહન નુરમહંમદ વ્હોરા, અલ્લારખા ઉર્ફે લારા અબ્દુલહુસેન શેખને ઝડપી પાડયા હતા. તેમની અંગજડતી તથા દાવ પરની રકમ મળી કુલ રૂ.૧૦,૩૯૦ નો મુદ્દામાલ તથા જુગાર રમવાના સાધનો સાથે ઝડપી પાડયા હતા. આ બનાવ અંગે નડિયાદ ટાઉન પોલીસે ૩ ઈસમો સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

કળિયુગના સંતાનો : 80 વર્ષના વૃદ્ધાની વહારે અભયમ

# એક માસથી પોતાના જ ઘરમાં બંધક વૃદ્ધાને અભયમની ટીમે મુક્ત કરાવ્યા




ભાવનગર : ભાવનગર શહેરમાં ૮૦ વર્ષના એક વૃદ્ધાને તેના જ સંતાનોને છેલ્લા એક મહિનાથી તેમના જ ઘરમાં બંધ કરી દીધા હતા. આડોશ પાડોશમાં રહેતા લોકો દ્વારા વૃદ્ધાને ભોજન તથા જરૂરી સામગ્રી આપવામાં આવતી હતી અને વૃદ્ધાને મુક્ત કરવા તેના સંતાનોને જાણ કરવામાં આવતી હતી. પરંતુ કોઈ પરિણામ નહિ મળતા અંતે આડોશ પાડોશમાં રહેતા લોકોએ મહિલા હેલ્પલાઈન ૧૮૧ અભયમને જાણ કરતા મહિલા હેલ્પલાઈનની ટીમે વૃદ્ધાને મુક્ત કરાવ્યા હતા.

શહેરમાં રહેતા એક ૮૦ વર્ષીય વૃદ્ધાને ગત તારીખ ૩૧ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ તેના દીકરા, પૌત્રી અને પૌત્રીના પતિએ તેમના જ ઘરમાં પૂરી દઈ બંધક બનાવી સંતાનો અન્ય જગ્યાએ રહેવા ચાલ્યા ગયા હતા. આડોશ પાડોશના લોકો દ્વારા વૃદ્ધાને મુક્ત કરાવવાના અનેક પ્રયત્નો કર્યા તથા આ સમયગાળા દરમિયાન વૃદ્ધાને જમવાનું અને અન્ય જરૂરી વસ્તુઓ બારીએથી આડોશ પાડોશ દ્વારા પૂરી પાડવામાં આવતી હતી. એક મહિના કરતાં વધારે સમય વીત્યા છતાં કોઈ પણ પરિવારજન વૃધ્ધાની પાસે કે વૃદ્ધાને મુક્ત કરાવવા નહિ આવતા અને પાડોશીઓએ ૧૮૧ મહિલા હેલ્પલાઈન અભયમને જાણ કરી હતી. મહિલા હેલ્પલાઈન ૧૮૧ની ટીમે સ્થળ પર જઈ વૃદ્ધા વિશે વિગતો મેળવી તેના પરિવારજનોને તાળું ખોલવા બોલાવ્યા હતા. લાંબો સમય સુધી તાળું ખોલવા માટે કોઈ નહિ આવતા અંતે સક્ષમ અધિકારીની હાજરીમાં ઘરનું તાળું તોડી વૃદ્ધ મહિલાને ૧૮૧ અભયમ દ્વારા મુક્ત કરાવવામાં આવ્યા હતા.

મળતી વિગતો અનુસાર વૃદ્ધાને આંખમાં ઓછું દેખાતું હતું. વૃદ્ધા ૧ મહિનો અને ૪ દિવસ જેટલા સમયથી ઘરમાં બંધ હોવાથી દૈનિક ક્રિયાઓ પણ ઘરમાં જ કરે તેવી સ્થિતિ નિર્માણ થઈ હતી. વૃદ્ધા ખૂબ જ ખરાબ સ્થિતિમાં ઘરમાં બંધ હતા. અંતે ૧૮૧ની ટીમે તેમને મુક્ત કરાવ્યા અને વૃદ્ધાના પરિવારજનોને બોલાવી ઘરની સાફસફાઈ કરવાનું જણાવી વૃદ્ધાની યોગ્ય રીતે સંભાળ રાખવા સમજાવ્યા હતા.

**વિરપુરના ધોરાવાડાથી ભાટપુરને જોડતો મુખ્ય માર્ગ બિસ્માર બન્યો** | વિરપુર : વિરપુર તાલુકાના ધોરાવાડા ગામથી ભાટપુરને જોડતો મુખ્ય માર્ગ બિસ્માર હાલતમાં ફેરવાઈ જતાં તેમજ ઝાડી ઉગી નીકળવાના કારણે વાહનચાલકો ભારે હાલાકી વેઠી રહ્યા છે. ત્યારે રોડ નવીનીકરણ તેમજ રોડની બંને બાજુ ટ્રિમિંગ નહીં થાય તો આંદોલનની ચિમકી ગ્રામજનોએ ઉચ્ચારી છે. વીરપુરથી ભાટપુરને જોડતા મુખ્ય માર્ગ પર અંદાજીત ૨૦થી ૨૫ ગામડાઓ આવેલા છે. ત્યારે રોડ ઉપરથી કપચી ઉડી રહી હોવાથી રોડ ધૂળીયો બની ગયો છે. આ રસ્તા ઉપર ભયજનક જોખમી ખાડા પડી ગયા હોવાથી વાહનચાલકો માટે આ રસ્તો માથાનો દુઃખાવો બન્યો છે. માર્ગ પર સપ્તાહ દરમ્યાન એક બે અકસ્માત પણ સર્જાઈ રહ્યા હોવાનું સ્થાનિકોનું કહેવું છે. રસ્તાની બંને બાજુ કાંટાળા ઝાડ ઊગીને નમી જવાના લીધે રોડ સાંકડો પણ થઈ ગયો છે. સામેથી આવતું વાહન પણ દેખાતું નથી. ત્યારે આ રોડનું નવીનીકરણ કરવા તેમજ રોડની બંને સાઇડ ઉપર ઊગી નીકળેલા ઝાડી ઝાંખરા દૂર કરવા ગ્રામજનોએ માંગણી કરી છે. જો આગામી સમયમાં આ રોડનું સમારકામ તેમજ બંને સાઈડ પર જંગલ કટીંગ કરવામાં નહીં આવે તો ગ્રામજનોએ ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે.

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આઇકોનિક તેમજ હેરિટેજ સ્થળો પર સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ**



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અમદાવાદ શહેરના પર્યટન સ્થળો, આઈકોનીક પ્લેસ, જાહેર સ્થળો, ઐતિહાસિક સ્મારકો તેમજ હેરિટેજ સ્થળોની સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ સ્વચ્છતા અભિયાનમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ, પદાધિકારીઓ તેમજ વિવિધ સંસ્થાઓ વોલેન્ટિયર્સ તેમજ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આણંદની બોરસદ વિધાનસભા ક્ષેત્રના કોંગ્રેસના બુથ સ્તરના કાર્યકર્તાઓ, સરપંચો સહીત

# 2500 કાર્યકર્તાઓ ભાજપા પ્રદેશ અધ્યક્ષની વિશેષ ઉપસ્થિતિમાં ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા

ગાંધીનગર સંવાદદાતા } વિજયવીર યાદવ



આણંદ જીલ્લાની બોરસદ વિધાનસભા ક્ષેત્રના કોંગ્રેસના બુથ સ્તરના કાર્યકર્તાઓ, સરપંચો સહીત 2500 કાર્યકર્તાઓ માન.પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલની વિશેષ ઉપસ્થિતિમાં ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા. આ કાર્યક્રમમાં સાંસદ મીતેશભાઇ પટેલે પ્રાસંગિક સંબોધન કર્યું હતું. આ પ્રસંગે સી.આર.પાટીલએ સૌ કાર્યકર્તાઓને ભારતીય જનતા પાર્ટીમાં પ્રવેશ આપી આવકાર્યા અને સંબોધન કરતા જણાવ્યું કે, આદરણીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનાં નેતૃત્વમાં સમગ્ર દેશ જ્યારે વિકાસ કરી રહ્યો હોય, સમગ્ર દુનિયામાં જ્યારે દેશનો ડંકો વાગતો હોય અને એવા સમયમાં આ ક્ષેત્રનાં વિકાસ માટે જ્યારે આપે આ નિર્ણય લીધો છે તે બદલ સૌને અભિનંદન આપું છું. પાટીલએ જણાવ્યું કે, વર્ષોથી એક કુટુંબનું અહિયાં રાજ હતું, અને આ રાજની અંદર શોષણ ચાલતું હતું, આજે ખરા અર્થમાં આઝાદીના ફળ આપ સૌના કારણે આ છે, મનમાં કંઇક કરી છૂટવાની ભાવના હોય છે પણ જ્યારે પાર્ટીના આગેવાનો દિશાહીન થઈ જાય, જે રામનાં નહિ થાય એ તમારા શું થાય અને એટલા માટે જ આપ સૌનો આ નિર્ણય યોગ્ય નિર્ણય છે. પાટીલએ વધુમાં જણાવ્યું કે, આદરણીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ જે કાર્ય કર્યું છે તે અકલ્પનીય છે. ફક્ત વિકાસ નહિ પરંતુ દેશની સંસ્કૃતિની પણ સાથે સાથે જાળવણી કરી છે. ફક્ત મંદિરનું નિર્માણ નથી કર્યું પરંતુ કોંગ્રેસે જે ઠાલા વચનો આપ્યા અને છેલ્લા 30 વર્ષની અંદર ખાતમુર્હત કરીને પુરા ન થયા હોય એવા કાર્યો આદરણીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ પહેલા પાંચ વર્ષની અંદર પૂર્ણ કર્યા છે. જ્યારે કહ્યું કે સાહેબ આ કાર્યો કોંગ્રેસ વખતનાં ખાતમુર્હત કરેલા છે ત્યારે સાહેબે કહ્યું કે કોંગ્રેસે લોકો સાથે વોટ લેવા માટે ખાતમુર્હત તો કાર્ય પણ તેનું કાર્ય પૂર્ણ નાં કર્યું અને પ્રધાનમંત્રી તરીકેની જવાબદારી છે કે આ તમામ કાર્યો મારે પૂર્ણ કરવાના છે અને તે કાર્યો પૂર્ણ મોદીએ કર્યા. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી હંમેશા કહે છે કે ચાર પ્રાયોરીટી આ દેશ માટે છે સૌથી પહેલા દેશના યુવાનો માટે હું સંકલ્પ બધ્ધ છું. આ દેશનો યુવાન શિક્ષિત છે અને તે નિરાશ ન થાય તેની જવાબદારી મારી છે અને તેના માટે યોજનાઓ બનાવી. બીજો સંકલ્પ મહિલાઓ માટે અને ૩૩% આરક્ષણ જો કોઈએ આપ્યું તો આ દેશમાં માત્ર નરેન્દ્રભાઈ મોદી સાહેબની સરકારે આપ્યું. નૌકાદળ, એરફોર્સ, આર્મી કે પાઈલોટ આ દરેક જગ્યાએ મહિલાઓ અગ્રેસર છે અને માત્ર આ જ ક્ષેત્ર નહિ પરંતુ દેશની તમામ મહત્વપૂર્ણ જવાબદારીઓમાં મહિલાઓ અગ્રેસર છે અને આ બધું જ આદરણીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના કારણે શક્ય છે. પાટીલ એ વધુમાં જણાવ્યું કે, આજે દેશમાં ગરીબ વ્યક્તિ કઈ રીતે ગરીબી માંથી બહાર આવી શકે તેના માટેની યોજનાઓ બનાવી અને તેની ચિંતા કરી અને આજે 24 કરોડ લોકો ગરીબી માંથી બહાર નીકળ્યા છે. હમણાં ગુજરાત વિધાનસભા ચુંટણીમાં દિલ્લીથી એક મહાઠગ આવીને ઠગવાના પ્રયત્નો કરતો હતો પરંતુ આ ગુજરાતની સ્વાભિમાની પ્રજાને લોભ લાલચ આપીને લલચાવી ન શકાય અને ગુજરાતની પ્રજાએ તેમને જડબાતોડ જાબ નાં શકાય અને ગુજરાતની પ્રજાએ તેમને જડબાતોડ જવાબ આપ્યો અને 126 બેઠકો પર તેમની ડીપોઝીટ જપ્ત થઇ ગઈ. હવે ચુંટણીમાં આવશે જેમ ચોમાસામાં દેડકા બહાર આવે તેમ આવીને લલચાવશે પરંતુ હવે દેશ અને ગુજરાતની પ્રજા સમજી ગઈ છે અને સાવધાન છે.

શાળાના ચોકીદાર અને પટ્ટાવાળા નવ મહિનાથી પગારથી વંચિત, તંત્રની ઉદાસીનતા સામે લોકોમાં કચવાટ

# માતલપર ગામે 132 વિધાર્થીઓ વચ્ચે સમ ખાવા પૂરતા 2 જ શિક્ષક

જેસર : જેસર તાલુકાની માતલપર સરકારી શાળામાં ધો. ૯ થી ૧૨ના વર્ગો ચાલે છે પરંતુ આ શાળામાં સમ ખાવા પૂરતા ફક્તને ફક્ત બે જ શિક્ષકો ફરજ બજાવી રહ્યા છે.જેથી આ પંથકના આશાસ્પદ તેજસ્વી વિદ્યાર્થીઓનું ભાવિ અંધકારમય બનવાની શકયતા સેવાઈ રહેલ છે. આ ગંભીર બાબતે ભણે ગુજરાતનો પ્રચાર કરતી સરકારની ઉદાસીનતાના વિરોધમાં શાળાને તાળાબંધી અને ધરણાનો કાર્યક્રમ આપવાની સ્થાનિકો દ્વારા ચિમકી ઉચ્ચારવામાં આવેલ છે. જેસર તાલુકામાં આવેલ માતલપર સરકારી શાળાનો વહિવટ તદ્દન ખાડે ગયો હોય તેવુ જણાવી જાગૃત ગ્રામજનોએ આક્રોશભેર જણાવ્યુ હતુ કે, આ શાળાનો એક શિક્ષક શાળાના વહિવટીકાર્યમાં તથા અન્ય સરકારી કાર્યક્રમમાં વ્યસ્ત રહેતો હોય હાલ ફક્ત એક જ શિક્ષક ૧૩૨ વિદ્યાર્થીને ભણાવી રહ્યો છે. તેમજ શાળાના વિદ્યાર્થીઓની સંખ્યા ૧૩૨ છે જેથી શાળામાં પાંચ શિક્ષકોની ઘટના લીધે બાળકોનું શિક્ષણ કાર્ય બગડે છે તેમજ ટૂંક સમયમાં જ ધો.૧૦ અને ધો.૧૨ ની બોર્ડની પરીક્ષા શરૂ થવાની છે ત્યારે તેની તેઓના પરિણામ ઉપર સીધી અસર પડશે તેવી ભીતિ સેવાઈ રહેલ હોય શિક્ષણ ખાતા દ્વારા ઝડપથી કાયમી શિક્ષકો મૂકી અને બાળકોનું શિક્ષણ સુધરે તેવા પ્રયત્નો કરાય તે જરૂરી છે. સમસ્ત ગ્રામજનો તથા વાલીગણ વતી માતલપરના સરપંચ ભરતભાઈ ભાલીયા દ્વારા અનેક વખત લેખિત તથા મૌખિક રજૂઆતો કરવા છતાં તેનું કંઈ પરિણામ આવ્યું નથી. તેઓએ શિક્ષણ મંત્રી, નાયબ શિક્ષણ નિયામક અને ધારાસભ્ય, તેમજ સાંસદ સુધી પણ રજૂઆતો કરવા છતાં માતલપર ગામની શાળાનો પ્રશ્ન હલ થતો નથી. જેથી હવે વાલીગણ દ્વારા જો માતલપર શાળામાં પૂરતા શિક્ષકો નહીં મૂકવામાં આવે તો શાળાને તાળાબંધી તથા ધરણા કાર્યક્રમ યોજવાની ગ્રામજનો તેમજ વાલીગણે તૈયારી બતાવી છે જેથી સરકાર વહેલી તકે શિક્ષકો મૂકે તેવી ગ્રામજનો તેમજ વાલીગણની માંગ છે.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**

તમે ક્યારેય કાર્યક્ષેત્રમાં થતાં ફેરફારોથી ડરતા નથી. પરંતુ, આજે સરકાર કે તંત્ર તરફથી કેટલાંક બદલાવ આવી રહ્યા છે જે તમને ખૂબ પરેશાન કરી શકે છે. હિંમત ના છોડવી વધારે સારું રહેશે.



**વૃષભ (બ,વ,ઉ)**

લાંબા સમય પછી આજે તમને કોઈ સારા સમાચાર મળશે. મહત્વપૂર્ણ કાર્ય પૂરા થતાં લાભદાયી તકો પ્રાપ્ત થશે. આ ઉપરાંત સામાજિક અને વ્યાવસાયિક ક્ષેત્રે આજનો દિવસ તમારા માટે લાભકારક રહેશે.



**મિથુન (ક,છ,ઘ)**

આજે તમે અનેક પ્રકારની મૂંઝવણોમાં રહેશો. એકતરફ તમારા પ્રેમી અથવા પ્રિય વ્યક્તિ માટે કોઈપણ વસ્તુ અથવા ભેટ ખરીદવાની ઉતાવળ થશે. બીજી તરફ તમારા કાર્યસ્થળમાં પણ કામનું દબાણ વધારે રહેશે.



**કર્ક (ડ,હ)**

તમે હંમેશાં બીજાના ભરોસે બેઠા છો. જો બીજા લોકો કાર્ય કરશે તો જ તમે કામ કરશો. તમારે આજે આ ટેવ બદલવી પડશે. નહીં તો તમે ઘણું ગુમાવશો. જે તમને નુકસાન પહોંચાડી શકે છે. સખત મહેનત કરવી.



**સિંહ (મ,ટ)**

આજે કેટલાંક લોકો તમારા કામમાં મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. તમે નારાજ થઈ શકો છો અને તમારા કાર્યો પૂરા કરતા પહેલા જ તે છોડી શકો છો. જો તમે આવી સમસ્યાઓ ઉકેલશો નહીં તો તમે ક્યારેય પ્રગતિ કરી શકશો નહીં.



**કન્યા (પ,ઠ,ણ)**

સમાજસેવા એક એવું ક્ષેત્ર છે જ્યાં તમારી બમણી પ્રગતિ થશે. જો તમે કોઈ સંસ્થા સાથે સંકળાયેલા છો તો સારી વાત છે. આજે તમને ઘણી તક મળશે, જેની સાથે તમને જીવનમાં સફળતા મળી શકે છે.



**તુલા (ર,ત)**

તમારા પ્રયત્નો રંગ લાવી રહ્યા છે. આજે તમારી આર્થિક સ્થિતિમાં સુધારો થશે. તમારા સાથીદારો પ્રત્યેનું તમારું વર્તન ઉદાર રહેશે અને તમે તેમની બધી ભૂલોને માફ કરવા માટે તૈયાર છો.



**વૃશ્ચિક (ન,ય)**

આજે તમે તમારા મિત્રો અને પ્રિયજનો માટે ખૂબ ચિંતા કરી શકો છો. તમારું કાર્ય છોડીને તમે અન્ય લોકો સાથે તેમના કોઈ કાર્યમાં ભાગ લઈને તમારો કિંમતી સમય બગાડો છો. આ ટેવ છોડો.



**ધન (ભ,ધ,ફ)**

આજે કાર્યસ્થળમાં બીજા પર ભરોસો રાખવાને બદલે તમારી મહેનત પર ધ્યાન કેન્દ્રિત કરો. જે તમને ફાયદો કરાવશે, નહીં તો તમારે આ ક્ષેત્રમાં ભારે નુકસાનનો સામનો કરવો પડી શકે છે.



**મકર (ખ,જ)**

તમારું મન સંત સાથેની મુલાકાતથી ખુશ રહેશે. તમે ગુસ્સે થશો ત્યારે પણ ગુસ્સો નહીં આવે. આની મદદથી તમે ખરાબ વાતાવરણને વધુ સારું બનાવી શકશો.



**કુંભ (ગ,શ,સ)**

આજે ભાવનાત્મક અને લાગણી સંબંધિત કેટલીક બાબતો સામે આવશે. પરંતુ જો તમારે કોઈ નિર્ણય લેવો હોય તો તે કાળજીપૂર્વક લો નહીં તો તમારી કરુણા અને ઉદારતા તમને મુશ્કેલીઓ ઊભી કરી શકે છે.



**મીન (દ,ચ,ઝ,થ)**

આજે ઉદાસ વલણ અને શંકાના વાદળ તમારા મનને ઘેરી લેશે. જે તમને માનસિક રીતે નુકસાન પહોંચાડી શકે છે. ઘરમાં શાંતિનું વાતાવરણ રહેશે. માતા-પિતા સાથે સારો સમય પસાર કરો.

## APJ સુરેન્દ્ર હોટેલ્સનો IPO ઓપન

# 7 ફેબ્ર. સુધી બિડ કરી શકશો, તમારે ઓછામાં ઓછા 14,880નું રોકાણ કરવું પડશે




મુંબઈ | Apeejay Surendra Park Hotels Limitedનો IPO આજે એટલે કે 5મી ફેબ્રુઆરીથી ખુલ્યો છે. રિટેલ રોકાણકારો આ માટે 7 ફેબ્રુઆરી સુધી બિડ કરી શકશે. આ IPOની પ્રાઈસ બેન્ડ પ્રતિ શેર 147-155 રાખવામાં આવી છે. કંપની આ ઈસ્યુ દ્વારા 920 કરોડ એકત્ર કરવા માગે છે. તેમાંથી, કંપની 600 કરોડના નવા શેર ઈશ્યૂ કરશે અને 320 કરોડના બાકીના શેર કંપનીના પ્રમોટરો દ્વારા વેચવામાં આવશે.
કંપની IPO દ્વારા એકત્ર કરાયેલા નાણાંનો ઉપયોગ તેના જૂના દેવાની ચૂકવણી અને કોર્પોરેટ હેતુઓ માટે કરશે. કંપનીના શેર 12 ફેબ્રુઆરીએ બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) પર લિસ્ટ થશે. જો તમે પણ આ IPOમાં પૈસા રોકવાનું વિચારી રહ્યા છો, તો અમે તમને જણાવી રહ્યા છીએ કે તમે તેમાં કેટલું રોકાણ કરી શકો છો.

## તમે ઓછામાં ઓછા 14,880નું રોકાણ કરી શકો છો

આ IPO માટે, છૂટક રોકાણકારે ઓછામાં ઓછા એક લોટ એટલે કે 96 શેર માટે અરજી કરવી પડશે. જો તમે IPO ના ઉપલા પ્રાઈસ બેન્ડ પર 155 પર 1 લોટ માટે અરજી કરો છો, તો તમારે 14,880નું રોકાણ કરવું પડશે. છૂટક રોકાણકારો વધુમાં વધુ 13 લોટ એટલે કે 1,248 શેર માટે બિડ કરી શકે છે, જેના માટે તેમણે 193,440નું રોકાણ કરવું પડશે. Apeejay Surendra Park Hotels એ ક્વોલિફાઈડ સંસ્થાકીય ખરીદદારો (QIBs) માટે ઈશ્યુનો 75% અનામત રાખ્યો છે.

## 1987માં શરૂ થયેલી આ કંપનીમાં હવે 27 હોટલ અને 80 રેસ્ટોરાં

1987માં સ્થપાયેલ Apeejay Surendra Park Hotels Limited, હવે The Park, The Park Collection, Zone by the Park, Zone Connect by the Park અને Stop by બ્રાંડ નામો હેઠળ 27 હોટેલ્સ સાથે હોસ્પિટાલિટી બિઝનેસ કરી રહી છે. આ હોટેલો કોલકાતામાં આવેલી છે. નવી દિલ્હી, ચેન્નાઈ, હૈદરાબાદ, બેંગ્લોર, મુંબઈ જેવા મોટા શહેરોમાં છે. કંપની તેની રિટેલ બ્રાન્ડ 'ફ્લરીઝ' દ્વારા રિટેલ ફૂડ અને બેવરેજ બિઝનેસમાં પણ છે. 31 માર્ચ, 2023 સુધીમાં, કંપની 80 રેસ્ટોરાં, નાઈટ ક્લબ અને બાર ચલાવી રહી છે.

# મુકેશ અંબાણી વિશ્વના બીજા પાવરફૂલ CEO...

## ઈલોન મસ્ક અને સુંદર પિચાઈને પાછળ છોડ્યા, બ્રાન્ડ ગાર્ડિયનશિપ ઈન્ડેક્સ 2024 જાહેર

નવી દિલ્હી | રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર મુકેશ અંબાણીએ સતત બીજા વર્ષે બ્રાન્ડ ગાર્ડિયનશિપ ઈન્ડેક્સ 2024માં બીજું સ્થાન મેળવ્યું છે. તેણે માઈક્રોસોફ્ટના સીઈઓ સત્ય નડેલા, ગુગલના સીઈઓ સુંદર પિચાઈ, એપલના ટિમ કૂક અને ટેસ્લાના ઈલોન મસ્કને પાછળ છોડી દીધા છે. આ સાથે તે 'ડાઈવર્સિફાઈડ' જૂથની શ્રેણીમાં ટોચના ક્રમાંકિત સીઈઓ પણ બની ગયા છે. બ્રાન્ડ ફાયનાન્સ દ્વારા જાહેર કરવામાં આવેલી યાદીમાં મુકેશ અંબાણીને ભારતીયોની યાદીમાં પ્રથમ અને વૈશ્વિક સ્તરે બીજા સ્થાને રાખવામાં આવ્યા છે. આ યાદીમાં ટેસેંટના CEO હુઆતેંગ મા પ્રથમ સ્થાને છે. બ્રાન્ડ ફાયનાન્સે અંબાણીને 80.3નો BGI સ્કોર આપ્યો, જે હુઆતેંગ માના 81.6ના સ્કોર કરતાં થોડો ઓછો છે. ટાટા સન્સના ચેરમેન એન ચંદ્રશેખરન પાંચમા સ્થાને પહોંચી ગયા છે. 2023ની રેન્કિંગમાં તે આઠમા નંબરે હતા. જ્યારે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના અનીશ શાહે છઠ્ઠો રેન્ક મેળવ્યો છે. તેમના પછી ઈન્ફોસિસના સલિલ પારેખ 16મા સ્થાને રહ્યા.



**બ્રાન્ડ ગાર્ડિયનશિપ ઇન્ડેક્સ શું છે :** બ્રાન્ડ ગાર્ડિયનશિપ ઈન્ડેક્સ એવા CEO ને માન્યતા આપે છે જેઓ તમામ હિસ્સેદારો, કર્મચારીઓ, રોકાણકારો અને સમાજના હિતોને ધ્યાનમાં રાખીને અસરકારક રીતે વ્યવસાયિક મૂલ્ય બનાવે છે. બ્રાન્ડ ફાયનાન્સ સર્વે CEOના સંતુલિત સ્કોરકાર્ડના આધારે મૂલ્યાંકન કરે છે જે તેમની કંપનીની બ્રાન્ડ અને લાંબા ગાળાના મૂલ્યનું સંચાલન કરવાની તેમની ક્ષમતાને માપે છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે 19 જાન્યુઆરી 2024 ના રોજ નાણાકીય વર્ષ 2023-24 ના ત્રીજા ત્રિમાસિક ગાળાના પરિણામો જાહેર કર્યા હતા. ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટર (Q3FY24)માં કંપનીનો ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે 9.3% વધીને રૂ. 17,265 કરોડ થયો છે. એક વર્ષ પહેલાં Q3FY23 માં કંપનીએ રૂ. 15,792 કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. જ્યારે છેલ્લા ક્વાર્ટરમાં એટલે કે Q2FY24માં કંપનીનો ચોખ્ખો નફો રૂ. 17,394 કરોડ હતો.

## ત્રીજા ક્વાર્ટરમાં કંપનીની આવક વધીને રૂ. 2.25 લાખ કરોડ થઈ છે

ત્રીજા ત્રિમાસિક ગાળામાં કામગીરીમાંથી કંપનીની આવક વધીને રૂ. 2.25 લાખ કરોડ થઈ છે. ગયા નાણાકીય વર્ષના સમાન સમયગાળામાં તે રૂ. 2.17 લાખ કરોડ હતું. જ્યારે પાછલા ક્વાર્ટરમાં કંપનીની આવક 2.32 લાખ કરોડ રૂપિયા હતી.

# પેટીએમનો ઉપયોગ કરતા નાના વેપારીઓ મુશ્કેલીમાં મુકાયા : કેટ




## બિઝનેસ અને પૈસાને સુરક્ષિત રાખવાની જરૂર

નવી દિલ્હી | પેટીએમ પેમેન્ટસ બૅન્કને રોજ નવા નવા ફટકા પડી રહ્યા છે. આરબીઆઇ તરફથી પ્રતિબંધનો સામનો કરી રહેલી બૅન્ક માટે હવે વધુ એક નિરાશાજનક સમાચાર આવ્યા છે. ટ્રેડર્સના સંગઠન 'કેટ'એ બિઝનેસ ટ્રાન્જેક્શન માટે પેટીએમના બદલે અન્ય પેમેન્ટ ઓપ્શનનો ઉપયોગ કરવા માટે વેપારીઓને અપીલ કરી છે. આરબીઆઇએ પેટીએમ વોલેટ અને બૅન્કના ઓપરેશન પર પ્રતિબંધ મૂકી દીધો હતો.
કેટે કહ્યું છે કે રિઝર્વ બૅન્કે પેટીએમ પર પ્રતિબંધ મૂક્યો છે. આથી નાના વેપારીઓને વિકલ્પ શોધવાની જરૂર છે. આનાથી તેમના પૈસા સુરક્ષિત રહેશે. સાથે સાથે કારોબાર કોઇ પણ રીતે રોકાયા વગર સતત ચાલશે.
કન્ફડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (કેટ)નું કહેવું છે કે નાના વેપારીઓ, વેન્ડર્સ, હોકર્સ અને મહિલા મોટી સંખ્યામાં પેટીએમ મારફતે બિઝનેસ ચલાવે છે. પેટીએમની સામે થઇ રહેલી કાર્યવાહીથી નાના વેપારીઓ મોટી મુશ્કેલીમાં ફસાઇ ગયા છે.
કેટના મહાસચિવ પ્રવીણ ખંડેલવાલે કહ્યું છે કે આરબીઆઇના એક્શનથી પેટીએમની નાણાંકીય સેવાઓ પર પણ ખતરો તોળાઇ રહ્યો છે.

# Paytmનાં શેર 3 દિવસમાં 50% ઘટ્યા : ટાટા મોટર્સના શેર 7% વધ્યા

મુંબઈ | સોમવારે (5 જાન્યુઆરી) શેરબજારમાં ઉછાળો જોવા મળી રહ્યો છે. સેન્સેક્સ 183 પોઈન્ટના વધારા સાથે 72,269 પર ખુલ્યો હતો. નિફ્ટીમાં પણ 68 પોઈન્ટનો વધારો થયો હતો. તે 21,921ના સ્તરે ખુલ્યો હતો. શરૂઆતના ટ્રેડિંગ દરમિયાન સેન્સેક્સના 30 શેરોમાંથી 16માં વધારો અને 14માં ઘટાડો જોવા મળ્યો હતો. ટાટા મોટર્સના શેરમાં 7%નો વધારો થયો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા 31 જાન્યુઆરીએ ઓનલાઈન પેમેન્ટ સર્વિસ કંપની Paytm પર લેવામાં આવેલી કાર્યવાહીની મોટી અસર કંપનીના શેર પર દેખાઈ રહી છે. કંપનીના શેર માત્ર 3 ટ્રેડિંગ દિવસોમાં 50% ઘટ્યા છે. આજે 10% નો ઘટાડો છે. અગાઉ ગુરુવાર અને શુક્રવારે તે 20-20% લપસી ગયો હતો. તમને જણાવી દઈએ કે 31 જાન્યુઆરીએ આરબીઆઈએ પેટીએમ પેમેન્ટ બેંકની બેંકિંગ સેવાઓ પર પ્રતિબંધ મૂકવાનો આદેશ જારી કર્યો હતો.



## આજથી APJ સુરેન્દ્ર હોટેલ્સ IPO માં રોકાણ કરવાની તક

Apeejay Surendra Park Hotels Limitedનો IPO આજથી એટલે કે 5મી ફેબ્રુઆરીથી ખુલશે. રિટેલ રોકાણકારો આ માટે 7 ફેબ્રુઆરી સુધી બિડ કરી શકશે. આ IPOની પ્રાઈસ બેન્ડ પ્રતિ શેર 147-155 રાખવામાં આવી છે. કંપની આ ઈસ્યુ દ્વારા 920 કરોડ એકત્ર કરવા માગે છે. આ IPO માટે, રિટેલ રોકાણકારે ઓછામાં ઓછા એક લોટ એટલે કે 96 શેર માટે અરજી કરવી પડશે. જો તમે 155ના IPOના ઉપલા પ્રાઈસ બેન્ડ પર 1 લોટ માટે અરજી કરો છો, તો તમારે 14,880નું રોકાણ કરવું પડશે. છૂટક રોકાણકારો વધુમાં વધુ 13 લોટ એટલે કે 1,248 શેર માટે બિડ કરી શકે છે, જેના માટે તેમણે 193,440નું રોકાણ કરવું પડશે.

**શુક્રવારે બજારમાં તેજી જોવા મળી હતી :** આ પહેલા શુક્રવારે (2 ફેબ્રુઆરી) શેરબજારમાં ઉછાળો જોવા મળ્યો હતો. સેન્સેક્સ 440 પોઈન્ટના વધારા સાથે 72,085 પર બંધ રહ્યો હતો. નિફ્ટીમાં પણ 156 પોઈન્ટનો ઉછાળો જોવા મળ્યો હતો, તે 21,853ના સ્તરે બંધ રહ્યો હતો. સેન્સેક્સના 30 શેરોમાંથી 20માં વધારો અને 10માં ઘટાડો જોવા મળ્યો હતો.

# SBI મ્યુચ્યુઅલ ફંડે SBI એનર્જી ઓપોર્ચ્યુનિટીઝ ફંડ લોન્ચ કર્યું

**- નવું ફંડ ઓફર 6 ફેબ્રુઆરી 2024, મંગળવારના રોજ ખૂલે છે અને 20 ફેબ્રુઆરી 2024, મંગળવારના રોજ બંધ થશ**
**- કેન્દ્રિત સરકારી નીતિગત બાબતોસાથે વિશ્વના સૌથી ઝડપથી વિકસતા એનર્જી બજારોમાંના એકમાં રોકાણ કરવાની તક**

મુંબઇ : SBI મ્યુચ્યુઅલ ફંડ ભારતનું સૌથી મોટું ફંડ હાઉસ છે જેમણે SBI એનર્જી ઓપોર્ચ્યુનિટીઝ ફંડ લોન્ચ કરવાની જાહેરાત કરી છે. જે એનર્જી થીમને અનુસરતી ઓપન-એન્ડેડ સ્કીમ છે. આ ફંડ સ્થાનિક અથવા વિદેશી કંપનીઓના શ્રેષ્ઠ મિશ્રણમાં રોકાણ કરશે, જેમ કે સંશોધન, ઉત્પાદન, વિતરણ, પરિવહન અને પરંપરાગત અને ન્યુ એનર્જીની પ્રક્રિયામાં સામેલ છે, જેમાં ઓઇલ એન્ડ ગેસ, યુટીલિટીઝ અને પાવર જેવા ક્ષેત્રોનો સમાવેશ થાય છે પરંતુ તે પૂરતો મર્યાદિત નથી. ન્યૂ ફંડ ઑફર (NFO) નો સમયગાળો 6 થી 20 ફેબ્રુઆરી, 2024 છે. SBI ફંડ્સ મેનેજમેન્ટ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી શમશેર સિંઘે જણાવ્યું હતું કે "એનર્જી ક્ષેત્ર એ ભારતના અનેક દાયકાની આત્મનિર્ભર સ્ટોરી છે કારણ કે આપણો દેશ ઉર્જાની અછતથી આત્મનિર્ભર બનવાનો ધ્યેય ધરાવે છે. COP26 (પંચામૃત વ્યૂહરચના), ગ્રીન હાઈડ્રોજન મિશન, ઈથેનોલ સંમિશ્રણ કાર્યક્રમ અને પરંપરાગત ઉર્જા ક્ષેત્રોમાં કેન્દ્રિત નીતિગત પહેલ જેવી ગ્રીન એનર્જી પહેલો પ્રત્યે આપણા દેશની પ્રતિબદ્ધતાઓ આપણા દેશની જરૂરિયાતોનેઅનુરૂપ ઉર્જા ક્ષેત્રને આગળ વધવા માટે પૂરતી ટેલવિન્ડ પૂરી પાડે છે. દેશના સૌથી મોટા ફંડ હાઉસ તરીકે, અમે માનીએ છીએ કે SBI એનર્જી ઓપોર્ચ્યુનિટીઝ ફંડ જેવા ફંડ્સ માટેનો સમય યોગ્ય છે કારણ કે તેઓ રોકાણકારોને એવી થીમથી લાભ આપવાનું અને પ્રદાન કરવાનું લક્ષ્ય રાખે છે જે એક પરિવર્તિત બિંદુ પર છે. એસબીઆઈ ફંડ્સ મેનેજમેન્ટ લિમિટેડના ડેપ્યુટી એમડી અને જોઈન્ટ સીઈઓ શ્રી ડી પી સિંઘે જણાવ્યું હતું કે, "એસબીઆઈ એનર્જી ઓપોર્ચ્યુનિટીઝ ફંડ એ ઈન્ડિયા એનર્જી સેક્ટરના ગ્રોથમાં ભાગ લેવાની તક છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પોલિસીના સંદર્ભમાં સેક્ટરે ઝડપી પ્રગતિ જોઈ છે. ક્ષેત્રની નફાકારકતામાં સુધારો કરવામાં મદદ કરે છે. ઐતિહાસિક રીતે, અર્થતંત્રમાં ઉર્જાનો વપરાશ સીધો આર્થિક વિકાસ સાથે જોડાયેલો છે. આપણો દેશ વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાની અપેક્ષા સાથે, તેના માથાદીઠ ઉર્જા વપરાશમાં પણ નોંધપાત્ર વૃદ્ધિ અને તક જોવા મળી શકે છે. ઉર્જા મૂલ્ય શૃંખલાના સમગ્ર સ્પેક્ટ્રમમાં અસ્તિત્વ ધરાવે છે. જે રોકાણકારો માને છે અને આ વૃદ્ધિ યાત્રાનો લાભ લેવા માગે છે તેઓએ તેમની જોખમ પ્રોફાઈલ અને પોર્ટફોલિયોની જરૂરિયાતોને અનુરૂપ ફંડમાં રોકાણ કરવું જોઈએ. આ યોજના મુખ્યત્વે એનર્જી (પરંપરાગત અને નવી) અને સંલગ્ન વ્યવસાયિક પ્રવૃત્તિઓ થીમ સાથે સંકળાયેલી કંપનીઓના ઈક્વિટી અને ઈક્વિટી સંબંધિત સાધનોમાં તેની સંપત્તિના 80 - 100% રોકાણ કરશે. (ઈક્વિટી ડેરિવેટિવ્સ સહિત) અન્ય ઈક્વિટી અને ઈક્વિટી સંબંધિત સાધનો (ઈક્વિટી ડેરિવેટિવ્સ સહિત), ડેટ સિક્યોરિટીઝ (સિક્યોરિટાઈઝ્ડ ડેટ અને ડેટ ડેરિવેટિવ્સ સહિત) અને મની માર્કેટ ઈન્સ્ટ્રુમેન્ટ્સ (ટ્રાઈ-પાર્ટી રિપોઝ સહિત)માં સંતુલન સાથે. અરજી માટે ઓછામાં ઓછી રકમ રૂ. 5,000 અને ત્યારબાદ તેના ગુણાંકમાં રૂ.1. રોકાણ એકસાથે અથવા SIP (દૈનિક, સાપ્તાહિક, માસિક, ત્રિમાસિક, અર્ધ-વાર્ષિક અને વાર્ષિક) દ્વારા કરી શકાય છે.

## સૉલિડ જોબ ડેટા પછી ડૉલર -રૂપિયો મજબૂત : સોનું તૂટ્યું

નવી દિલ્હી | શુક્રવારે જૉબ ડેટા બેહદ મજબૂત આવતાં મહિને રેટ કટ આવવાની આશા ઠગારી નીવડી હતી. ડૉલર સુધર્યો હતો. સોના-ચાંદી અને બેઝ મેટલ્સ તૂટ્યાં હતાં. જાન્યુઆરી મહિનામાં રોજગારીમાં ૩.૩૭ લાખનો વધારો થયો હતો, જે ગયા મહિનાના ૨.૧૬ લાખ કરતાં ઘણો વધારે હતો. માસિક પગારવધારો લગભગ બમણો નોંધાયો હતો. સૉલિડ જૉબ ડેટા જોતાં માર્ચ મહિનામાં રેટ કટ આવે એમ લાગતું નથી.
કદાચ મે મહિનામાં પણ રેટ કટ નહીં આવે. બુધવારે ફેડની બેઠકમાં ચૅરમૅન પોવેલે કહ્યું હતું કે અમેરિકામાં અર્થતંત્રના વિકાસની ગતિ સૉલિડ છે. ડિસેમ્બરના જૉબ ડેટા અપવર્ડ રિવાઇઝ કરાયા છે. બેરોજગારી દર ૩.૭ ટકા જેવો વિક્રમી નીચો છે. અમેરિકાનું શ્રમ બજાર બેહદ મજબૂત છે. રેટ કટ મોડા પડવાની અટકળે અમેરિકી શૅરબજારોમાં નફારૂપી વેચવાલી આવી હતી. ડૉલેક્સ ૧૦૨.૯૦થી સુધરી ૧૦૩.૮૨ આસપાસ મજબૂત બંધ હતો. સ્થાનિક બજારોની વાત કરીએ તો વચગાળાના બજેટમાં રાજકોષીય શિસ્ત, મૂડીખર્ચ અને સુધારા પરત્વે સકારાત્મક અભિગમ જળવાતાં આરંભિક વેચવાલી પછી સેન્સેક્સ અને નિફ્ટી નવી ઊંચાઈએ પહોંચ્યા હતા.\

# નોર્ધન આર્ક કેપિટલ લિમિટેડે આઈપીઓ માટે સેબીમાં ડીઆરએચપી ફાઈલ કર્યું

નવી દિલ્હી | ડાયવર્સિફાઇડ ફાઈનાન્શિયલ સર્વિસીઝ પ્લેટફોર્મ નોર્ધન આર્ક કેપિટલ લિમિટેડે બજાર નિયામક સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) સમક્ષ ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ ફાઈલ કર્યું છે. કંપની રૂ. 500 કરોડ સુધીના મૂલ્યના ફ્રેશ ઈશ્યૂ ("ફ્રેશ ઈશ્યૂ") અને 21,052,629 સુધીના ઈક્વિટી શેરના વેચાણની ઓફર ("ઓફર ફોર સેલ") ના દરેક રૂ. 10ની ફેસ વેલ્યુના ઈક્વિટી શેર દ્વારા આઈપીઓ થકી ફંડ એકત્રિત કરવાની યોજના ધરાવે છે. નોર્ધન આર્ક ભારતમાં વંચિત ઘરો અને વ્યવસાયોની વિવિધ રિટેલ ક્રેડિટ જરૂરિયાતો પૂરી કરવાના મિશન સાથે ઊભું કરવામાં આવેલું ડાયવર્સિફાઈડ ફાઈનાન્શિયલ સર્વસીઝ પ્લેટફોર્મ છે. નોર્ધન આર્ક માઈક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઈઝીસ (એમએસએમઈ) ફાઈનાન્સિંગ, માઈક્રોફાઈનાન્સ (એમએફઆઈ), કન્ઝ્યુમર ફાઈનાન્સ, વ્હીકલ ફાઈનાન્સ, અફોર્ડેબલ હાઉસિંગ ફાઈનાન્સ અને એગ્રીકલ્ચરલ ફાઈનાન્સ જેવા ભારતના ચોક્કસ ક્ષેત્રોમાં ધિરાણ ઉપલબ્ધ કરાવવાની નિપુણતા વિકસાવી છે. નોર્ધન આર્ક છેલ્લા 13, 14 અને 8 વર્ષથી અનુક્રમે એમએસએમઈ, એમએફઆઈ અને કન્ઝ્યુમર ફાઈનાન્સ સેક્ટરમાં કામ કરી રહી છે. વેચાણ માટેની ઓફરમાં લીપફ્રોગ ફાઈનાન્શિયલ ઈન્ક્લુઝન ઈન્ડિયા (ટુ) લિમિટેડ દ્વારા 49,22,949 સુધીના ઈક્વિટી શેર્સ, એક્યોન આફ્રિકા-એશિયા ઈન્વેસમેન્ટ કંપની દ્વારા 12,65,476 સુધીના ઈક્વિટી શેર્સ, ઓગસ્તા ઈન્વેસ્ટમેન્ટ 2 પીટીઈ લિમિટેડ દ્વારા 42,54,744 સુધીના ઈક્વિટી શેર્સ, એઈડ રોડ્સ ઈન્વેસ્ટમેન્ટ્સ મોરિશિયસ ટુ લિમિટેડ (અગાઉ એફઆઈએલ કેપિટલ ઈન્વેસ્ટમેન્ટ્સ (મોરિશિયસ) ટુ લિમિટેડ) દ્વારા 22,37,030 સુધીના ઈક્વિટી શેર્સ, દ્વારા ટ્રસ્ટ (જેનું પ્રતિનિધિત્વ તેના કોર્પોરેટ ટ્રસ્ટી, દ્વારા હોલ્ડિંગ્સ દ્વારા થાય છે (અગાઉ દ્વારા હોલ્ડિંગ્સ પ્રાઈવેટ લિમિટેડ તરીકે અને દ્વારા ટ્રસ્ટીશિપ સર્વિસીઝ પ્રાઈવેટ લિમિટેડ તરીકે ઓળખાતી)) દ્વારા 16,31,949 સુધીના ઈક્વિટી શેર્સ, 360 વન સ્પેશિયલ ઓપોર્ચ્યુનિટીઝ ફંડ (જે અગાઉ આઈઆઈએફએલ સ્પેશિયલ ઓપોર્ચ્યુનિટીઝ ફંડ - સિરીઝ 2 તરીકે ઓળખાતું હતું) દ્વારા 50,00,000, 360 વન સ્પેશિયલ ઓપોર્ચ્યુનિટીઝ ફંડ - સિરીઝ 2 (જે અગાઉ આઈઆઈએફએલ સ્પેશિયલ ઓપોર્ચ્યુનિટીઝ ફંડ - સિરીઝ 2 તરીરેક ઓળખાતું હતું) દ્વારા 1,07,696 સુધીના ઈક્વિટી શેર્સ, 360 વન સ્પેશિયલ ઓપોર્ચ્યુનિટીઝ ફંડ - સિરીઝ 3 (અગાઉ આઈઆઈએફએલ સ્પેશિયલ ઓપોર્ચ્યુનિટીઝ ફંડ - સિરીઝ 3 તરીકે ઓળખાતું હતું) ના દ્વારા 47,373 સુધીના ઈક્વિટી શેર્સ, 360 વન સ્પેશિયલ ઓપોર્ચ્યુનિટીઝ ફંડ - સિરીઝ 4 (જેઅગાઉઆઈઆઈએફએલ સ્પેશિયલ ઓપોર્ચ્યુનિટીઝ ફંડ - સિરીઝ 4 તરીકે ઓળખાતું હતું) દ્વારા 1,62,817 સુધીના ઈક્વિટી શેર્સ 360 વન સ્પેશિયલ ઓપોર્ચ્યુનિટીઝ ફંડ - સિરીઝ 5 (જેઅગાઉઆઈઆઈએફએલ સ્પેશિયલ ઓપોર્ચ્યુનિટીઝ ફંડ - સિરીઝ 5 તરીકે ઓળખાતું હતું) 1,33,595 સુધીના ઈક્વિટી શેર્સ, 360 વન સ્પેશિયલ ઓપોર્ચ્યુનિટીઝ ફંડ - સિરીઝ 6 (જે અગાઉ આઈઆઈએફએલ સ્પેશિયલ ઓપોર્ચ્યુનિટીઝ ફંડ - સિરીઝ 6 તરીકે ઓળખાતું હતું) દ્વારા 5,481 સુધીના ઈક્વિટી શેર્સ, 360 વન સ્પેશિયલ ઓપોર્ચ્યુનિટીઝ ફંડ - સિરીઝ 7 (જે અગાઉ આઈઆઈએફએલ સ્પેશિયલ ઓપોર્ચ્યુનિટીઝ ફંડ - સિરીઝ 7) દ્વારા 1,32,299 ઈક્વિટી શેર્સ, સુમિતોમો મિત્સુઈ બેંકિંગ દ્વારા 11,51,220 સુધીના ઈક્વિટી શેર્સ (સંયુક્તપણે "વેચાણકર્તા શેરધારકો" અને દરેક વ્યક્તિગતપણે "વેચાણકર્તા શેરધારકો" અને "વેચાણકર્તા શેરધારકો" દ્વારા ઈક્વિટી શેર્સના વેચાણની આવી ઓફર "વેચાણ માટેની ઓફર") સહિત 2,10,52,629 ઈક્વિટી શેર્સનો સમાવેશ થાય છે.

## એમ્બેસી આરઈઆઈટીએ નવ મહિનામાં 6.5 મિલિયન સ્ક્વેર ફૂટનું સંપૂર્ણ વર્ષનું લીઝિંગ ગાઇડન્સ હાંસલ કર્યું

બેંગાલુરુ : ભારતની પ્રથમ લિસ્ટેડ આરઈઆઈટી અને વિસ્તારની દ્રષ્ટિએ એશિયામાં સૌથી મોટી ઓફિસ આરઈઆઈટી એવી એમ્બેસી ઓફિસ પાર્ક્સ આરઈઆઈટી (NSE: EMBASSY / BSE: 542602) ('Embassy REIT') એ 31 ડિસેમ્બર, 2023ના રોજ પૂરા થતા ત્રિમાસિક ગાળા માટેના આજે પરિણામો જાહેર કર્યા હતા. એમ્બેસી આરઈઆઈટીના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અરવિંદ મૈયાએ જણાવ્યું હતું કે એમ્બેસી આરઈઆઈટી માટે આ ખૂબ જ નોંધપાત્ર ત્રિમાસિક ગાળો રહ્યો હતો. અમને એ જાહેરાત કરતા આનંદ થાય છે કે અમે માત્ર નવ મહિનામાં જ વાર્ષિક લીઝિંગ ગાઈડન્સ હાંસલ કર્યુ છે. અમારી 2.2 એમએસએફનું પ્રી-લીઝિંગ ત્રણ જાણીતા ગ્લોબલ કંપનીઓને કરવામાં આવ્યું છે તે દર્શાવે છે કે ભારત જીસીસી માટે ઊભરતું બિઝનેસ હબ તરીકે ચાલુ છે. વધુને વધુ મલ્ટીનેશનલ કંપનીઓ ભારતમાં તેમના સેન્ટર્સ ઊભા કરી રહી છે ત્યારે તેમની પ્રતિભાઓને કામ કરવા માટે પ્રિમિયમ ઓફિસ સ્પેસની તેમની જરૂરિયાત આગામી વર્ષોમાં ખૂબ જ વધશે. ઈન્સ્ટ્રુમેન્ટ્સના કોમ્બિનેશન દ્વારા રૂ. 2,600 કરોડનું અમારું રિફાઈનાન્સ અમારા ડેટ પોર્ટફોલિયોને મેનેજ કરવાની વધુ ફ્લેક્સિબિલિટી પૂરી પાડે છે. છેલ્લે, અમારા બિઝનેસની તાકાત તાજેતરમાં સ્પોન્સર હિસ્સાના વેચાણમાં ઈક્વિટી રોકાણકારોના અભૂતપૂર્વ પ્રતિસાદ પરથી જોઈ શકાય છે જેમાં અમારું પબ્લિક ફ્લોટ વધીને 92 ટકા થયું હતું અને સાચા અર્થમાં ડાયવર્સિફાઈડ બ્લ્યૂ-ચિપ યુનિટહોલ્ડર બેઝ ઊભો થયો હતો. એમ્બેસી ઓફિસ પાર્ક્સ મેનેજમેન્ટ સર્વિસીઝ પ્રાઈવેટ લિમિટેડ ('EOPMSPL') ના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, એમ્બેસી આરઈઆઈટીના મેનેજરે આજે યોજાયેલી બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠકમાં નાણાંકીય વર્ષ 2024ના ત્રીજા ત્રિમાસિક ગાળા માટે યુનિટ દીઠ રૂ. 5.2નું અથવા રૂ. 493 કરોડનું ડિસ્ટ્રીબ્યુશન જાહેર કર્યું હતું. નાણાંકીય વર્ષ 2024ના ત્રીજા ત્રિમાસિક ગાળાના ડિસ્ટ્રીબ્યુશનની રેકોર્ડ તારીખ 12 ફેબ્રુઆરી, 2024 છે અને ડિસ્ટ્રીબ્યુશન 17 ફેબ્રુઆરી, 2024 કે તે પહેલા ચૂકવવામાં આવશે.

## અદાણીનો USD 1.2 બિલિયનના રોકાણ સાથે કચ્છમાં નિર્માણાધિન કોપર પ્લાન્ટ ભારતના ધાતુ ક્ષેત્રના ચળકાટમાં અભિવૃધ્ધિ કરશે

નવી દિલ્હી | અબજોપતિ ગૌતમ અદાણીના વડપણ હેઠળના વૈવિધ્યસભર ઉદ્યોગોના ભારતના શિરમોર અદાણી સમૂહનો ગુજરાતમાં કચ્છના મુંદ્રા ખાતે ફક્ત એક જ સ્થળ ઉપર USD 1.2 બિલિયનના મૂડી રોકાણથી. નિર્માણ પામી રહેલો વિશ્વનો સૌથી મહાકાય તાંબાનો ઉત્પાદન પ્લાન્ટ ધાતુ (મેટલ)ના ઉત્પાદન ક્ષેત્રની કાયાપલટ કરવા ઉપરાંત તાંબાની આયાત ઉપર ભારતની નિર્ભરતા ઘટાડવામાં અને ઊર્જા સંક્રમણમાં ગણનાપાત્ર મદદ કરશે.
અદાણી નેચરલ રીસોર્સીઝના સી.ઇ.ઓ. અને કચ્છ કોપર લિ.ના મેનેજિંગ ડિરેક્ટર ડો.વિનય પ્રકાશે આ માહિતી આપતા કહ્યું હતું કે મબલખ રોકાણ ધરાવતી તાંબા ઉત્પાદનની આ સુવિધા હેઠળ પ્રથમ તબક્કકાની કામગીરીનો આવતા માર્ચ માસના અંત સુધીમાં આરંભ કરવામાં આવશે અને નાણાકીય વર્ષ-૨૯ના માર્ચ મહિના સુધીમાં એક મિલિયન ટનની ક્ષમતા હાંસલ કરવામાં આવશે, તેમણે કહ્યું કે ફોસિલ ફ્યુઅલ યાને કે અશ્મિભૂત ઇંધણથી સંક્રમણથી દૂર હટવા માટે નિર્ણાયક તાંબાના ઉત્પાદનમાં ઝડપથી વધારો કરી રહેલા ચીન અને અન્ય દેશોમાં આ પ્રોજેક્ટ સાથે ભારત જોડાયું છે તે એક મહત્વનો ટર્નિંગ પોઇન્ટ છે. ઈલેક્ટ્રિક વાહનો માટેનું ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, .સોલર ફોટોવોલ્ટેઈક્સ (PV), પવન અને બેટરી જેવા ઉર્જા સંક્રમણ માટે મહત્વપૂર્ણ ટેક્નોલોજીઓમાં તાંબાની જરૂર પડે છે. ડો. વિનય પ્રકાશે જણાવ્યું હતું કે અદાણી સમૂહની મુખ્ય અદાણી એન્ટરપ્રાઇઝ લિ.(AEL) ની પેટા કંપની કચ્છ કોપર લિમિટેડ (KCL) બે તબક્કામાં વાર્ષિક એક મિલિયન ટનની ક્ષમતા સાથે રિફાઈન્ડ કોપરના ઉત્પાદન માટે ગ્રીનફિલ્ડ કોપર રિફાઈનરી પ્રોજેક્ટની સ્થાપના કરી રહી છે. પ્રોજેક્ટના ફંડીંગ વિષે તેમણે કહ્યું હતું કે કચ્છ કોપર લિ.એ. વાર્ષિક ૫ લાખ ટનની ક્ષમતાના પ્રથમ તબક્કા માટે જૂન -૨૨ માં સિન્ડિકેટેડ ક્લબ લોન દ્વારા ફાયનાન્સિયલ ક્લોઝર હાંસલ કર્યું હતું. 'તાંબાના વ્યવસાયમાં અદાણી વૈશ્વિક નેતૃત્વ લેવાનો ઈરાદો ધરાવે છે, અદાણી સમૂહ તેની રિસોર્સ ટ્રેડિંગ, લોજિસ્ટિક્સ, રિન્યુએબલ પાવર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં મજબૂત સ્થિતિનો લાભ ઉઠાવી નવા ક્ષેત્રોમાં આગળ વધી રહ્યું છે,' એમ જણાવતા તેમણે હતું. કે ' ૨૦૩૦ સુધીમાં વિશ્વનું સૌથી મોટું કોપર સ્મેલ્ટિંગ સંકૂલ બનવાનું કંપનીનું લક્ષ્ય છે.'

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2080, પોષ વદ-12

# રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા સાથે લોકસભા ચૂંટણીનો શંખનાદ !

ભાજપે પોતાની વ્યૂહરચના અનુસાર ૨૦૨૪ લોકસભાની ચૂંટણીમાં 'અબ કી બાર ૪૦૦ પાર'નું મિશન પાર પાડવા એડીથી ચોટી સુધીનું જોર લગાવવાની શરૂઆત કરી દીધી છે. એ વાતમાં થોડા સમય પહેલા સોશિયલ મીડિયામાં ચૂંટણીપંચનો એક પરિપત્ર લીક થયાનો અહેવાલ વાયરલ થયો, જેમાં ચૂંટણી અધિકારીઓને ૧૯મી એપ્રિલથી લોકસભાની ચૂંટણીઓ યોજાવાની છે એ મતલબની તૈયારી કરવા સબબ સૂચનાઓ જારી કરાઈ હતી. આ અહેવાલો સમગ્ર સોશિયલ મીડિયા જગતમાં અને રાજકીય વર્તુળોમાં વાયરલ થતાં ચૂંટણીપંચે ખુલાસો કરવાની ફરજ પડી કે, આ તારીખ માત્ર 'રેફરન્સ સંદર્ભમાં એક અંદાજિત તારીખ તરીકે મૂકવામાં આવી હતી. વિધિવત રીતે ચૂંટણીની જાહેરાત યોગ્ય સમયે ઔપચારિક ઢબે થશે.' ત્યારે રાજકીય મોરચે ચર્ચા છે કે ૨૨મી જાન્યુઆરીએ અયોધ્યામાં રામમંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ બાદ ભાજપે વિધિવત રીતે ચૂંટણીની તૈયારીનો શંખનાદ ફૂંકી દીધો છે. રામમંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ દરમિયાન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક મોહન ભાગવતે બંધુત્વનો સંદેશો આપ્યો, તો વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રામકાજ સંપન્ન થયા બાદ રાષ્ટ્રકાજ માટે આહ્વાન કરતાં તમામ વિપક્ષોને સાણસામાં તો લીધા જ, પરંતુ સાથોસાથ સલાહ પણ આપી કે રામમંદિર નિર્માણનો વિરોધ કરતા તમામ વિરોધીઓ અને વિપક્ષોએ અયોધ્યામાં આવીને આધ્યાત્મિક ઊર્જાનો અનુભવ કરવો જોઈએ. રામ કોઈ સમસ્યા નથી, પરંતુ તમામ સમસ્યાઓનું સમાધાન છે. અતીતને વર્તમાન સાથે જોડતી એક શાશ્વત કડી છે. ટૂંકમાં, રામ ભગવાનનું માહાત્મ્ય સમજાવતાં વડાપ્રધાન મોદીએ એક તીરથી ઘણા નિશાન સાધ્યાં. રામને રાષ્ટ્ર અને વિશ્વ બંધુત્વની સાથે જોડીને સાગરથી સરયૂ સુધીની યાત્રા સમજાવતાં પીએમ મોદીએ કહ્યું કે, ભગવાન રામ તો ભારતનો આધાર છે, વિચાર છે, વિધાન છે, ચેતના છે, ચિન્તન છે, તો વિપક્ષોએ આ પરિપ્રેક્ષ્યને સમજવાની આવશ્યકતા છે કે જ્ઞાતિવાદના મુદ્દાનો વડાપ્રધાન મોદીએ છેદ ઉડાવી દીધો છે અને હિન્દુત્વની વાતને અત્યંત પ્રભાવી પુરવાર કરી છે. રામમંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવના બીજા જ દિવસે ભાજપે ગુજરાતથી લોકસભા ચૂંટણીનો જંગ જીતવા રણશિંગુ ફૂંકી દીધું છે. રામમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની નજીક જ તમામ ૨૬ લોકસભા મતવિસ્તારમાં મધ્યસ્થ કાર્યાલયની શરૂઆત કરી રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાએ ગુજરાતની તમામ ૨૬ બેઠકો જીતવાના વિધાનનો પુનરુચ્ચાર થઈ રહ્યો છે. ભાજપ પાસે નરેન્દ્ર મોદીનું નેતૃત્વ છે. રામના નામે હિન્દુત્વની મતબેન્ક સંગઠિત થઈ ચૂકી છે. અયોધ્યામાં રામમંદિર નિર્માણ બાદ કાશીમાં જ્ઞાનવાપી મસ્જિદ એટલે કે શિવજી અને મથુરામાં કૃષ્ણ જન્મભૂમિનું આંદોલન ધીમી આંચે પકાવવામાં આવશે. સાથોસાથ જ્ઞાતિવાદનાં સમીકરણોને સંતુલિત કરવા ગરીબો ઉપરાંત કિસાનો, મહિલાઓ અને યુવાનોને ભાજપ તરફ વધુ આકર્ષિત કરવાનો પ્રયાસ સભાનતાપૂર્વક થઈ રહ્યો છે. સામા પક્ષે કોંગ્રેસ પાર્ટીના સુપ્રીમો ગણાતા રાહુલ ગાંધી પૂર્વોત્તરમાં મણિપુર, મેઘાલયથી માંડીને મહારાષ્ટ્ર સુધીની પદયાત્રામાં વ્યસ્ત છે અને ઈન્ડિયા ગઠબંધનના સાથીપક્ષો સાથે હજી બેઠકોની વહેંચણીનું કોકડું ઉકેલાઈ રહ્યું નથી.

### બાળકીને ઉચ્ચ અધિકારીના માર્ગદર્શન હેઠળ તાત્કાલિક ધોરણે ઓકિસજન સહીતની સ્થળ પર જ સારવાર આપી પાટણ સિવિલ હોસ્પિટલ લઈ જવાઈ

# પાટણના સુજનીપુર નજીકથી ત્યજી દીધેલ હાલતમાં બાળકી મળી આવી

નિતીન ઠાકર ચાણસ્મા

પાટણ શહેરની અંદર આવેલ સુજનીપુર પાસેના સૂર્યનગર નજીક ના ક્રિષ્ના રો હાઉસ ના ગેટ નજીક થી એક ખેડૂત ને વહેલી સવારે સાતેક વાગ્યાના સુમારે પોતાના ખેતરે જઈ રહ્યા હતા તે દરમિયાન ત્યજી દીધેલ હાલતમા બાળકી મળી આવતા ખેડૂત દ્વારા તાત્કાલિક પોતાની બહેન સહીત આજુ બાજુના રહીશોને જાણ કરાતા તુરંત જ લોકોના ટોળે ટાળા એકઠા થઈ જવા પામ્યા હતા તેમજ ૧૦૮ તેમજ ૧૮૧ મહિલા હેલ્પ લાઈનને જાણ કરવામાં આવી હતી તેમજ ઘટનાની જાણ ૧૦૮ ને થતા પાયલોટ ગુલાબ ખાન તેમજ ઈ. એમ .ટી પુજા બેન ગોસ્વામી દ્વારા ઘટના સ્થળે દોડી આવી બાળકી ને ઉચ્ચ અધિકારીના માર્ગદર્શન હેઠળ તાત્કાલિક ધોરણે ઓકિસજન



સહીતની સ્થળ પર જ સારવાર આપી પાટણ સિવિલ હોસ્પિટલ લઈ જવાઈ હતી.

ગુજરાત સરકાર દ્વારા એક બાજુ બેટી બચાઓ બેટી પઢાઓ અભિયાન ચલાવવામા આવી રહ્યુ છે તેમજ બાળકીઓ માટે વ્હાલી દીકરી સહીતની યોજનાઓ બહાર પાડી મહિલાઓ ને પ્રોત્સાહીત કરી રહી છે ત્યારે કેટલાક નિષ્ઠુર લોકો પોતાના પાપ છુપાવવા તાજા જન્મેલ બાળકોને રસ્તા પર જ જાહેરમા ફેકી દેવાની ઘટનાઓ પ્રકાશમા આવતી હોય છે ત્યારે વધુ એક ઘટના આજરોજ પાટણ ખાતે બનવા પામી હતી જેમા સુજનીપુર નજીક આવેલ ક્રિષ્ના રો હાઉસના ગેટ નજીકથી વહેલી સવારે ધીરજી ભાઈ ભીલ નામના એક ખેડૂત પોતાના ખેતર જઈ રહ્યા હતા તે દરમિયાન ત્યજી દીધેલ હાલતમાં બાળકી નજરે પડતા તેઓ દ્વારા પોતાની બહેન સહીત આજુ બાજુના રહીશોને જાણ કરાતા ટોળે ટોળા ઉમટી પડ્યા હતા તેમજ ૧૦૮ ને જાણ કરાતા ઘટના સ્થળે દોડી આવી તાત્કાલિક ઓકિસજન સહિતની સારવાર આપી પાટણ સીવીલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી જ્યા હાજર તબીબો દ્વારા બાળકીનું મેડિકલ ચેક કરી આઈ સી યુ મા દાખલ કરાઈ હોવાનુ જાણવા મળ્યા હતુ તેમજ પોલિસ સહીતનો આરોગ્ય અધિકારી ઓનો કાફલો હોસ્પિટલ ખાતે દોડી આવી વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું હતું.

### બાળકી ચારથી પાચ દિવસની હોવાનુ અનુમાન

સ્થળ પર પહોંચી બાળકીને સારવાર આપનાર ૧૦૮ ઈમરજન્સી ના સ્ટાફ સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે બાળકી ચારથી પાંચ દિવસની હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે તેમજ બાળકી વહેલી સવારે મળી આવી હતી તે દરમિયાન બાળકી પર અસંખ્ય કીડીઓ ચોંટેલી હોય 108 ના ઈ એમ ટી પૂજાબેન ગોસ્વામી દ્વારા બાળકી પર ચોટી રહેલી કીડીઓ ને દૂર કરીને તાત્કાલિક ઓક્સિજન આપવામાં આવ્યું હતું તેમજ પાટણ ખાતે લાવવામાં આવી હતી .

### સ્થાનિક રહીશોએ માનવતા મહેકાવી

વહેલી સવારે ત્યાંથી પસાર થતા ખેડૂતને ત્યજી દેવાયેલી હાલતમાં બાળકી મળી આવતા તાત્કાલિક તેઓ દ્વારા પોતાની બહેન સહિત આજુબાજુના લોકોને જાણ કરતાં તાત્કાલિક આજુબાજુના લોકો સહિત મહિલાઓ પણ એકઠી થઈ જવા પામી હતી અને મહિલાઓ દ્વારા બાળકીને માતાની હુંફ આપીને તંત્રને જાણ કરી હતી .

# દાહોદ જિલ્લામાં 07 ફેબ્રુઆરીથી 18 ફેબ્રુઆરી સુધી ભ્રમણ કરશે વિકસિત ભારત સંકલ્પ યાત્રા

### કલેક્ટર શ્રી યોગેશ નિરગુડેના અધ્યક્ષ સ્થાને વિકસિત ભારત સંકલ્પ યાત્રાની સમીક્ષા બેઠક યોજાઇ

દિપક રાવલ - દાહોદ

સરકારની વિવિધ ૧૭ જેટલી યોજનાઓની માહિતી અને લાભો ઘરઘર સુધી પહોંચાડવા માટે દાહોદ જિલ્લામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા ગામેગામ ફરવાની છે. આ માટે કેન્દ્ર સરકાર દ્વારા દાહોદ જિલ્લાને રથોની ફાળવણી કરવામાં આવી છે. આ રથના ગામોમાં આગમન સાથે વિવિધ પ્રકારના કાર્યક્રમો પણ યોજાશે.



વિકસિત ભારત સંકલ્પ યાત્રાના સુચારૂ સંચાલન માટે મળેલી બેઠકમાં કલેક્ટર શ્રી યોગેશ નિરગુડે એ જણાવ્યું કે, આ યાત્રા દરમિયાન સરકારની વિવિધ યોજનાઓની માહિતી અને લાભો પાત્રતા ધરાવતા નાગરિકોને આપવાના છે. યાત્રા દરમિયાન દાહોદ જિલ્લામાં સો ટકા લાભાર્થીઓને વિવિધ યોજના હેઠળ આવરીને આયોજન સાથે યોજનાની માહિતી લોકો સુધી પહોંચે એ માટે ગામડાઓમાં સંબંધિત વિભાગના અધિકારીઓ દ્વારા માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવ્યું. વિકસિત ભારત સંકલ્પ યાત્રા દરમિયાન આયુષ્યમાન ભારત યોજના, પ્રધાન મંત્રી ગરીબ અન્ન કલ્યાણ યોજના, દીનદયાલ અંત્યોદય યોજના, પ્રધાન મંત્રી આવાસ યોજના, ઉજ્જવલા યોજના, પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના, કિસાન સન્માન યોજના, કિસાન ક્રેડિટ કાર્ડ, પોષણ અભિયાન, જલજીવન મિશન, સ્વામિત્વ યોજના, જનધન યોજના, જીવન જ્યોતિ વીમા યોજના, સુરક્ષા વીમા યોજના, અટલ પેન્શન યોજના, પ્રાકૃતિક કૃષિ અને રસાણિક ખાતરોનો વપરાશ ઓછો કરવા સહિતની ૧૭ યોજનાઓને આવરી લેવામાં આવી છે. સરકારની યોજનાને સેચ્યુરેશન પોઈન્ટ સુધી લઈ જવા માટે પાત્રતા ધરાવતા એક પણ લાભાર્થી છૂટી ના જાય એ પ્રયત્નો કરવા તેમણે સૂચના આપી હતી.

ગામેગામ આ યાત્રાનું સ્વાગત, લાભાર્થીઓની સાફલ્ય ગાથા સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી ઉત્સવ ગૌતમ, નિવાસી અધિક કલેકટર શ્રી એ.બી.પાંડોર, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી બી.એમ.પટેલ, સર્વે પ્રાંત અધિકારી શ્રીઓ , નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી મિલીંદ દવે ,જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી પ્રથિક દવે, સર્વે મામલતદાર શ્રીઓ સંબધિત તાલુકા વિકાસ અધિકારી શ્રીઓ સહિત, વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# સેલ્ફી લેતા મોત મળ્યું : પતિ સાથે ધોધ પર ફોટા પાડતી પત્નીનો પગ લપસી જતાં ધોધના પાણીમાં ડૂબતા મોત

### શનિ રવિવારની રજામાં વડોદરા થી ફરવા આવેલા દંપતીનો પ્રવાસ માતમમાં ફેરવાઈ ગયો

ભરત શાહ દ્વારા - રાજપીપળા

નર્મદા જિલ્લાના જીતનગર બાર ફળિયા કાળીયા ભુત મંદિર પાસે આવેલ કરજણ નદીના પાણીમાં વડોદરા ની એક મહિલાનું ડૂબી જતાં મોત નિપજ્યું હતું. પોલીસ સૂત્રો માંથી પ્રાપ્ત માહિતી અનુસાર સંજયભારતી શંકરભારતી,મુળ રહે. અમરપાલી સીલીકોન સીટી સેક્ટર-૭૬ ગ્રેઈટ નોયડા (ઉત્તરપ્રદેશ) હાલ રહે. મકાન એ-૩૦૨ એરીશ સિંગરોટ દીવાળી પુરા વડોદરા નાઓ એ આપેલી ફરિયાદ મુજબ મરનાર તેમના પત્ની ગીતાભારતી સંજયભારતી ઉ.વ.૪૭ મુળ નાઓ જીતનગર બાર ફળિયા ફળિયા કાળીયા ભુત મામાના મંદિર ની પાસે આવેલ ધોધ



પાસે સાજના અરશામાં તેમની સાથે મોબાઈલ ફોનમા ફોટા પાડતા હતા તે સમયે તેમનો અચાનક પગ લપસી જતા બેલેન્સ નહી રહેતા ધોધના પાણીમાં માથાભેર પડી ગયેલ જે ધોધના ઉંડા પાણીમા તણાઈ જતા પાણીમાં ડુબી જતા તેમનું મોત થયું હતું.આમ વડોદરા થી પ્રવાસે આવેલા દંપતી નો પ્રવાસ માતમ માં ફેરવાઈ ગયો હતો.



ભચાઉ પો.સ્ટે વિસ્તારમાં થયેલ બે ચોરીના ગુનાનો ભેદ ઉકેલી આરોપીઓને પકડી પાડતી લોકલ ક્રાઈમ બ્રાન્ચ,પુર્વ -કચ્છ, ગાંધીધામ.

### શ્રી હસ્તેશ્વર સ્કૂલ લીમખેડા ખાતે ગીતા જયંતિ સપ્તાહની ઉજવણી કરવામાં આવી



દિપક રાવલ - લીમખેડા

લીમખેડા ની હસ્તેશ્વર સ્કૂલ ખાતે ગીતા જયંતિ સપ્તાહ ની ઉજવણી કરવામાં આવી જેમાં શાળા ના વિદ્યાર્થીઓ દ્વારા ગીતા પઠન , ગીતાગાન , મહાભારત ના વિવિધ પાત્રો નો અભિનય વગેરે રજૂ કરવામાં આવ્યું હતું કાર્યક્રમ મા મુખ્ય વક્તા તરીકે સરકારી કોલેજ ના પ્રાધ્યાપક નીરવભાઈ નવજીવન કોલેજ ના નિવૃત્ત શિક્ષક ડાહ્યાભાઈ,વ્રજેશભાઈ શાહ ,સંસ્થાના મંત્રી ભરતભાઈ ભરવાડ તેમજ રાકેશભાઈ ભરવાડ ઉપસ્થિતિ રહ્યા હતા.

# રેલવે સંરક્ષામાં શ્રેષ્ઠ કામગીરી બદલ રેલવેના ચાર કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું

અમદાવાદ । તા.05

પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળ ખાતે મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીર કુમાર શર્માએ મંડળ ના 04 રેલવે કર્મચારીઓને સુરક્ષિત ટ્રેન પરિચાલનમાં શ્રેષ્ઠ કામગીરી બદલ સન્માનિત કર્યા હતા. આ રેલવે કર્મચારીઓને ફરજ દરમિયાન તેમની સતર્કતા અને તકેદારીના કારણે અનિચ્છનીય ઘટનાઓને રોકવામાં તેમના યોગદાન બદલ પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

વરિષ્ઠ મંડળ સંરક્ષા અધિકારી શ્રી રાકેશ કુમાર ખરાડીએ માહિતી આપતાં જણાવ્યું કે શ્રી હેમંત કુમાર જાંગીડ લોકો પાયલટ-પાલનપુર, શ્રી જગદીશ પ્રસાદ યાદવ સ્ટેશન માસ્ટર- સામખિયાળી, શ્રી ઉપેન્દ્ર કુમાર ગુડ્ડ઼ ટ્રેન મેનેજર-ગાંધીધામ અને શ્રી કલ્પેશ કે પોઈન્ટ્સ મેન-કાંકરિયા યાર્ડ ને પ્રમાણપત્ર



આપીને સન્માન કરવામાં આવ્યું. સન્માનિત કર્મચારીઓએ રેલવે સંરક્ષામાં જેવી કે આગનો તણખો જોવા મળવો, વેગનનો દરવાજો ખુલ્લો જોવા મળવો, બોલિસ્ટર તૂટેલું જોવા મળવું અને હેંગીંગ પાર્ટ જોવા મળવો વગેરે જેવી ક્ષતિઓ જણાઈ આવી કે તુરંત જ યોગ્ય પગલાં લઈને અણધારી ઘટનાઓ અને સંભવિત નુકસાનથી બચાવ્યા છે.

મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીર કુમાર શર્માએ આ જાગૃત સંરક્ષા રેલ પ્રહરીઓને પ્રોત્સાહિત કર્યા. અને જણાવ્યું હતું કે યાત્રીઓની સંરક્ષા અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને જ્યારે રેલવે કર્મચારીઓ તેમની ફરજ દરમિયાન સતર્કતા અને તકેદારી સાથે કામ કરે છે ત્યારે તે અમને સેફ ટ્રેન વર્કિંગમાં મદદ મળે છે.અમને આ રેલવે કર્મચારીઓ પર ગર્વ છે.

# ડેડીયાપાડાના બ્યુટી પાર્લરમાં ઘુસી જઈ પૈસાની માંગણી કરી યુવતી શારીરિક છેડતી કરતા યુવક સામે ફરીયાદ

ભરત શાહ દ્વારા - રાજપીપળા

ડેડીયાપાડાના બ્યુટી પાર્લરમાં ઘુસી જઈ પૈસાની માંગણી કરી યુવતીની શારીરિક છેડતી કરતા પોલીસ ફરીયાદ દાખલ થઈ છે.યુવતીના પતિના જણાવ્યા મુજબ છેડતી કરનાર યુવક એ બ્યુટી પાર્લરમાં કામ કરતો હતો, એને રોજે રોજ પૈસા ચુકવી દેવામાં આવતા હતા છતાં પૈસાની માંગણી કરી છેડતી કર્યા બાદ મારી નાખવાની ધમકી આપી હતી.

આખી ઘટનાની ફરિયાદ મુજબ ડેડીયાપાડાના ખોખરાઉમર ગામનો રાકેશ શંકર વસાવા ડેડીયાપાડા ચાર રસ્તા નિઝામી કોમ્પ્લેક્ષમા પહેલા માળે ચાલી રહેલાં બ્યુટી પાર્લરમાં અચાનક ઘુસી ગયો હતો.અને અંદર કામ કરી રહેલી યુવતી પાસે પૈસાની માંગણી કરી ગળુ પકડી દબાવી મારી નાખવાની ધમકી આપી શારીરીક છેડતી કરી હતી.દરમિયાન યુવતીએ બુમાં બુમ કરતા આસપાસના દુકાનદારો ત્યાં દોડી આવી યુવતીને છોડાવી હતી.ત્યારે રાકેશે એ યુવતીના વાળ ખેંચી ધમકી આપતા જણાવ્યું હતું કે આ વખતે તો તું બચી ગઈ છે પણ હવે પછી જો તુ મને મળી તો તને, તારા પતિને અને છોકરાને જાનથી મારી નાખીશ.આ બનાવ બન્યા બાદ રાકેશ શંકર વસાવાએ અગાઉ પાડેલા એ યુવતીના ફોટા પણ સોશિયલ મીડિયામાં વાયરલ કર્યા હતા. ડેડીયાપાડા પોલીસે રાકેશ શંકર વસાવા વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

### પોલીસ તંત્રના મહિલા કર્મીઓ માટે આજે બ્રેસ્ટ કેન્સર દિવસ- જાગૃતિ સેમિનાર

# વિશ્વ કેન્સર દિન નિમિત્તે અમરેલીમાં આશિર્વાદ ફાઉન્ડેશનના વડપણ હેઠળ નિદાન સારવાર સહિતના મુદ્દે માર્ગદર્શન

કિશોર આર. સોલંકી- જાફરાબાદ

વિશ્વ કેન્સર દિન નિમિત્તે તા-૪ના રવિવારે અમરેલી માં આશિર્વાદ ફાઉન્ડેશનના વડપણ હેઠળ જિલ્લા પોલીસ તંત્રમાં ફરજ બજાવતા ૫૦૦ મહિલા કર્મીઓ માટે બ્રેસ્ટ કેન્સર જાગૃતિ લક્ષી સેમિનારનુ આયોજન કરવામાં આવ્યું જેમાં કેન્સરના નિદાન સારવાર સહિતની બાબતો અંગે માર્ગદર્શન આપવામાં આવેલ નિદાન સારવાર સહિતના મુદ્દે માર્ગદર્શન આપેલ અમરેલી જિલ્લામાં બ્રેસ્ટ કેન્સર લક્ષી જાગૃતિ લક્ષી કાર્યક્રમોનો હેતુ બહેનોને સજાગ કરવાનો છે. બ્રેસ્ટ કેન્સરથી બહેનોને મુક્ત કરવા માટે મહિલા પોલીસ કર્મીઓ સાથે આયોજિત માર્ગદર્શન લક્ષી સેમિનાર દરમ્યાન જે દર્દીઓમાં બ્રેસ્ટ કેન્સરના લક્ષણો જોવા મળશે તેઓને સારવાર આપવામાં આશિર્વાદ ફાઉન્ડેશન મદદરૂપ થશે રાજ્યના પ્રોજેક્ટ ઓફિસર પારૂલબેન પ્રજાપતિ સહિતની ટીમ આ અંગે માર્ગદર્શન આપી આર્થિક રીતે દર્દીઓને કઈ રીતે મદદરૂપ થઈ શકાય છે. તે અંગેની વિગતો જણાવેલ ભારતમાં બ્રેસ્ટ કેન્સરના દર્દીઓમાં ઉતરોત્તર વધારો થતો હોવાથી જાગૃતિ રાખવી ખૂબ જરૂરી બની રહી છે. બ્રેસ્ટ કેન્સર પીડા વગરનો રોગ હોવાથી ટેસ્ટ વિના ચોથા સ્ટેજ સુધી પહોંચી જાય છે. પ્રથમ ત્રણ સ્ટેજ સુધી મોટા ભાગના દર્દીઓને બચાવી શકાય છે.જ્યારે ચોથા સ્ટેજ માં ઈલાજ ખર્ચાળ હોવાથી દર્દીને નાણાકીય ખર્ચ



ઉપરાંત કુટુંબીજનોએ અસહાય મુશ્કેલીઓ ભોગવવી પડે છે.આ તમામ તકલીફોનો રામબાણ ઈલાજ આશિર્વાદ ફાઉન્ડેશન ને શોધી કાઢ્યો છે.જેની મદદથી બ્રેસ્ટ કેન્સરની બીમારીમાંથી બહેનોને કઈ રીતે રોગમુક્ત થઈ શકાય ? તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું તથા 'કેન્સરના રોગની પ્રારંભિક તબક્કાની તપાસ તેને નિર્મૂળ કરવાની સારવારને સફળતા '૯ થી ૨૬ વર્ષની અપરિણીત બાળકીઓ અને સ્ત્રીઓમાં સર્વાઈકલ વેક્સિનથી ગર્ભાશયના કેન્સરનું જોખમ ઘટાડી શકાય વારસાગત રીતે થતા કેન્સરનું જોખમ ઘટાડવામાં કે અટકાવવામાંજરૂરી જિનેટિક પરિક્ષણ ઉપયોગી સામાજિક રૂઢિચુસ્તતા, આધુનિક જીવનશૈલી, વ્યસન, બેદરકારી તેમજ અજ્ઞાનતાને કારણે કેન્સર વધુ જોખમકારક'Prevention is better than cure' એટલે કે સારવાર કરતાં સાવચેતી વધુ સારી,એમ જણાવતા તા.૪ ફેબ્રુઆરીએ વિશ્વભરમાં ઉજવાતા 'વિશ્વ કેન્સર દિવસ' હેઠળ લોકોને કેન્સર વિષે જાગૃત થવાનો સંદેશો આપ્યો હતો. કેન્સરના રોગની પ્રારંભિક તબક્કાની તપાસ તેને નિર્મૂળ કરવાની સારવાર વિષેની સજાગતા અને પ્રાથમિક નિદાન માટે લોકજાગૃતિની મહત્વની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. કેન્સર એટલે શું?શરીરના વિવિધ અંગોમાં આવેલા કોષોની અનિયમિતપણે અને અનિયંત્રિત રીતે થતી વૃધ્ધિના ગાંઠના રૂપમાં જમા થયેલા સ્વરૂપને કેન્સર કહે છે. જે અન્ય તંદુરસ્ત કોષોનો નાશ કરી આપમેળે વૃધ્ધિ પામે છે. આવા અનિયંત્રીત હાનિકારક કોષોની રચાતી ગાંઠ ધીમે ધીમે શરીરના અન્ય અવયવોમાં પણ પ્રસરી તે અવયવોનો નાશ કરતી જાય છે.' કેન્સર રોગ વિષે સમજ ડોક્ટર દ્વારા અનિયમિત જીવનશૈલી, જંકફૂડ, પેકેટફૂડ, હાનિકારક કેમિકલયુક્ત ફ્લેવર અને સિન્થેટીક કલર સહિતની અપ્રાકૃતિક ચીજવસ્તુઓનો વપરાશ, અનિયમિત વ્યાવસાયિક આદતો તેમજ વારસાગત કારણોને લીધે વધતાં કેન્સરના જોખમ વિષે જણાવ્યું હતું. સંભવિત પ્રાથમિક લક્ષણ દેખીતી બિમારી વિના સતત વજન ઘટવું, સતત હિમોગ્લોબિનનું પ્રમાણ ઘટવું અને થાક લાગવો, લાંબા સમયથી શરીરના કોઈ ભાગમાં ચાંદું/સોજો/દૂ:ખાવો કે ગાંઠ હોવી, શરીરના કોઈપણ ભાગમાંથી લાંબા સમયસુધી રકતસ્ત્રાવ થવો, માસમાં અનિયમિત બદલાવ થવો કે લોહી પડવું સહિતના અનિયમિત શારીરિક બદલાવ કેન્સરના પ્રાથમિક સંભવિત લક્ષણો વિષે માહિતગાર કરી તેની યોગ્ય તપાસ માટે નિષ્ણાત તબીબ પાસે પરીક્ષણ કરાવવાની સલાહ આપી હતી. સાથે જ રોગના સારવારમાં ઉપયોગી સર્જરી, કિમોથેરાપી, રેડિયેશન(સેક), ઈમ્યુનોથેરાપી, હોર્મોનથેરાપી અને બ્રેકીથેરાપી સહિતની ચોક્કસ પધ્ધતિઓ અને તેના લાભ વિષે વિસ્તૃતમાં જાણકારી આપી હતી. તેમણે લોકોને સ્વસ્થ-નિરોગી જીવન માટે નિયમિત રીતે પૌષ્ટિક આહારનું સેવન, કસરત, તાણમુક્ત શિસ્તપૂર્ણ જીવન, દૈનિક સ્વચ્છતા, વ્યસનમુક્તિ અને સમયાંતરે શારીરિક તપાસને પ્રાથમિકતા આપવાનું આહ્વાન કર્યું હતું. સ્ત્રી,પુરુષ અને બાળકોમાં વધી રહેલા કેન્સરના કેસો અંગે વાત કરતા લાયન્સ કેન્સર તેના વ્હેલા નિદાન અને અટકાયત માટે અગત્યની જાણકારી આપી હતી. સ્ત્રીઓમાં મોટે ભાગે જોવા મળતા સ્તન કેન્સર વિષે જણાવતા તેમણે કહ્યું કે, નવા જન્મેલા બાળકોને કોઈપણ પૂર્વગ્રહ વિના ૧ વર્ષ કે તેથી વધુ સ્તનપાન કરાવવાથી તેમજ નિયમિત જાત પરીક્ષણ દ્વારા સ્તન કેન્સરનું જોખમ ઘટાડી શકાય છે. સાથે જ ૪૦ કે તેથી વધુ વયની સ્ત્રીઓને નિયમિત મેમોગ્રાફી દ્વારા સ્તન પરીક્ષણ કરાવી કેન્સરનું જોખમ ઘટાડવા અનુરોધ કર્યો હતો. સાથે જ મહિલાઓમાં ગર્ભાશયના મુખના કેન્સરનું જોખમ ઓછું કરતી સર્વાઈકલ વેક્સિનની જાણકારી આપી હતી. ૯ થી ૨૬ વર્ષની અપરિણીત બાળકીઓ અને સ્ત્રીઓને આ વેક્સિન થકી ગર્ભાશયના મુખના કેન્સરથી રક્ષણ મળતું હોવાથી નિયત માપદંડમાં આવતી સ્ત્રીઓને વિના સંકોચ વેક્સિન લેવાનો આગ્રહ કર્યો હતો.

### શીલજની આનંદ નિકેતન એસએફએ ચેમ્પિયનશિપ અમદાવાદની પહેલી એડિશનમાં "નંબર વન સ્કૂલ ઇન સ્પોર્ટ્સ" બની




અમદાવાદ । તા.05

અમદાવાદમાં એસએફએ ચેમ્પિયનશિપ્સની પહેલી એડિશનનું જોશભેર સમાપન થયું જેમાં સ્કૂલોએ સ્પોર્ટિંગ અરેનામાં તેમની નોંધપાત્ર છાપ છોડી. ગ્રાન્ડ ફિનાલેમાં આનંદ નિકેતન, શીલજે મેદાન પર તેમની પ્રતિબદ્ધતા અને તાકાતનું પ્રમાણ આપીને "નંબર વન સ્કૂલ ઈન સ્પોર્ટ્સ" તરીકે તેનું સ્થાન મેળવ્યું. આનંદ નિકેતન, શીલજના એથ્લીટ્સે સ્પોર્ટ્સ માટે તેમનો અદ્વિતીય જુસ્સો બતાવીને 14 ગોલ્ડ, 12 સિલ્વર અને 6 બ્રોન્ઝ મેડલ્સ જીતીને 167 પોઈન્ટ્સ સાથે પ્રભાવશાળી પોડિયમ જીત્યા હતા. ચેમ્પિયનશિપ્સમાં શાંતિ એશિયાટિક સ્કૂલ, બોપલે ફર્સ્ટ રનર-અપ તથા રચના સ્કૂલે સેકન્ડ રનર-અપ એવોર્ડ મેળવ્યો. આ સિદ્ધિ રમતના મેદાનમાં અમદાવાદની સ્કૂલોએ બતાવેલી તીવ્ર સ્પર્ધા અને પ્રશંસનીય ખેલભાવના દર્શાવે છે. એકંદરે વિજય ઉપરાંત અમદાવાદની સ્કૂલોના વ્યક્તિગત એથ્લીટ્સે પોડિયમ પર તેમની વિશિષ્ટતા સાબિત કરી હતી.

પ્રતિષ્ઠિત ગોલ્ડન ગર્લ ટાઇટલ ફ્રીસ્ટાઈલ, બ્રેસ્ટસ્ટ્રોક, બટરફ્લાય અને ઈન્ડિવિઝ્યુઅલ મેડલી સહિતની કેટેગરીઝમાં સ્વિમિંગમાં 3 ગોલ્ડ અને 2 સિલ્વર મેડલ્સ જીતનારી ઉદગમ સ્કૂલ ફોર ચિલ્ડ્રનની અઝકા સરેશવાલા તથા એથ્લેટિક્સ તેમજ ફૂટબોલમાં બે ગોલ્ડ મેડલ્સ જીતનારી રિવરસાઈડ સ્કૂલની રેયના ચતુર્વેદી વચ્ચે વહેંચાયું હતું.

દરમિયાન, રિવાન મોદીએ સ્વિમિંગમાં ગોલ્ડ મેડલ તથા એથ્લેટિક્સમાં સિલ્વર અને બ્રોન્ઝ મેડલ્સ જીતીને ગોલ્ડન બોયનું પ્રતિષ્ઠિત ટાઇટલ જીત્યું હતું.

# વજન ઘટાડવાથી લઈને આંખનું તેજ વધારવા સુધી... જાણો મોસંબીના ફાયદા

જ્યુસ પીવાથી હેલ્થને અનેક ફાયદા મળે છે. હેલ્થને ફિટ રાખવા તમે તેનું સેવન સરળતાથી કરી શકો છો. મોસંબીનો જ્યુસ અનેક લોકોને પસંદ આવે છે. તેમાં વિટામિન સી ભરપૂર પ્રમાણમાં હોય છે. ઠંડીની સીઝનમાં તેની ડિમાન્ડ પણ વધારે રહે છે. તેનું સેવન કરવાથી તમારી હેલ્થને કયા ફાયદા મળે છે તે પણ જાણો.



**ઈમ્યુનિટી બૂસ્ટ |** મોસંબીનો જ્યુસ રોજ પીવાથી થોડા સમયમાં હેલ્થમાં ફેરફાર જોવા મળે છે. તેમાં વિટામિન બી6, ફાઈબર, આયર્ન, કેલ્શિયમ, પોટેશિયમ પણ વધારે મળે છે. વિટામિન ડી માટે તડકો બેસ્ટ રહે છે. ઈમ્યુનિટી બૂસ્ટ કરવામાં તે મદદરૂપ સાબિત થાય છે.

**હાર્ટ સંબંધી મુશ્કેલીઓ |** શિયાળમાં મોસંબીનો જ્યુસ પીવાથી હાર્ટ સંબંધી મુશ્કેલીઓ દૂર થાય છે અને હાર્ટ હેલ્ધી રહે છે. મોસંબીમાં ભરપૂર પ્રમાણમાં પોટેશિયમ હોય છે.

**વજન ઘટશે |** શિયાળામાં મોસંબીનો જ્યુસ વજનને ઓછું કરવા માટે તે મદદરૂપ સાબિત થાય છે. તેમાં કેલેરીનું પ્રમાણ ઓછું હોય છે.

**આંખનું તેજ વધશે |** મોસંબીના જ્યુસનું સેવન આંખ માટે ફાયદારૂપ રહે છે. તેમાં વિટામિન સી અને એન્ટીઓક્સીડન્ટ્સ વધારે હોય છે. આંખની રોશનીને વધારવામાં તે અતિલાભદાયી છે.

**પાચનતંત્ર મજબૂત બને |** મોસંબીનો જ્યુસ રોજ પીવાથી પાચનતંત્ર મજબૂત બને છે. તેમાં ભરપૂર પ્રમાણમાં ફાઈબર મળે છે. જે તમારી પેટની સમસ્યાને ક્યોર કરવા માટે જરૂરી માનવામાં આવે છે.

# Lemon Benefits

## સ્વાદમાં ખાટું લીંબુ શરીરને અનેક સમસ્યાથી આપે છે રાહત, જાણો તેના ફાયદાઓ વિશે



### રોગપ્રતિકારક શક્તિ વધે છે

લીંબુમાં વિટામિન સી હોય છે જે વાઈટ બ્લડ સેલ્સના ઉત્પાદનને પ્રોત્સાહન આપે છે, જે શરીરને રોગ સામે લડવામાં મદદ કરે છે. શરદી અને ઉધરસ જેવી વાયરલ બીમારીઓથી બચવા માટે નવશેકા પાણીમાં લીંબુ અને મધ ભેળવીને નિયમિત પીવાથી ફાયદો થાય છે.

### પાચનને સ્વસ્થ રાખે છે

લીંબુનો રસ પાચન ઉત્સેચકોના ઉત્પાદનમાં વધારો કરે છે, જેનાથી ખોરાક સરળતાથી પચી જાય છે. પેટ ફૂલવું અને અપચો જેવી સમસ્યાઓથી રાહત અપાવવામાં પણ લીંબુ પાણી અસરકારક છે.

### વજન ઘટાડવામાં મદદ કરે છે

લીંબુ પાણી શરીરને હાઈડ્રેટેડ રાખે છે અને શરીરની ગંદકીને બહાર કાઢવામાં મદદ કરે છે. જે વજનને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. હુંફાળા પાણીમાં લીંબુ અને મધ મિક્સ કરીને સવારે ખાલી પેટ પીવાથી વજન ઘટાડવાની પ્રક્રિયા ઝડપી બને છે.

### ત્વચા માટે વરદાન

લીંબુમાં રહેલા વિટામિન સી અને એન્ટી ઓકિસડન્ટ ત્વચાને યુવાન રાખે છે અને કરચલીઓ ઘટાડે છે. લીંબુના રસમાં થોડું મધ ભેળવીને ચહેરા પર લગાવવાથી ત્વચામાં નિખાર આવે છે.



### વાળ મજબૂત થાય છે

લીંબુનો રસ વાળના મૂળને મજબૂત કરવામાં અને ડ્રાયનેસ દૂર કરવામાં મદદ કરે છે. ડેન્ડ્રફની સમસ્યાથી છુટકારો મેળવવામાં પણ લીંબુનો રસ અસરકારક છે.

### ઘા ઝડપથી રૂઝાય છે

લીંબુના રસમાં એન્ટિસેપ્ટિક ગુણ હોય છે, જે ઘાને ઝડપથી મટાડવામાં મદદ કરે છે. હુંફાળા પાણીમાં લીંબુ અને ફુદીનો ભેળવીને સવારે ખાલી પેટ પીવાથી શ્વાસની દુર્ગંધ દૂર થાય છે.

# દાડમની છાલ ફેંકતા પહેલા જાણી લો તેના ફાયદા, અનેક દવાઓ પણ તેની સામે છે ફેલ



દાડમ ખાવાથી શરીરને ઘણા ફાયદા થાય છે. દરરોજ તેનું સેવન કરવાથી એનિમિયા પણ દૂર થાય છે. લોકો દાડમને છોલીને તેની છાલ ફેંકી દે છે. પરંતુ તેને ફેંકતા પહેલા તેના ફાયદા પણ જાણી લો. દાડમની છાલ પણ ખૂબ પૌષ્ટિક હોય છે. તે ઘણી બીમારીઓને દૂર કરવામાં પણ ફાયદાકારક છે. આજે અમે તમને તેની છાલના ફાયદા જણાવીએ છીએ. દાડમ શરીરને મજબૂત બનાવવા માટે ખૂબ જ ફાયદાકારક છે. દાડમની છાલમાં એન્ટીઓક્સીડેન્ટ, બળતરા વિરોધી અને એન્ટી-બેક્ટેરિયલ હોય છે, જે શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારે છે. દાડમની છાલ આંતરડાનો સોજો ઘટાડવામાં ખૂબ જ ફાયદાકારક છે. પાચન અને ચયાપચય પણ સુધરે છે. દાડમની છાલમાં વિટામિન સી, એન્ટીઑકિસડન્ટ હોય છે, જે તમારી ત્વચાની ચમક વધારવામાં ખૂબ જ મદદરૂપ છે. દા દાડમની છાલવાળી ચા પણ ખૂબ ફાયદાકારક છે. તે પેટની તમામ સમસ્યાઓને દૂર કરવામાં ખૂબ જ મદદગાર છે. ડમની છાલ મોઢાના ચાંદા માટે ખૂબ જ ફાયદાકારક છે. તમારે દરરોજ તેની છાલ તમારા દાંત પર ઘસવી જોઈએ.

# સરસિયાના તેલમાં 5માંથી 1 વસ્તુ મિક્સ કરો, જલ્દી વાળ ખરતા થશે બંધ

આજકાલ અનેક લોકો વાળના ખરવાથી મુશ્કેલી અનુભવે છે. અનેક મોંઘી હેયર પ્રોડક્ટનો વાળમાં ઉપયોગ કરે છે પરંતુ તેમની આ સમસ્યા દૂર થતી નથી. જો તમે વાળને લાંબા સમય સુધી મજબૂત રાખવા ઈચ્છો છો તો તમે સરસિયાના તેલથી એટલેકે રાઈના તેલથી વાળમાં મસાજ કરો. આ તેલ વાળને કાળા કરશે અને સાથે જ વાળનો ગ્રોથ પણ વધારશે. તો જાણો આ તેલમાં શું મિક્સ કરીને યૂઝ કરવાથી તમારી વાળની સમસ્યાઓ ફટાફટ ખતમ થશે.



### સરસિયાના તેલ સાથે લસણ

વાળને ઝડપથી વધારવા અને સાથે તે તેનો ગ્રોથ વધારવા માટે તમે સરસિયાના તેલમાં લસણ મિક્સ કરીને તેનાથી સ્કલ્પમાં મસાજ કરો. તેનાથી વાળને ભરપૂર પ્રમાણમાં પોષણ મળે છે.

### સરસિયાના તેલમાં મેથી

આ પ્રકારનું તેલ વાળને હેલ્ધી રાખવા માટે મદદ કરે છે. મેથીમાં પ્રોટીન અને વિટામિન સી પણ મળે છે. જેનાથી વાળ ચમકદાર અને સ્ટ્રોન્ગ બને છે.

### સરસિયાનું તેલ, નારિયેળ તેલ

જો તમે વાળની સારી રીતે કેયર કરવા ઈચ્છો છો તો તેના માટે આ મિશ્રણ ઉત્તમ છે. વાળમાં સરસિયાનું અને નારિયેળનું તેલ મિક્સ કરીને લગાવો. જો તમે ઈચ્છો તો તેને હૂંફાળું ગરમ કરીને પણ લગાવી શકો છો. તેનાથી વાળની ચમક તો વધે છે અને સાથે ગ્રોથ વધારવામાં પણ મદદ મળે છે.

### સરસિયાનું તેલ અને અલોવેરા જેલ

આ તેલનો ઉપયોગ વાળમાં રેગ્યુલર રીતે કરવામાં આવે તો તમારા વાળ ખરવાની સમસ્યા ઝડપથી ક્યોર થાય છે. આ સાથે વાળને મજબૂત કરવા માટે પણ આ નુસખો લાભદાયી માનવામાં આવે છે.

### સરસિયાનું તેલ અને દહીં

વાંચીને તમને જરા અલગ લાગશે પણ જો તમે આ બંને વસ્તુને એકસાથે વાળમાં એપ્લાય કરો છો તો તમારા સ્કલ્પમાં ખોડોની સમસ્યા ઝડપથી ઘટે છે અને સાથે જ વાળને નવું શાઈનિંગ મળે છે.

તો હવે તમે પણ આ ઘરેલૂ નુસખાની મદદથી વાળની સમસ્યાઓથી ઘરે બેઠા ઓછા ખર્ચે તમારી મુશ્કેલીઓને દૂર કરી શકો છો. તો કરો હાથવગા નસુખા ટ્રાય.

# પોષકતત્વોનું પાવર હાઉસ છે કીવી, ખાવાથી તુરંત થાય છે ફાયદા

કીવી એવું ફળ છે જે ખાવામાં સ્વાદિષ્ટ હોય છે અને સાથે જ પોષક તત્વથી ભરપૂર હોય છે. કીવીમાં વિટામિન સી, વિટામિન ઈ, વિટામીન કે, પોટેશિયમ, ફાઈબર અને ફોલેટ ભરપૂર માત્રામાં હોય છે. આ ફળ તમને શારીરિક અને માનસિક ફાયદા કરે છે. આજે તમને કીવીના કેટલાક આવા જ ફાયદા વિશે જણાવીએ જેના વિશે આજ સુધી તમે જાણ્યું નહીં હોય. આ ફાયદા જાણીને તમે પણ કીવી ને તમારી ડાયેટમાં ચોક્કસથી સામેલ કરશો. કીવી વિટામિન સીનો નેચરલ સોર્સ છે. જે શરીરની ઈમ્યુન સિસ્ટમને મજબૂત બનાવવાનું કામ કરે છે. સિસ્ટમ મજબૂત હોય તો સંક્રમણ સામે લડવાની શરીરને શક્તિ મળે છે. સાથે જ શરદી ઉધરસ જેવી બીમારીઓ વારંવાર થતી નથી. કીવીમાં ફાઈબર હોય છે જે પાચન તંત્રને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. તેનું સેવન કરવાથી મળ ત્યાગ કરવું સરળ રહે છે કારણ કે તે કબજિયાત મટાળે છે. કીવીમાં એવા એન્જાઈમ હોય છે જે પાચનમાં સહાયતા કરે છે કીવી હૃદયના સ્વાસ્થ્ય માટે પણ ફાયદાકારક છે. તેમાં રહેલું પોટેશિયમ, મેગ્નેશિયમ અને ફાઈબર બ્લડ પ્રેશરને કંટ્રોલ કરવામાં મદદ કરે છે. કીવીમાં ઓમેગા 3 ફેટી એસિડ હોય છે જે બેડ કોલેસ્ટ્રોલનું સ્તર ઘટાડે છે અને હાર્ટની બીમારી થવાનું જોખમ ઓછું કરે છે. કીવીમાં વિટામિન સી અને એન્ટિઓક્સિડન્ટ હોય છે જે સ્કિન માટે ખૂબ જ ફાયદાકારક હોય છે. તેનું સેવન કરવાથી સ્કીન સેલ્સને થતું નુકસાન અટકે છે અને ત્વચા પર કરચલીઓ અને ફાઈન લાઈન્સ ઓછી થાય છે. કિવીમાં વિટામિન ઈ હોય છે જે સ્કીનને હાઈડ્રેટ રાખે છે અને નેચરલ ચમક વધારે છે. કીવીમાં વિટામિન એ અને લ્યુટીન હોય છે જે આંખના સ્વાસ્થ્ય માટે મહત્વપૂર્ણ છે. કીવીનું સેવન કરવાથી મોતિયો અને આંખ સંબંધિત અન્ય બીમારી થવાનું જોખમ ઓછું થઈ શકે છે.

# અચાનક ગામમાં અફવા ફેલાઈ કે પીપળાના ઝાડ માંથી દૂધ નીકળે છે..નક્કી ચમત્કાર ચમત્કાર...



## મનુષ્યના મનની આસ્થા

- રુપાલી દવે

અચાનક ગામમાં અફવા ફેલાઈ કે પીપળા ના ઝાડ માંથી દૂધ નીકળે છે.. નક્કી ચમત્કાર ચમત્કાર.જેણે પહેલીવાર જોયું હતું એને નવાઈ ના લાગી પણ આશ્ચર્ય સાથે બીજા બે ના કાન માં વાત નાખો,બીજા બે ને કૌતુક સૂઝ્યું એટલે એણે દોસ્તારો દ્વારા વાત ગામ માં ફેલાવી કે પીપળા ના ઝાડ ને વાચા આવી ને કીધું કે એના આવેશ માં સાક્ષાત કામધેનુ આવી છે.આ દૂધ એ અમૃત મંથન દરમિયાન નીકળેલ અમૃત સમાન છે. માત્ર એક બુંદ પીવાથી સમસ્યા એનો રસ્તો કરો ભાગવા લાગે છે.પરંતુ હું દેવો ની ગાય કામધેનુ એટલે મફત મા અમૃત ની ઈચ્છા રાખશો નહિ.. ગામ માં કામધેનુ ના ચમત્કાર ની વાત હવા ની માફક ફેલાઈ ગઈ.આખું ગામ પીપળા આગળ એકઠું થયું ને બોલ્યું કે અંતે ભગવાને ગામ નું ધ્યાન રાખ્યું તો ખરું.કામધેનુ ધામ વસી જશે પછી તો વેપાર ૧૦૦ ગણો ગામ નો થઈ જશે. ગામના વડીલો,વૃધ્ધો,સરપંચ વગેરે એ નક્કી કર્યું કે આ જગ્યા નું નામ કામધેનુ ધામ રાખીશું..હાલ અમૃત નિમિતે રૂપિયા એકઠા થયા છે એ ધામ ના નિર્માણ નિમિતે વપરાશે..ત્યાં અચાનક ગેબી અવાજ સંભળાયો કે કાકા,દૂધ મારા ઘરનું તો રૂપિયા પણ મારા ઘરના હોય,એવું થોડું ચાલે મારી ગાવડી નું દૂધ અમૃત બન્યું એટલે તમે બધા લાભ ખાટી જાવ.

સરપંચ એ અવાજ ની દિશા તરફ નજર કરતા જોયું તો પીપળા ની સૌથી ઊંચી ડાળ ના પાંદડા વચ્ચે ગામના ભરવાડ નો દીકરો ને જોતાજ એ વધારે બોલે એ પહેલાં સરપંચ ચાલાકી કરતા બોલ્યા કે ખ્મમાં દીકરા હંધાય રૂપિયા તારા,બાપા તુ લઈ જજે પણ કામધેનુ નો કેડો છોડી દે વહાલા.. માંડ માંડ પૃથ્વી પર પગરણ એ માંડે ને એમાં ગામનું ભલું થાય..ભરવાડ ના દીકરા ને એકવાર રાત્રે એના બાપા એ કામધેનુ ની વાર્તા કીધી હતી એટલે એ ફટાફટ ખુશ થતા નીચે ઉતરી ને સીધો સરપંચ આગળ ઊભા રહી ને પૂછ્યું કાકા,ક્યાં છે કામધેનુ? સરપંચ એ સિરિયસ મો રાખીને કીધું કે પીપળા માં કામધેનુ નો આવેશ હતો,એ આ જગ્યા એ એનું ધામ બનાવવા માંગે છે.બેટા,તુ બોલ્યો ને એમાં પીપળા નો આવેશ શાત થઈ ગયો. અમારે રૂપિયા નું કામ નથી ફાળો એકઠો કરી ધામ બંધાઈ જશે, તુ તારે ભેગા થયેલા રૂપિયા લઈ જા..

એ પીપળા ની આસપાસ કામધેનુ ધામ વર્ષો પહેલા સ્થપાય ગયું ને લોકો પણ જાત જાત ની માનતાઓ માને છે ને પૂરી પણ થાય છે..આવું કેમ? દૂધ વાળા ના દૂધ નું અમૃત આશ્ચર્ય થાય છે. થાય એવું જ છે..માનવ મન ની અંદર રહેલા અનેક ડોટ માંથી એમુક ડોટ એ મગજ ને અનુસરતા હોય છે.હ્યુમન સાયકોલોજી મુજબ અતિ લાગણીશીલ સ્વભાવ અને ધર્મ પરત્વે ની તીવ્ર આસ્થા ના લીધે જેના પર વિશ્વાસ બેસી જાય છે એનામાં પ્રાણ ફૂકી દે છે. જ્યારે લંકા માં જવા માટે રામસેતુ તૈયાર થઈ રહ્યો હતો ત્યારે રામ નામ લખાઈ ગયા બાદ વાનરો પથ્થર પાણી માં ફેંકતા હતા ત્યારે દરિયાના પાણીમાં તરતા પથ્થર જોતા ભગવાન શ્રી રામ એ લક્ષ્મણ જી ને કહ્યું હતું કે દરિયા ના મોજા પર તરતા પથ્થર એ રામનામ માં વાનર સેના અને રીંછ સેના ને વિશ્વાસ છે એટલે જ રામ ના નામે પથ્થર તરે છે..

"રામનામ ની કંઠી ધરી ગળામાં,સંસાર આખો તારી દિધો શ્રી રામ એ.."

ભારત દેશ ધર્મ પરત્વેની આસ્થા,વિશ્વાસ અને દ્રઢતા થી બંધાયેલ છે. એવુ નથી માત્ર મંદિરો ને પૂજા જ મહત્વના છે હિન્દુ સંસ્કૃતિ માં ધાર્મિક ગ્રંથો નું મહત્વ એ ઈશ્વર પ્રાપ્તિ બરાબર નું છે. મંદિર ની અંદરની મૂર્તિ ને ઘડનાર ભલે કારીગર હોય છે પરંતુ મૂર્તિ મંદિર માં સ્થાપિત થયા બાદ એનું તેજ અલગ હોવાનું. એનું કારણ છે કે ધાર્મિક પ્રાણ પ્રતિષ્ઠા ની વિધિ દ્વારા મૂર્તિ માં પ્રાણ પૂરવા માં આવે છે એ બધા અસંખ્ય દર્શનાર્થી ની શ્રધ્ધા થી ભગવાન નું સ્વરૂપ જીવંત બની જતું હોય છે.જ્યારે મંદિર મા મૂર્તિ સ્થાપિત થાય છે ત્યારે નિયમિત પૂજા પાઠ દ્વારા આપણું મન એમાં કેન્દ્રિત થઈ જતું હોય છે. મન એ મૂર્તિ માં ઈશ્વર ને સ્થાપિત કર્યા બાદ માણસ એ એની અંદર ની આસ્થા મૂર્તિ માં દ્રઢ કરી ને ક્યારેક પૂજા કરતા કરતા હસે છે તો ક્યારેક રડવા પણ લાગે છે. પૃથ્વી પર એકપણ ચમત્કાર થતાં નથી કે કોઈ કરાવતું નથી.માણસ નું મન જ આસ્થા,ચમત્કાર ને ઈશ્વર ના સ્વરૂપ નું વર્ણન કરે છે..એ પીપળા ના ઝાડ નીચે સ્વર્ગ ના રાજા ઈન્દ્ર ની કામધેનુ ગાય નું મંદિર બન્યું એ પછી અચાનક ગામ તો સમૃદ્ધ થયું જ પરંતુ આસપાસ ના ગામ માં મંદિર ના ચમત્કાર ની વાત સાંભળી ને ત્યાં દર્શને આવતા લોકોની ભીડ વધવા લાગી. માનતા,બધા વ્રત લોકોના પૂરા થતા હતા.એનું મુખ્ય કારણ પીપળા ના ઝાડ નીચે ધાર્મિક ગ્રંથો અનુસાર કામધેનુ ગૌ માતાની મૂર્તિ પર ગામના લોકોના મનમાં અતૂટ વિશ્વાસ થતાં શ્રધ્ધા દ્રઢ બની ગઈ હતી. અમુક વર્ષ પછી ખુદ ભરવાડ નો છોકરો માનવા લાગ્યો હતો કે એ દિવસે પીપળા ને આવેશ માં કામધેનુ ગાય આવી હતી એટલે જ અમૃત વર્ષા થઈ હતી..

દાદા ભગવાન ના દાદા શ્રી એ મન વિશે સચોટ વિશ્લેષણ આપ્યું છે એનું કહેવું છે કે મન જ માણસ નું સુખ,દુઃખ અને નિશ્ચય અને આસ્થા નક્કી કરે છે.એ કહે છે કે આપણા મન ને નિશ્ચય કરવાની તાકાત નથી હોતી એ તો નજર સામે આવતા નવા નવા પ્રલોભન માં લલચાયા કરતું હોય છે એ મૂક્યા પણ કરે છે આ પ્રલોભન થી પ્રેરાઈ ને બુધ્ધિ નિર્ણય કરે છે.મન એક દ્રઢ વિચાર કરી લે તો બુધ્ધિ પણ એજ માર્ગે દોડે છે. ધારોકે નિર્ણય કરો કે ભગવાન ની પૂજા નિશ્ચિત સમયે નિયમિત કરીશ તો બુધ્ધિ એ સમય તમને સંદેશો આપશે કે પૂજા કરો.."મન એવં મનુષ્યાણા મ્ " મન જ માણસ નો ધ્યેય નક્કી કરે છે.આસ્થા ના વિષય મા પણ મનુષ્ય નું મન ને જેના પર વિશ્વાસ બેઠો એને ગુરુ પદે સ્થાપી ને ભગવાન કરતા પણ વધારે એની પૂજા કરે છે. સુરેશ જોશી એ એક પ્રવચન માં કહ્યું હતું કે માણસ ઓળંગી ને તમે ઈશ્વર પાસે જઈ ના શકો.

કવિ સુન્દરમ્ ની પંક્તિ માનવી માનવી થાય..બુધ્ધિ બગડે તો સર્વનાશ ને મન સુધરે તો સર્વ સુખ આવું એટલા માટે કે માણસ નું મન હજારો કરોડો આંખ સામે આવતી ચીજ વસ્તુઓ ને નિહાળે છે એટલે ગ્રાહ્ય અને અ ગ્રાહ્ય નો વિચાર ત્યારે જ કરે છે જ્યારે એ શુદ્ધ હોય.જો મન શુદ્ધ તો જ એ બુધ્ધિ ને ગ્રાહ્ય ચીજ વસ્તુઓ નો સંદેશ આપશે..અંધશ્રધ્ધા થી લિપ્ત વાતાવરણ માં શુધ્ધ મન વિચર્યા વગર આગળ વધતું નથી પરંતુ અશુધ્ધ મન એ અંધ શ્રધ્ધા પાછળ પ્રેરાઈ ને સર્વનાશ સર્જે છે..



## સલમાન ખાનની હિરોઈનએ આપ્યા કિલર પોઝ, લેટેસ્ટ તસવીરો થઈ વાયરલ

મુંબઈ : બોલિવૂડમાં પોતાની શાનદાર એક્ટિંગ અને સુંદરતાનો જાદુ દેખાડનાર સાઉથ બ્યુટી પૂજા હેગડે અવારનવાર પોતાની લેટેસ્ટ તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરતી રહે છે. અભિનેત્રી પૂજા હેગડેએ વ્હાઈટ ડ્રેસમાં તસવીરો શેર કરી છે જેમાં તેની સુંદરતા છલકાઈ રહી છે. પૂજા હેગડેએ જાળીવાળો ડ્રેસ પહેરીને બ્લેક અને વ્હાઈટ તસવીરો શેર કરી છે. ખુલ્લા હેર, ડાર્ક કાજલ અને આછો મેકએપ તેના પર ખૂબ સુંદર લાગી રહ્યો છે. અભિનેત્રીએ મિરરની સામે પોઝ આપ્યો છે જેમાં એકમાં તેનો ગ્લેમરસ ચહેરો બતાવી રહી છે તો બીજામાં હેર બતાવી રહી છે. પૂજા હેગડેની આ તસવીરો જોઈને લોકો તેના કાતિલ લૂકનાં વખાણ કરી રહ્યા છે.



## બોલીવુડ ડેબ્યૂ પહેલા રાશા થડાનીને માતા રવીના ટંડન તરફથી મળી ખાસ સલાહ

મુંબઈ : બોલીવુડની પોપ્યુલર એક્ટ્રેસ રવીના ટંડનની પુત્રી રાશા થડાની ટૂંક સમયમાં જ ફિલ્મી દુનિયામાં પગ મૂકવા જઈ રહી છે. રિપોર્ટ અનુસાર રાશા થડાની, ડાયરેક્ટર અભિષેક કપૂરની આગામી ફિલ્મથી એક્ટિંગ કરિયર શરૂ કરવા જઈ રહી છે. આ વચ્ચે રવીના ટંડને પોતાની પુત્રીને ખાસ સલાહ આપી છે. રવીના ટંડને પોતાની પુત્રીના બોલીવુડ ડેબ્યૂ વિશે વાત કરી. રવીનાએ કહ્યુ કે મને લાગે છે કે જ્યારે તમે પોતાના બાળકોનો ઉછેર કરી રહ્યા હોવ છો તો દરરોજ તમારા માટે એક નવો અનુભવ હોય છે.રવીનાએ કહ્યુ ક્યારેક- ક્યારેક પોતાના બાળકોને પડવા, ઉઠવા અને ફરીથી ચાલવા દેવા જોઈએ કેમ કે આ રીતે તે મજબૂત થશે અને પોતાના અંદરની શક્તિને ઓળખશે. રવીનાએ કહ્યુ- દર્શકો કિંગ છે, કન્ટેન્ટ કિંગ છે અને દર્શકો જ છે જે નક્કી કરે છે કે તમે અહીં રહેવા લાયક છો કે પેક અપનો ટાઈમ છે. તમારે આકરી મહેનત કરવી પડશે. તમારે ટેલેન્ટેડ થવુ પડશે. તમે જે કરી રહ્યા છો તેને પૂરી ઈમાનદારીથી કરતા રહેવુ પડશે અને પછી થોડુ નસીબ પણ સાથ આપશે.



રાશા થડાની અજય દેવગણના ભાણેજ અમન દેવગણ એક જ ફિલ્મથી ડેબ્યૂ કરવાના છે. જોકે, ફિલ્મના ટાઈટલ અને કહાનીને લઈને કોઈ પ્રકારની જાણકારી સામે આવી નથી પરંતુ કહેવાઈ રહ્યુ છે કે રાશા અને અમનની ફિલ્મનું શૂટિંગ વર્ષ 2024ના ઉનાળામાં શરૂ કરાય તેવી શક્યતા છે.

## અમિતાભ બચ્ચન અને રાણી મુખરજીની ફિલ્મ ‘બ્લેક’ 19 વર્ષ બાદ ઓટીટી પર

મુંબઈ: અમિતાભ બચ્ચન અને રાણી મુખરજીની ફિલ્મ ૧૯ વર્ષ બાદ ડિજિટલ પ્લેટફોર્મ પર રીલીઝ થઈ છ. અમિતાભ બચ્ચને જાતે ફિલ્મની ડિજિટલ રીલીઝની જાહેરાત કરી હતી. સંજય લીલા ભણશાળી દિગ્દર્શિત આ ફિલ્મ ૨૦૦૫માં રીલીઝ થઈ હતી. તેમાં અમિતાભે અલ્ઝાઈમરથી પીડીત શિક્ષક અને રાણીએ તેમની નેત્રહિન વિદ્યાર્થિનીની ભૂમિકા ભજવી હતી. અમિતાભે ખુદ આ ફિલ્મ ડિજિટલ પ્લેટફોર્મ પર રીલીઝ થઈ હોવાની ખુશી પ્રગટ કરી હતી. આ ફિલ્મને તે સમયે ત્રણ નેશનલ એવોર્ડ મળ્યા હતા. બાદમાં તે તુર્કીશ ભાષામાં ‘બેનીમ દુન્યમ’ના નામે પણ બનાવવામાં આવી હતી.



## સોનમ કપૂરે દોસ્તના લગ્નમાં પહેરી ગુજરાતી બાંધણી,ફેન્સ જોતા જ બોલી પડ્યા વાહ...

બોલિવૂડ એક્ટ્રેસ સોનમ કપૂર અવારનવાર પોતાના લુક્સને કારણે ચર્ચામાં રહે છે. સોનમના દરેક લુકના ફેન્સ દિવાના છે. ફરી એકવાર અભિનેત્રી નવા લુકમાં જોવા મળી હતી જે હવે સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ કરી રહી છે.



હાલમાં સોનમ કૂપર પરંપરાગત અવતારમાં જોવા મળી હતી જેમાં તે ખૂબ જ સુંદર લાગી રહી હતી. અભિનેત્રીની સાદગી ચાહકોના હૃદયને સ્પર્શી ગઈ હતી. સોનમના લેટેસ્ટ લૂકનો વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ જ વાયરલ થઈ રહ્યા છે જે લોકોમાં ચર્ચાનો વિષય બની રહ્યા છે. અભિનેત્રીનો આ લુક તેના ખાસ મિત્રના વેડિંગ રિસેપ્શનનો છે જેમાં તેણે ગુજરાતી સાડી પહેરીને પોતાની સુંદરતા દર્શાવી હતી. સોનમ કપૂરે તેના મિત્રના લગ્નના રિસેપ્શન માટે બાંધણી ટાઈપની સાડી પસંદ કરી હતી જેમાં તે ખૂબ જ સુંદર લાગી રહી હતી.અભિનેત્રીએ તેના લુકને પૂર્ણ કરવા માટે હેવી નેકપીસ, એરિંગ્સ અને ટિક્કાનો ઉપયોગ કર્યો હતો જે તેના માટે ખૂબ જ યોગ્ય છે. અભિનેત્રીએ તેના વાળને ટોચ પર હળવા બાંધ્યા હતા અને બાકીના ખુલ્લા રાખ્યા હતા જે તેને ખૂબ અનુકૂળ હતા. લાલ રંગની આ સાડીમાં સોનમ ખૂબ જ સુંદર લાગી રહી હતી. સાથે જ તેનો આ લુક પણ લોકો ખૂબ જ પસંદ કરી રહ્યા છે.

એક્ટ્રેસના નવા લૂકના વીડિયો પર કોમેન્ટ કરતાં એક યુઝરે લખ્યું કે તમે ખૂબ જ સુંદર લાગી રહ્યા છો. અન્ય એક યુઝરે લખ્યું કે અમારી જૂની સોનમ પાછી આવી ગઈ છે. ત્રીજા યુઝરે લખ્યું કે પ્રેમ રતન ધન પાયો જુઓ. અન્ય એક યુઝરે લખ્યું કે આ સાડી તમને ખૂબ જ સારી રીતે સૂટ કરે છે. હવે યુઝર્સ આવી કોમેન્ટ કરીને એક્ટ્રેસના વખાણ કરી રહ્યા છે. તમને જણાવી દઈએ કે સોનમ માત્ર ટ્રેડિશનલ જ નહીં પરંતુ વેસ્ટર્ન લુકમાં પણ સારી લાગે છે.

## રકૂલ પ્રીત પછી હવે શ્રદ્ધા કપૂર પણ લગ્ન માટે તૈયાર



મુંબઈ: બોલીવૂડ એક્ટ્રેસ શ્રદ્ધા કપૂર લગ્ન બાબતે ગંભીરતાથી વિચારી રહી હોવાની અટકળો તેની તાજેતરની એક સોશિયલ મીડિયા પોસ્ટ પરથી થઈ રહી છે. શ્રદ્ધા કપૂરનું નામ બહુ શરુઆતમાં ‘આશિકી ટૂ’ના તેના સહકલાકાર આદિત્ય રોય કપૂર સાથે જોડાયું હતું. તે પછી તેની રિલેશનશિપ ફોટોગ્રાફર ‘રોહન શ્રેષ્ઠા’ સાથે હતી. જોકે, બાદમાં બંનેનું બ્રેક અપ થઈ ગયું હતું.

**શ્રદ્ધાની સોશિયલ મીડિયા પોસ્ટ પરથી અટકળો, ફોટોગ્રાફર રોહન શ્રેષ્ઠા સાથે બ્રેક અપ બાદ શ્રદ્ધા લેખક રાહુલ મોદીને ડેટ કરે છે**

હાલમાં તે તેની ફિલ્મ ‘તુ જુઠી મૈ મક્કાર’ના લેખક રાહુલ મોદી સાથે રિલેશનશિપમાં હોવાનું મનાય છે. શ્રદ્ધાએ ટ્રેડિશનલ આઉટલૂકમાં એક ફોટો શેર કર્યો હતો. તેની સાથે તેણે કેપ્શન મુક્યું હતું કે, ‘કેવી લાગું છું , શું લગ્ન કરી લઉં ?’ આ પોસ્ટ પર અસંખ્ય ચાહકોએ કોમેન્ટસ કરી હતી. મોટાભાગના લોકોએ તેને સલાહ આપી હતી કે તેણે હવે લગ્ન કરીને ઠરીઠામ થઈ જવું જોઈએ.

## શાહિદ કપૂર છત્રપતિ શિવાજી મહારાજની ભૂમિકા ભજવશે



મુંબઈ: છત્રપતિ શિવાજી મહારાજ પર બની રહેલી ફિલ્મમાં શાહિદ કપૂરને મુખ્ય ભૂમિકા ઓફર કરવામાં આવી છે. શાહિદ આ ફિલ્મ માટે સંમત થઈ ચૂક્યો હોવાનું કહેવાય છે. ઓએમજી ટૂના ડાયરેક્ટર અમિત રાય આ ફિલ્મ બનાવી રહ્યા છે. તેમના સહિત ફિલ્મના અન્ય નિર્માતાઓને શાહિદ આ ભૂમિકા માટે યોગ્ય લાગ્યો છે. આ ફિલ્મના ટાઈટલ તથા અન્ય કલાકારો વિશે હજુ કોઈ વિગત ઉપલબ્ધ થઈ નથી. અગાઉ, શાહિદ કપૂર સંજય લીલા ભણશાળીની ફિલ્મ ‘પદ્માવત’માં પણ મુખ્ય ભૂમિકા ભજવી ચૂક્યો છે. ઉલ્લેખનીય છે કે આ જ વર્ષના અંતમાં વિકી કૌશલની ‘છાવા’ પણ રીલીઝ થવાની છે. તેમાં વિકી કૌશલ છત્રપતિ શિવાજી મહારાજના પુત્ર છત્રપતિ સંભાજી મહારાજની ભૂમિકા ભજવી રહ્યો છે. આ ફિલ્મમાં રશ્મિકા મંદાના તેની સહકલાકાર છે.

### ‘તારક મેહતા કા ઉલ્ટા ચશ્મા’ ટીવી સિરિયલ વર્ષ 2009માં શરુ થઈ હતી, ‘યે રિશ્તા ક્યા કહેલાતા હૈ’ જે વર્ષ 2009માં શરુ થઈ હતી

## ટીવીની દુનિયામાં અમર છે આ 8 સિરિયલો, વર્ષોથી દર્શકોને કરાવી રહી છે મનોરંજન




**‘તારક મેહતા કા ઉલ્ટા ચશ્મા’**

‘તારક મેહતા કા ઉલ્ટા ચશ્મા’ શો વર્ષ 2009માં શરુ થયો હતો. શો ને હાલ 15 વર્ષ થઈ ચુક્યા છે. તેની સ્ટોરી એવી છે કે દરેક પાત્રો ગોકુલધામ સોસાયટીમાં રહેતા હોય છે. તે દેશના વિવિધ વિસ્તારોમાંથી આવે છે અને તેમણે ગોકુળધામ સોસાયટીને એક મિની ઈન્ડિયા બનાવી દીધુ છે.

**કુંડલી ભાગ્ય**

સિરિયલ ‘કુંડલી ભાગ્ય’ વર્ષ 2017માં શરુ થઈ હતી. અને તે હજુ સુધી ટીવી પર ચાલી રહી છે. શો માં પ્રીતા અને કરણની સ્ટોરી બતાવવામાં આવી છે. શ્રદ્ધા આર્યા પ્રીતાના રોલમાં જોવા મળે છે જ્યારે ધીરજ ધુપર કરણનો રોલનો નિભાવી રહ્યો છે.






**યે રિશ્તા ક્યા કહેલાતા હૈ**

રાજન શાહીની સિરિયલ ‘યે રિશ્તા ક્યા કહેલાતા હૈ’ જે વર્ષ 2009માં શરુ થઈ હતી. શો માં અત્યાર સુધી ચોથી જનરેશન આવી ચુકી છે. શો 15 વર્ષથી વધારે સમયથી ચાલી રહ્યો છે. શો માં અક્ષરા અને નૈતિકની સ્ટોરી સૌથી પહેલા બતાવવામાં આવી હતી અને હવે તેના બાળકોની સ્ટોરી બતાવવામાં આવે છે.

**ભાબીજી ઘર પર હૈ**

‘ભાબીજી ઘર પર હૈ’- એક કોમેડી શો છે. સૌથી પહેલા આ માર્ચ 2015માં ટીવી પર પ્રસારિત કરવામાં આવ્યો હતો.



શો માં અંગૂરી, અનીતા, મનમોહન અને વિભૂતિની સ્ટોરી બતાવવામાં આવે છે.

**કુમકુમ**

‘કુમકુમ’ ભાગ્ય જી ટીવી પર આવે છે અને આ વર્ષ 2014માં શરુ થઈ હતી. આ શો પણ હાલમાં બતાવવામાં આવે છે. આરવી અને પૂર્વી હવે લગ્નના બંધનમાં બંધાઈ જશે. હાલમાં જે શો ચાલી રહ્યો છે તેને 20 વર્ષ પૂરા થવા આવ્યા છે.

**મોહબબ્તે**

કરણ પટેલ અને દિવ્યંકા ત્રિપાઠી અભિનીત એક રોમેંટિક ડ્રામા છે આ ‘મોહબબ્તે.’ આ શો વર્ષ 2013માં શરુ થયો હતો. વર્ષ 2019માં આ શો બંધ કરવામાં આવ્યો હતો.

**FIR**

એફ.આઈ.આર. સબ ટીવી પર આવે છે અને દર્શકોમાં ખૂબ પોપ્યુલર છે. શો નો પહેલો એપિસોડ 2006માં આવ્યો હતો. વર્ષ 2015માં આ શોને પણ બંધ કરવામાં આવ્યો છે.

**કસોટી જીંદગી કી**

‘કસોટી જીંદગી કી’ શ્વેતા તિવારી, સીઝેન ખાન, ઉર્વશી ઢોલકિયા અને કરણ સિંહ ગ્રોવરે કામ કર્યુ છે. શો નો પહેલો એપિસોડ વર્ષ 2001માં આવ્યો હતો અને આઠ વર્ષ સુધી ચલાવવામાં આવ્યો હતો. એકતા કપુરનો આ શો ખૂબ જ પોપ્યુલર હતો.




# આ મામલે અશ્વિને તોડ્યો ચંદ્રશેખરનો રેકોર્ડ

ટીમ ઈન્ડિયાના સ્ટાર ઓફ સ્પિનર રવિચંદ્રન અશ્વિને વિશાખાપટ્ટનમ ટેસ્ટના ચોથા દિવસે પૂર્વ ભારતીય લેગ સ્પિનર ભગવત ચંદ્રશેખરનો મોટો રેકોર્ડ તોડી નાખ્યો છે. રવિચંદ્રન અશ્વિન હવે ટેસ્ટ ક્રિકેટમાં ઈંગ્લેન્ડ વિરુદ્ધ સૌથી વધુ વિકેટ લેનાર ભારતીય બોલર બની ગયો છે. રવિચંદ્રન અશ્વિને ઈંગ્લેન્ડની બીજી ઈનિંગમાં 29મી ઓવરના બીજા બોલ પર ઓલી પોપને કેપ્ટન રોહિત શર્માના હાથે કેચ આઉટ કરાવીને આ મોટી સિદ્ધિ હાંસલ કરી છે.

## ભાગવત ચંદ્રશેખરનો મોટો રેકોર્ડ તૂટ્યો

રવિચંદ્રન અશ્વિને હવે ટેસ્ટ ક્રિકેટમાં ઈંગ્લેન્ડ વિરુદ્ધ 21 ટેસ્ટ મેચમાં 97 વિકેટ ઝડપી છે. રવિચંદ્રન અશ્વિને ભારત માટે 96 ટેસ્ટ મેચમાં 499 વિકેટ લીધી છે. ટેસ્ટ ક્રિકેટમાં રવિચંદ્રન અશ્વિને 34 વખત પાંચ વિકેટ લીધી છે અને 8 વખત એક મેચમાં 10 કે તેથી વધુ વિકેટ લીધી છે. ભૂતપૂર્વ ભારતીય લેગ સ્પિનર ભાગવત ચંદ્રશેખરે ઈંગ્લેન્ડ સામેની 23 ટેસ્ટ મેચમાં 27.27ની એવરેજથી 95 વિકેટ લીધી હતી. ઈંગ્લેન્ડ સામે ભાગવત ચંદ્રશેખરનું શ્રેષ્ઠ બોલિંગ પ્રદર્શન 107 રનમાં 9 વિકેટ હતું. ભાગવત ચંદ્રશેખરે ભારત માટે 58 ટેસ્ટ મેચમાં 242 વિકેટ લીધી છે. રવિચંદ્રન અશ્વિને હવે ટેસ્ટ ક્રિકેટમાં ઈંગ્લેન્ડ સામે સૌથી વધુ વિકેટ લેવાના મામલે ભાગવત ચંદ્રશેખરને પાછળ છોડી દીધા છે.

## અનિલ કુંબલેએ ઈંગ્લેન્ડ સામે 92 વિકેટ લીધી હતી

ભૂતપૂર્વ ભારતીય લેગ સ્પિનર અનિલ કુંબલેએ ઈંગ્લેન્ડ વિરુદ્ધ 19 ટેસ્ટ મેચમાં 30.59ની એવરેજથી 92 વિકેટ લીધી છે. અનિલ કુંબલેએ ભારત માટે 132 ટેસ્ટ મેચમાં 619 વિકેટ લીધી છે. ટેસ્ટ ક્રિકેટમાં અનિલ કુંબલેએ 35 વખત પાંચ વિકેટ ઝડપી છે અને 8 વખત એક મેચમાં 10 કે તેથી વધુ વિકેટ લીધી છે. બિશન સિંહ બેદીએ ઈંગ્લેન્ડ વિરુદ્ધ 22 ટેસ્ટ મેચમાં 29.87ની એવરેજથી 85 વિકેટ લીધી છે. બિશન સિંહ બેદીએ ભારત માટે 67 ટેસ્ટ મેચમાં 266 વિકેટ લીધી છે. ટેસ્ટ ક્રિકેટમાં, બિશન સિંહ બેદીએ 14 વખત પાંચ વિકેટ અને એક મેચમાં 10 વિકેટ ઝડપી છે.

## જેમ્સ એન્ડરસન આ યાદીમાં ટોચ પર છે

ઈંગ્લેન્ડના સ્ટાર ફાસ્ટ બોલર જેમ્સ એન્ડરસનનો ટેસ્ટ ક્રિકેટમાં ભારત સામે શાનદાર રેકોર્ડ છે. જેમ્સ એન્ડરસને ભારત સામે અત્યાર સુધીમાં 36 ટેસ્ટ મેચ રમી છે, જેમાં તેણે 144 વિકેટ લીધી છે. જેમ્સ એન્ડરસને ભારત વિરૂદ્ધ ટેસ્ટ મેચમાં 6 વખત પાંચ વિકેટ લેવાનું કારનામું કર્યું છે. જેમ્સ એન્ડરસને ટેસ્ટ ક્રિકેટમાં 695 વિકેટ લીધી છે.

# ઈન્ડિયા-એ ત્રીજી અનઑફિશિયલ ટેસ્ટ 134 રને જીતી:શ્રેણી 2-0થી જીતી

મુંબઇ તા.05

સ્પિનરોના દમ પર ઈન્ડિયા-Aએ ત્રીજી અને છેલ્લી અનઑફિશિયલ ટેસ્ટમાં ઈંગ્લેન્ડ લાયન્સને 134 રનથી હરાવ્યું. આ જીત સાથે ભારતીય ટીમે 3 મેચની શ્રેણી 2-0થી જીતી લીધી છે. શ્રેણીની પ્રથમ મેચ ડ્રો રહી હતી અને બીજી મેચ ભારતે ઈનિંગ અને 16 રને જીતી હતી.રવિવારે અમદાવાદમાં ઈંગ્લેન્ડ લાયન્સને જીતવા માટે 320 રનની જરૂર હતી, પરંતુ ટીમ છેલ્લી 8 વિકેટ ગુમાવીને માત્ર 185 રન જ બનાવી શકી અને 268ના સ્કોર પર ઓલઆઉટ થઈ ગઈ. લાયન્સે દિવસની શરૂઆત 83/2 પર કરી. આ પહેલા ભારતે બીજા દાવમાં 409 રન બનાવ્યા હતા અને મુલાકાતી ટીમને 403 રનનો અશક્ય ટાર્ગેટ આપ્યો હતો. પ્રથમ દાવમાં ઈન્ડિયા-Aએ 192 રન અને લાયન્સે 199 રન બનાવ્યા હતા. લાયન્સને પ્રથમ દાવમાં 7 રનની લીડ મળી હતી. સાઈ સુદર્શન પ્લેયર ઓફ ધ મેચ રહ્યો હતો. તેણે ઈન્ડિયા-એ માટે 117 રનની ઈનિંગ રમી હતી. મુંબઈના ડાબોડી સ્પિનર શમ્સ મુલાની (60 રનમાં 5 વિકેટ) અને મધ્યપ્રદેશના ઑફ સ્પિનર સરંશ જૈન (50 રનમાં 3 વિકેટ)એ મળીને 8 વિકેટ ઝડપી હતી. ઈંગ્લેન્ડ લાયન્સના ઓપનર એલેક્સ લીસે 41 રનથી શરૂઆત કરીને પોતાની અડધી સદી પૂરી કરી હતી. તે સારા ફોર્મમાં દેખાઈ રહ્યો હતો, પરંતુ મુલાનીએ તેને LBW આઉટ કર્યો હતો. લીસ 55 રન બનાવીને આઉટ થયો હતો. ત્યારબાદ ઈંગ્લેન્ડનો સ્કોર 4 વિકેટે 120 રન હતો, પરંતુ ટીમે 20 રનની અંદર વધુ ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી.

# શુભમન ગિલ પાસે આ છેલ્લી તક હતી, એક 'ધમકી'ના કારણે પલટાઈ ગઈ બાજી?

ઈંગ્લેન્ડ વિરુદ્ધ વિશાખાપટ્ટનમમાં બીજી ટેસ્ટ રમાઈ રહી છે. મેચની બીજી ઈનિંગમાં શુભમન ગિલે ટીમ ઈન્ડિયા માટે જબરદસ્ત સદી ફટકારી. શુભમન માટે આ સદી ટીમમાં જગ્યા જાળવવાની સંજીવની જેવી બની છે. શુભમન સતત ટેસ્ટ મેચોમાં ફ્લોપ સાબિત થઈ રહ્યો હતો. રિપોર્ટ મુજબ શુભમન ગિલને અલ્ટિમેટમ મળી ચૂક્યું હતું કે તે પાછો રણજી ટ્રોફીમાં રમીને પોતાનું પરફોર્મન્સ મેળવે, પરંતુ ત્રીજા નંબરે બેટિંગ કરતા શુભમને છેલ્લી તક પર પોતાનું સામર્થ્ય સાબિત કરતા તક સાંધી લીધી. શુભમન ગિલે ઈંગ્લેન્ડ વિરુદ્ધ બીજી ઈનિંગમાં 147 બોલમાં 104 રન કર્યા. પોતાના આ ઈનિંગમાં તેણે 11 ચોગ્ગ અને 2 છગ્ગા પણ ફટકાર્યા. ગિલે પોતાની ત્રીજી ટેસ્ટ સદી ફટકારી અને માર્ચ 2023 બાદ પોતાની 12 ઈનિંગમાં આ તેની પહેલી સદી હતી. તેણે અક્ષર પટેલ સાથે મળીને 89 રનની મહત્વપૂર્ણ ભાગીદારી પણ કરી. શુભમનની આ સદીની મદદથી ટીમ ઈન્ડિયાએ પોતાની બીજી ઈનિંગમાં 225 રન કર્યા જેના કારણે ઈંગ્લેન્ડને જીત માટે 399 રનનો લક્ષ્યાંક મળ્યો છે. ઈંગ્લેન્ડની બોલિંગમાં સ્પિનર ટોમ હાર્ટલે અને રેહાન અહેમદે ઈંગ્લેન્ડ માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી.

# વિશ્વ ક્રિકેટ પર રાજ કરશે આ 2 ભારતીય બેટ્સમેન...સેહવાગે કરી ભવિષ્યવાણી

મુંબઇ તા.05

વિશાખાપટ્ટનમમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી બીજી ટેસ્ટ મેચ યુવા ભારતીય બેટ્સમેન યશસ્વી જયસ્વાલ અને શુભમન ગિલ માટે યાદગાર બની ગઈ છે. આ મેચની પ્રથમ ઈનિંગમાં યશસ્વી જયસ્વાલે (209 રન) પોતાની ટેસ્ટ કારકિર્દીની પ્રથમ બેવડી સદી ફટકારી હતી, જ્યારે બીજી ઈનિંગમાં શુભમન ગિલે (104 રન) સદી ફટકારી હતી. આ બંને ખેલાડીઓનું શાનદાર પ્રદર્શન જોઈને પૂર્વ અનુભવી ભારતીય ઓપનર વીરેન્દ્ર સેહવાગ ખુશ થઈ ગયો. તેઓએ તેમની બેટિંગથી ખુશ થઈને મોટી ભવિષ્યવાણી કરી હતી. યશસ્વી જયસ્વાલ અને શુભમન ગિલની શાનદાર બેટિંગ જોઈને વીરેન્દ્ર સેહવાગે પોતાના અધિકારી પર કહ્યું બંનેની ઉંમર 25 વર્ષથી ઓછી છે પરંતુ તેઓ આગળ આવ્યા અને આ પ્રસંગે ઉભા થયા. આ બંને બેટ્સમેન આગામી એક દાયકા કે તેથી વધુ સમય સુધી વિશ્વ ક્રિકેટ પર




રાજ કરશે તેવી પ્રબળ સંભાવના છે. સેહવાગની વાતથી સ્પષ્ટ થાય છે કે તેને યશસ્વી જયસ્વાલ અને શુભમન ગીલની બેટિંગ પર પૂરો વિશ્વાસ છે. સેહવાગને પૂરી આશા છે કે આવનારા સમયમાં આ બંને બેટ્સમેનો આખી દુનિયામાં ભારતનો ઝંડો લહેરાશે. હાલમાં વિરાટ કોહલી અને રોહિત શર્મા ભારત માટે આ મોટી જવાબદારી નિભાવતા જોવા મળી રહ્યા છે. આવી સ્થિતિમાં જો ભારતના આ બે યુવા ખેલાડીઓનું બેટ આવું જ ચાલતું રહેશે તો તેઓ રોહિત અને વિરાટની જગ્યા લઈ શકે છે.

### શુભમન ગિલે ટીકાકારોની બોલતી બંધ કરી

વિશાખાપટ્ટનમ ટેસ્ટમાં તેની સદી પહેલા શુભમન ગિલનું બેટ આ ફોર્મેટમાં સતત શાંત હતું. જો રિપોર્ટ્સનું માનીએ તો ભારતીય ટીમમાં શુભમન ગિલ માટે આ છેલ્લી તક હતી. શુભમન ગિલે આ તકનો લાભ ઉઠાવ્યો અને બેટથી શાનદાર ઈનિંગ રમીને તેના ટીકાકારોને ચૂપ કરી દીધા. બીજી ઈનિંગમાં ગિલે 147 બોલમાં 11 ચોગ્ગા અને 2 છગ્ગાની મદદથી 104 રન બનાવ્યા હતા.

### એમએસ ધોનીનો આ લૂક ફેન્સને ખૂબ જ પસંદ આવી રહ્યો છે

# MS ધોનીનો નવો લૂક થયો વાયરલ, ફેન્સને યાદ આવ્યા 'માહી'ના જૂના દિવસો



મુંબઇ તા.05

ટીમ ઈન્ડિયાના પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની ભલે સોશિયલ મીડિયાથી દૂર રહે છે, પરંતુ દરરોજ તેની કોઈને કોઈ તસવીર કે વીડિયો સોશિયલ મીડિયા પર આવતા રહે છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કહી ચુકેલ એમએસ ધોની હવે IPLમાં રમતા જોવા મળી રહ્યા છે. ફરી એકવાર ધોની IPL 2024માં ફેન્સ માટે રમતા જોવા મળશે. આ દરમિયાન મહેન્દ્ર સિંહ ધોનીની એક તસવીર સોશિયલ મીડિયા પર ખૂબ જ ઝડપથી વાયરલ થઈ રહી છે. જેમાં ધોનીનો નવો લુક જોવા મળી રહ્યો છે. મહેન્દ્ર સિંહ ધોનીના વીડિયો અને તસવીરો તેના ફેન્સ એકાઉન્ટ્સ દ્વારા શેર કરવામાં આવતી રહે છે. હવે ધોનીની નવી તસવીર સામે આવી છે. જેમાં માહી ટેનિસ રમતી જોવા મળી રહી છે. આ તસવીરમાં ધોની લાંબા વાળ સાથે જોવા મળી રહ્યો છે. આ તસવીર જોઈને ચાહકોને ધોનીના જૂના દિવસો યાદ આવી ગયા. જ્યારે મહેન્દ્ર સિંહ ધોની લાંબા વાળ રાખતો હતો. ધોનીનો નવો લુક ફેન્સને પસંદ આવી રહ્યો છે. ધોનીની આ તસવીરો પર ફેન્સ અલગ-અલગ પ્રકારની પ્રતિક્રિયા આપી રહ્યા છે. તસવીરોમાં ધોની પણ એકદમ ફિટ દેખાય છે.

### ધોની IPL 2024માં રમતા જોવા મળશે

મહેન્દ્ર સિંહ ધોનીની કપ્તાનીમાં ચેન્નાઈ સુપર કિંગ્સે IPL 2023નો ખિતાબ જીત્યો હતો. ધોનીની કપ્તાનીમાં CSKએ 5 વખત IPLનો ખિતાબ જીત્યો છે. હવે ફરી એકવાર CSK ધોનીની કપ્તાનીમાં છઠ્ઠી વખત IPL ટ્રોફી જીતવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે. ધોની IPL 2024 માટે પણ પોતાને તૈયાર કરી રહ્યો છે. માહી ફિટનેસ પર પણ ખૂબ ધ્યાન આપી રહી છે.

# HazelGreen રંગની આંખોવાળો જેમ્સ એન્ડર્સન છે ફેમિલી પર્સન

મુંબઇ તા.05

ઈંગ્લેન્ડનો સ્ટાર ફાસ્ટ બોલર જેમ્સ એન્ડરસન મેદાન પર ઘણો આક્રમક દેખાય છે, પરંતુ અંગત જીવનમાં તે ખૂબ જ સંભાળ રાખનાર અને શાંત છે. તે ક્રિકેટ ટુર પર જવા કરતાં ઘરે સમય પસાર કરવાનું પસંદ કરે છે. ચાલો જાણીએ જેમ્સ એન્ડરસનના જીવનની રસપ્રદ વાતો.

માત્ર ત્રણ વખત ડેટિંગ કર્યા બાદ જેમ્સે મોડલ ગર્લફ્રેન્ડ ડેનિયેલા લોયડને પોતાની પત્ની બનાવવાનો નિર્ણય લીધો હતો. બંનેની મુલાકાત 2004માં થઈ હતી. બંનેએ લગ્નનો નિર્ણય ઘણા સમય પહેલા લઈ લીધો હતો, પરંતુ તેને વાસ્તવિકતામાં રૂપાંતર કરતા તેમને બે વર્ષ લાગ્યા. ડેનિએલા અને જેમ્સના લગ્ન 2006માં હેલેના હોલી એન્જલ્સ આરસી ચર્ચમાં થયા હતા.



એન્ડરસનની પ્રથમ પુત્રી લોલા રોઝનો જન્મ 8 જાન્યુઆરી, 2009ના રોજ થયો હતો. 9 ડિસેમ્બર, 2010 ના રોજ, તેમની બીજી પુત્રી રૂબી લક્સ આ દુનિયામાં આવી. સપ્ટેમ્બર 2010માં જેમ્સ એન્ડરસને બ્રિટનના સૌથી પ્રખ્યાત ગે મેગેઝિન 'એટિટ્યુડ' માટે ન્યૂડ ફોટોશૂટ કરાવ્યું હતું. આવું કરનાર તે પ્રથમ ક્રિકેટર બન્યો છે. તે મેગેઝિનના કવર પેજના લોન્ચ બાદ તેણે કહ્યું હતું કે, 'ક્રિકેટ જગતમાં જો કોઈ સમલૈંગિક ખેલાડી છે, તો તેણે આનાથી શરમાવાને બદલે આત્મવિશ્વાસ સાથે આગળ આવવું જોઈએ. મને નથી લાગતું કે ક્રિકેટમાં કોઈપણ પ્રત્યે તેની કોઈ ખરાબ ઈચ્છા હશે. જેમ્સ એન્ડરસને તેની કારકિર્દીની પ્રથમ ટેસ્ટ મેચમાં જ 5 વિકેટ લેવાની સિદ્ધિ મેળવી હતી. 23 મે 2003ના રોજ લોર્ડ્સમાં ડેબ્યુ કરતાં તેણે કુલ 73 રનમાં ઝિમ્બાબ્વેના પાંચ બેટ્સમેનોને આઉટ કર્યા હતા. એન્ડરસન ઈંગ્લેન્ડ માટે સૌથી વધુ ટેસ્ટ વિકેટ લેનારો બીજો બોલર છે. એન્ડરસન ખૂબ જ ઝડપથી ગુસ્સો કરે છે. 2010-11ની એશિઝ શ્રેણીમાં પર્થ ટેસ્ટ દરમિયાન મિશેલ જોન્સને તેની સાથે દુર્વ્યવહાર કર્યો હતો. બીજા જ બોલ પર, જિમીએ બેટિંગ ક્રિઝ પર હાજર જોન્સનના પાર્ટનર રેયાન હેરિસને ક્લીન બોલિંગ કરીને જવાબ આપ્યો.

સ્પોર્ટ્સ / રોનાલ્ડો કે વિરાટ કોહલી...

# કમાણીમાં કોણ કોના પર ભારે? નેટવર્થનો આંકડો ચોંકાવનારો

મુંબઇ તા.05

ફૂટબોલ જગતના ઈતિહાસમાં પોર્ટુગલના સ્ટાર ખેલાડી ક્રિસ્ટિયાનો રોનોલ્ડોનો આજે જન્મદિવસ છે. ક્રિસ્ટિયાનો રોનાલ્ડો તેના અંગત જીવનને કારણે ચર્ચામાં રહે છે. મીડિયા રિપોર્ટ અનુસાર ક્રિસ્ટિયાનો રોનોલ્ડો પાસે 500 ડોલરની સંપત્તિ છે. વર્ષ 2023માં સૌથી મોંઘા ખેલાડી રહ્યા હતા. ફૂટબોલ જગતના ઈતિહાસમાં પોર્ટુગલના સ્ટાર ખેલાડી ક્રિસ્ટિયાનો રોનાલ્ડોનો આજે જન્મદિવસ છે. રોનાલ્ડો આજે તેમનો 39મો જન્મદિવસ ઊજવી રહ્યા છે. ક્રિસ્ટિયાનો રોનાલ્ડો તેના અંગત જીવનને કારણે ચર્ચામાં રહે છે. મીડિયા રિપોર્ટ અનુસાર ક્રિસ્ટિયાનો રોનોલ્ડો 500 ડોલરની સંપત્તિ છે. વર્ષ 2023માં સૌથી મોંઘા ખેલાડી રહ્યા હતા. કોહલી પાસે 1050 કરોડની સંપત્તિ છે. રોનાલ્ડો કમાણી મામલે વિરાટ કોહલી કરતા ઘણા પાછળ છે. પોર્ટુગલના રોનાલ્ડો અલ નેસાર માટે પણ રમે છે. રોનાલ્ડો સાઉદી પ્રીમિયર લીગ ક્લબ અલ નસરનો કેપ્ટન છે.આ સ્ટાર ખેલાડીએ 5 વાર ફીફા બેલન ડી ઓર નો એવોર્ડ જીત્યો છે. રોનાલ્ડો અને કોહલીને લક્ઝુરિયસ કારનો શોખ છે. રોનાલ્ડો પાસે દુનિયાની સૌથી મોંઘી કાર છે. આ કાર કલેક્શનમાં રોલ્સ, રોયસ, ફરારી એફ 12, લેમ્બર્ગિની એવેનટેડર, બુગાટી, પોર્સે, ફરારી એફ 430, મર્સિડીઝ બેન્ઝ સહિત અન્ય કાર શામેલ છે.

રોનાલ્ડો સોશિયલ મીડિયા પર એક્ટિવ રહે છે. ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ ફરારી કાર સાથેનો ફોટો શેર કર્યો છે. રોનાલ્ડો પાસે ચાર ફરારી કાર છે. આમાં ફેરારી F12 TDF સૌથી મોંઘી છે.

# કેન વિલિયમસને ટેસ્ટમાં સદી ફટકારી ડોન બ્રેડમેનનો રેકોર્ડ તોડ્યો

મુંબઇ તા.05

સાઉથ આફ્રિકા સામે બે ઓવલ ખાતે રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટના પહેલા જ દિવસે કેન વિલિયમસને સદી ફટકારી હતી. આ સદી સાથે તેણે ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીને પાછળ છોડી દીધો છે. મેચના અંત સુધીમાં, વિલિયમસન 112 રન બનાવી અણનમ રહ્યો હતો. આ સદી સાથે વિલિયમસને માત્ર વિરાટ કોહલી જ નહીં પરંતુ ઓસ્ટ્રેલિયાના પૂર્વ દિગ્ગજ બેટ્સમેન સર ડોન બ્રેડમેનને પણ પાછળ છોડી દીધો છે.

કેન વિલિયમસને સાઉથ આફ્રિકા સામે તેના ટેસ્ટ કરિયરની 30મી સદી ફટકારી હતી. જ્યારે વિરાટ કોહલીએ અત્યાર સુધી તેના ટેસ્ટ કરિયરમાં 29 સદી ફટકારી છે. આ ઉપરાંત પૂર્વ ઓસ્ટ્રેલિયન દિગ્ગજ બેટ્સમેન સર ડોન બ્રેડમેને પણ તેમના કરિયરમાં 29 સદી ફટકારી હતી.




આ સદી સાથે વિલિયમસને શિવનારાયણ ચંદ્રપોલ, મેથ્યુ હેડન અને જો રૂટની બરાબરી કરી લીધી છે. વિલિયમસન ટેસ્ટની સૌથી ઓછી ઈનિંગ્સમાં 30 સદી ફટકારનાર ચોથો બેટ્સમેન બની ગયો છે. આ મામલે તેણે ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન રિકી પોન્ટિંગને પાછળ છોડી દીધો છે. પોન્ટિંગે તેની 170મી ટેસ્ટ ઈનિંગ્સમાં તેની 30મી સદી ફટકારી હતી. જ્યારે વિલિયમસને તેની 169મી ટેસ્ટ ઈનિંગ્સમાં તેની 30મી સદી ફટકારી હતી. પૂર્વ ભારતીય બેટ્સમેન સચિન તેંડુલકર આ યાદીમાં ટોચ પર છે. સચિને 159 ઈનિંગ્સમાં તેની 30મી ટેસ્ટ સદી ફટકારી હતી.

# બેટ્સમેને મેચ દરમિયાન બોલ ઉપાડી વિકેટકીપરને આપ્યો

મુંબઇ | તા.05

ઈંગ્લિશ બેટ્સમેન હમઝા શેખ 'ઓબ્સ્ટ્રક્ટિંગ ધ ફિલ્ડ'નો શિકાર બન્યો હતો. આ ઘટના ઈંગ્લેન્ડની ઈનિંગની 17મી ઓવર દરમિયાન બની હતી. બેટિંગ કરી રહેલા હમઝાએ બોલ ઉપાડીને વિકેટકીપરને આપવાનો પ્રયાસ કર્યો હતો. હમઝા ફક્ત મદદ કરવા માંગતો હતો, પરંતુ તે તેના માટે ઘણું સાબિત થયું. આ દિવસોમાં રમાઈ રહેલા અંડર-19 વર્લ્ડ કપમાં મેદાન પર એક અનોખો પરાક્રમ જોવા મળ્યો, જેને જોઈને તમે આશ્ચર્યચકિત થઈ જશો. જો તમે આખી વાર્તા જાણો છો, તો તમે કહેશો કે રમતની ભાવના સંપૂર્ણપણે બરબાદ થઈ ગઈ છે. ખરેખર, ટૂર્નામેન્ટની 38મી મેચ ઈંગ્લેન્ડ અને ઝિમ્બાબ્વે વચ્ચે રમાઈ હતી. મેચમાં ઈંગ્લેન્ડના બેટ્સમેન હમઝા શેખને અટકેલા બોલને ઉપાડવામાં મુશ્કેલી પડી હતી, ત્યારબાદ તેને આઉટ આપવામાં આવ્યો હતો. આ બાબતે સ્ટુઅર્ટ બ્રોડ પણ ગુસ્સે થઈ ગયો હતો. ઈંગ્લિશ બેટ્સમેન હમઝા શેખ 'ઓબ્સ્ટ્રક્ટિંગ ધ ફિલ્ડ'નો શિકાર બન્યો હતો. આ ઘટના ઈંગ્લેન્ડની ઈનિંગની 17મી ઓવર દરમિયાન બની હતી. બેટિંગ કરી રહેલા હમઝાએ બોલ ઉપાડીને વિકેટકીપરને આપવાનો પ્રયાસ કર્યો હતો. હમઝા ફક્ત મદદ કરવા માંગતો હતો, પરંતુ તે તેના માટે ઘણું સાબિત થયું. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા વીડિયોમાં જોઈ શકાય છે કે ઈંગ્લિશ બેટ્સમેન બોલ ઉપાડે છે અને વિકેટકીપરને પકડે છે, પરંતુ આ




દરમિયાન ઝિમ્બાબ્વેના વિકેટકીપર રેયાન કામવેમ્બાએ અપીલ કરી હતી, જેના પછી તેને આઉટ જાહેર કરવામાં આવ્યો હતો. જો કે, ફિલ્ડ અમ્પાયરે આ મામલે થર્ડ અમ્પાયરની મદદ લીધી, ત્યારબાદ હમઝાને આઉટ આપવામાં આવ્યો. હમજાને આ રીતે આઉટ થતા જોઈને બધા આશ્ચર્યચકિત થઈ ગયા છે. પરંતુ વીડિયોમાં જોઈ શકાય છે કે હમઝા પિચ પર પડેલા બોલને ઉપાડે છે અને વિકેટકીપરને આપે છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં બેટ્સમેનો વારંવાર આવું કરતા જોવા મળે છે, જ્યારે તેઓ રોકાયેલો બોલ ઉપાડે છે અને ફિલ્ડિંગ ટીમના ખેલાડીને આપે છે. પરંતુ આ ઘટના બાદ બેટ્સમેન આવું કરવાનું ટાળશે. મેરીલેબોન ક્રિકેટ ક્લબ (MCC) અનુસાર, જો કોઈ બેટ્સમેન બોલ રમ્યા પછી વિરોધી ટીમના ફિલ્ડરોના કામમાં અવરોધ કે ધ્યાન ભટકાવે છે, તો તે મેદાનમાં અવરોધ ઉભો કરે છે.





# ચિલીનાં જંગલમાં આગ... 112 લોકોનાં મોત

## લોકોએ કહ્યું- પરમાણુ બોમ્બ વિસ્ફોટ થયો હોય તેવી સ્થિતિ; રાષ્ટ્રપતિએ કટોકટી લાદી

દક્ષિણ અમેરિકાના દેશ ચિલીના જંગલોમાં આગ લાગી છે. જે રહેણાંક વિસ્તારોમાં ફેલાઈ છે. અત્યાર સુધીમાં 112 લોકોનાં મોત થયા છે. આંકડો વધવાની ધારણા છે. સેંકડો લોકો ગુમ છે. ન્યૂઝ એજન્સી રોયટર્સ અનુસાર, આગ સૌથી પહેલાં વીના ડેલ માર અને વાલપારાઈસો શહેરોના જંગલોમાં લાગી હતી. તે સતત ફેલાઈ રહ્યો છે. હજારો ઘર બળી ગયા છે. ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર, આગમાં પોતાનું ઘર ગુમાવનાર વ્યક્તિએ કહ્યું- આગ ફેલાઈ જવાને કારણે સ્થિતિ પરમાણુ બોમ્બ વિસ્ફોટ જેવી થઈ ગઈ છે. અહીં કશું બાકી નથી. આકાશમાંથી રાખ વરસી રહી છે. મારું ઘર નાશ પામ્યું. મિત્રો મૃત્યુ પામ્યા છે.

### શેરીમાં વેરવિખેર મૃતદેહો...

લોકો અહીંથી કારમાં ભાગવાનો પ્રયાસ કરી રહ્યા છે. અનેક સળગતા વૃક્ષો રસ્તા પર પડી ગયા છે. જેના કારણે ટ્રાફિક જામ થઈ રહ્યો છે. આવી સ્થિતિમાં ઘણી ગાડીઓ બળી ગઈ અને તેમાં મુસાફરી કરી રહેલા લોકોનાં મોત થયા. ઘણા મૃતદેહો શેરીઓમાં વિખરાયેલા છે. તેમના પર ચાદર પાથરી દેવામાં આવી છે. લોકોનું કહેવું છે કે તેઓ જ્યાં જાય છે ત્યાં મૃતદેહો વિખરાયેલા જોવા મળે છે.

### જ્યાં જંગલોમાં આગ લાગી ત્યાં લોકો રજાઓ માણવા આવ્યા હતા

પ્રેસિડેન્ટ બોરીકે કહ્યું- વિના ડેલ માર અને વાલપારાઈસોના જંગલોમાં લાગેલી આગ ક્વિલપુએ, લિમાચે, વિલા અલેમાના શહેરોમાં ફેલાઈ ગઈ છે. આ બધા દરિયાકાંઠાના શહેરો છે. વર્ષના આ સમયે અહીં હજારો પ્રવાસીઓ આવે છે. તેમણે કહ્યું- લોકો અહીં રજાઓ મનાવવા માટે ભેગા થયા હતા. આવી સ્થિતિમાં આગને કારણે ઘણું નુકસાન થયું છે. ઘરો, હોટલ, રિસોર્ટ બળી ગયા છે. સ્થિતિ નિયંત્રણ બહાર ગઈ છે. લોકોને બચાવવાના પ્રયાસો ચાલુ છે. પરંતુ મૃત્યુઆંક વધી રહ્યો છે.

### વાલપરાઈસો શહેરમાં ઘર અને વાહનો સળગાવવામાં આવ્યા હતા. અહીં 1400થી વધુ ઘર બળીને રાખ થઈ ગયા છે.



### તાપમાન 40 ડિગ્રીએ પહોંચી ગયું હતું

સળગતા જંગલોના કારણે તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું છે. ગરમ પવનો સતત ફૂંકાઈ રહ્યા છે. આવી સ્થિતિમાં લોકોને સુરક્ષિત સ્થાનો પર લઈ જવા માટે બચાવ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ આગ ક્યારે લાગી તે અંગે કોઈ માહિતી નથી.

ગરમ પવનોને કારણે બચાવ કામગીરીમાં મુશ્કેલી પડી રહી છે. ચિલીના ગૃહપ્રધાનનું કહેવું છે કે જો તાપમાન ઘટશે અને ભેજ વધશે તો બચાવકર્મીઓને થોડી મદદ મળશે અને પરિસ્થિતિને સરળતાથી નિયંત્રિત કરી શકાશે.



### સેનાને મદદ માટે બોલાવવામાં આવી હતી

aજર્મન મીડિયા DW અનુસાર, વહીવટીતંત્રે મદદ માટે સેનાને બોલાવી છે. અગ્નિશામક દળની સાથે સેના પણ પરિસ્થિતિને કાબૂમાં લેવામાં વ્યસ્ત છે. આર્મીના હેલિકોપ્ટર આકાશમાંથી પાણી ફેંકી રહ્યા છે જેથી આગને કાબુમાં લઈ શકાય.

ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર, ચિલીમાં 14 વર્ષ બાદ આવી તબાહી જોવા મળી છે. 2010માં અહીં ભૂકંપ આવ્યો હતો. જેમાં 400 લોકોના મોત થયા હતા. 15 લાખ લોકો બેઘર બન્યા.

### કેવી રીતે લાગે છે જંગલમાં આગ...

આગને બાળવા માટે ગરમી, બળતણ અને ઓક્સિજન જરૂરી છે. જંગલમાં ઓક્સિજન માત્ર હવામાં જ હોય છે. ઝાડની સૂકી ડાળીઓ અને પાંદડા બળતણ તરીકે કામ કરે છે. એક નાની સ્પાર્ક ગરમીનું કામ કરી શકે છે. મોટાભાગની આગ ઉનાળાની ઋતુમાં થાય છે. આ સિઝનમાં, એક નાની તણખલું પણ આખા જંગલને આગ લગાડવા માટે પૂરતી છે. આ તણખા ક્યારેક ઝાડની ડાળીઓને એકબીજા સામે ઘસવાથી અથવા સૂર્યના તીવ્ર કિરણોને કારણે થાય છે.

ઉનાળામાં, ઝાડની ડાળીઓ અને ડાળીઓ સુકાઈ જાય છે, જે સરળતાથી આગ પકડી લે છે. એકવાર આગ શરૂ થાય છે, તે પવન દ્વારા બળતણ થાય છે. આ ઉપરાંત કુદરતી વીજળી, જ્વાળામુખી અને કોલસા સળગવાથી પણ જંગલમાં આગ લાગી શકે છે. હાલમાં કેનેડામાં આગ લાગવાનું મુખ્ય કારણ તાપમાનમાં વધારો હોવાનું કહેવાય છે.

## ન્યૂઝ ટ્રેક

### સુપર પાવર રશિયા એક્શન મોડમાં, અમેરિકન હુમલાથી હચમચી ગયા સીરિયા-યમન અને ઇરાક

છેલ્લા ત્રણ દિવસથી અરબના ત્રણ દેશ પર હુમલા થઈ રહ્યા છે. અમેરિકાના બારુદી પ્રહારથી સીરિયા-યમન અને ઈરાક હચમચી ગયુ છે. અમેરિકન યોદ્ધાઓ દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલાથી અરબ સહિત આખી દુનિયામાં ખળભળાટ મચ્યો છે. હવે વિશ્વની બીજી મહાસત્તા રશિયા અરબસ્તાનમાં ફાટી નીકળેલા યુદ્ધમાં ઉતરવા જઈ રહ્યું છે. અમેરિકાએ સીરિયા, યમન અને ઈરાકમાં ઈરાની પ્રોક્સીઓને નિશાન બનાવ્યા હતા, પરંતુ આ હુમલા બાદ પુતિન એક્શનમાં આવ્યા છે. એક તરફ પુતિન નક્કર વ્યૂહરચના સાથે અરેબિયામાં અમેરિકાને ઘેરવામાં વ્યસ્ત છે. તેઓ મહાસત્તાઓ સામે મુસ્લિમ દેશોને એક કરીને એક નવો પડાવ બનાવી રહ્યા છે.

### ભારત વિરોધી નિવેદનબાજીથી ફસાયા રાષ્ટ્રપતિ મોઈજ્જુ...

ભારતની સામે પડવુ માલદીવના રાષ્ટ્રપતિ મોઈજ્જુને પોતાના જ દેશમાં ભારે પડી રહ્યું છે. જણાવી દઈએ કે ભારત વિરોધી નિવેદનબાજીને લઈ માલદીવના રાજકારણમાં ભૂકંપ આવ્યો છે. તેની વચ્ચે માલદીવની બે મુખ્ય વિપક્ષી પાર્ટીઓએ સંસદમાં રાષ્ટ્રપતિ મોહમ્મદ મોઈજ્જુના ભાષણનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી દીધી છે. તાજેત્તરમાં જ ચીન પ્રવાસથી આવ્યા બાદ મોઈજ્જુએ ભારતીય સૈનિકોને બહાર કરવાનો નિર્ણય લીધો હતો, ત્યારબાદ ભારત અને માલદીવના સંબંધોમાં કડવાશ આવી ગઈ છે. એવુ માનવામાં આવી રહ્યું છે કે મોઈજ્જુ ચીન સમર્થક છે. ત્યારે હવે ભારતની સાથે તણાવના કારણે વિપક્ષ મોઈજ્જુનો વિરોધ કરી રહ્યું છે.

## યુક્રેનના લુહાન્સ્કમાં બેકરી હાઉસ પર મિસાઈલ હુમલો, 28 લોકોના મોત

યુક્રેનરશિયાના કબજાવાળા યૂક્રેની વિસ્તાર લુહાન્સ્કમાં એક બેકરી હાઉસ પર ભીષણ મિસાઈલ હુમલા (Missile Attack in Luhansk)માં 28 લોકોના મોત થયા છે. ભીષણ હુમલામાં આસપાસની કારો પણ હવામાં ઉડી ગઈ છે. ઉપરાંત ઘટનાસ્થળની નજીકની બિલ્ડિંગોને પણ નુકસાન થયું છે. હુમલામાં ઘણા લોકો ઈજાગ્રસ્ત થયા હોવાના પણ અહેવાલ મળ્યા છે. તમામ ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડાયા છે. રશિયાના ઈમરજન્સી મંત્રાલયે વીડિયો જારી કરી કહ્યું કે, 'યુક્રેનના હુમલા બાદ અમારા કર્મચારીઓએ યૂક્રેનના પૂર્વ લુહાન્સ્કના લિસિચાંસ્ક શહેરમાં એક બેકરીની ઈમારત પર હુમલા બાદ કાટમાળ નીચેથી 20 લોકોના મૃતદેહો બહાર કાઢ્યા છે. આ ઉપરાંત સારવાર દરમિયાન 8 લોકોના મોત પણ થયા છે.' ઘટના અંગે યુક્રેન તરફથી કોઈ જવાબ આવ્યો નથી. રશિયાના વિદેશ મંત્રાલયના પ્રવક્તા મારિયા ખજારોવાએ કહ્યું કે, હુમલામાં વખતે બિલ્ડિંગમાં ડઝનો નાગરિકો હતા અને પશ્ચિમ હથિયારનો ઉપયોગ કરાયો હતો. રશિયન નિયંત્રિત લુહાન્સ્ક સૂચના કેન્દ્રએ કહ્યું કે, યુક્રેને અમેરિકા દ્વારા અપાયેલ હાઈ મોબોલિટી આર્ટિલરી રૉકેટ સિસ્ટમ (HIMARS)નો ઉપયોગ કરી બેકરી પર ગોળીબાર કર્યો. રશિયાની સરકારી સમાચાર એજન્સી TASSએ ઓપરેશનલ સેવાઓમાં રશિયન-સ્થાપિત અધિકારીને ટાંકીને કહ્યું કે, પીડિતોની સરેરાશ ઉંમર 35 વર્ષ હતી. મૃતકોમાં કોઈપણ બાળક નથી, પરંતુ હાલ કાટમાળ હટાવવાની કામગીરી ચાલી રહી છે.

### આતંકીઓએ પોલીસ સ્ટેશનને ચારેય બાજુથી ઘેરી લીધું : ફાયરિંગ કર્યું...

## પાકમાં ચૂંટણી પહેલાં જ આતંકી હુમલો : 10નાં મોત

ઈસ્લામાબાદ | પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વામાં એક પોલીસ સ્ટેશન પર આતંકી હુમલો થયો છે. પાકિસ્તાની મીડિયા જિયો ન્યૂઝ અનુસાર, આમાં 10 પોલીસકર્મીઓના મોત થયા છે અને 6 ઘાયલ થયા છે. આ હુમલો ચૂંટણીના 3 દિવસ પહેલા થયો. અહીં 8મી ફેબ્રુઆરીએ ચૂંટણી છે. હાલ કોઈ આતંકવાદી સંગઠને હુમલાની જવાબદારી લીધી નથી.

એક પોલીસ અધિકારીએ કહ્યું- આતંકવાદીઓએ સોમવારે વહેલી સવારે લગભગ 3 વાગે દરબન શહેરના પોલીસ સ્ટેશન પર હુમલો કર્યો. તેઓએ પોલીસ સ્ટેશનને ચારે બાજુથી ઘેરી લીધું અને ગ્રેનેડ ફેંક્યા. આ પછી ફાયરિંગ શરૂ થયું. અમે પણ જવાબી કાર્યવાહી કરી પરંતુ આતંકીઓ નાસી છૂટ્યા. તેમને પકડવા માટે સર્ચ ઓપરેશન ચાલુ છે. બલૂચિસ્તાનમાં સોમવારે સવારે ચૂંટણી પંચની ઓફિસની બહાર




વિસ્ફોટ થયો હતો. પાકિસ્તાની મીડિયા એઆરવાય ન્યૂઝ અનુસાર ચૂંટણી પંચના ગેટની બહાર બોમ્બ વિસ્ફોટ થયો હતો. બ્લાસ્ટ કોણે કરાવ્યો અને શા માટે થયો તેની માહિતી મળી નથી. 5 દિવસ પહેલા ખૈબર પખ્તુનખ્વામાં એક ઉમેદવારની હત્યા કરવામાં આવેલી 8 ફેબ્રુઆરીએ યોજાનારી નેશનલ અને એસેમ્બલીની ચૂંટણી પહેલા પાકિસ્તાનમાં હિંસાની ઘટનાઓમાં વધારો થયો છે. 31 જાન્યુઆરીએ પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (PTI)ના ઉમેદવારની હત્યા કરવામાં આવી હતી. આ ઘટના ખૈબર પખ્તુખ્વાના બજૌર જિલ્લામાં બની હતી. માર્યા ગયેલા ઉમેદવારનું નામ રેહાન ઝેબ ખાન હતું.

રેહાનને ઈમરાનની પાર્ટીનું સમર્થન હતું અને તે નેશનલ એસેમ્બલી સીટ નંબર 8 પરથી ઉમેદવાર હતા. હુમલાખોરો બાઈક પર આવ્યા હતા અને ફાયરિંગ કરીને ભાગી ગયા હતા. 'જિયો ન્યૂઝ' અનુસાર, પોલીસને હજુ સુધી હુમલાખોરો વિશે કોઈ સુરાગ નથી મળ્યો.

## યુદ્ધવિરામ જલ્દી નહીં થાય : હમાસે કહ્યું- ઇઝરાયલ સાથે સમજૂતી પર પહોંચવામાં ઘણો સમય લાગશે...

ટેલ અવીવ | ઈઝરાયલ અને હમાસ વચ્ચે વહેલી તકે યુદ્ધવિરામ અને બંધક સોદાની આશા હમાસ દ્વારા જ ઠપ થઈ ગઈ હતી. આ આતંકવાદી સંગઠનના એક નેતાએ કહ્યું છે કે બંને પક્ષ (ઈઝરાયલ અને હમાસ) વચ્ચે સમજૂતી પર પહોંચવામાં ઘણો સમય લાગશે. બીજી તરફ ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુનું વલણ પણ ફરી કડક દેખાવા લાગ્યું છે. તેમણે કહ્યું- ઈઝરાયલ દરેક વસ્તુને સ્વીકારી શકતું નથી અને ન તો આપણે દરેક ડીલ માટે તૈયાર હોઈ શકીએ છીએ.

ગયા અઠવાડિયે, ઈઝરાયલ, અમેરિકા, ઈજિપ્ત અને કતારે ફ્રાન્સની રાજધાની પેરિસમાં યુદ્ધવિરામ અને બંધક કરાર માટે લાંબી વાતચીત કરી હતી. આ પછી, ઘણા મીડિયા ગૃહોએ અહેવાલ આપ્યો હતો કે ઈઝરાયલ અને હમાસ ટૂંક સમયમાં યુદ્ધવિરામની જાહેરાત કરી શકે છે. કતરે આ વાતચીતમાં હમાસનો પક્ષ રજૂ કર્યો હતો, કારણ કે હમાસના ઘણા મોટા



નેતાઓ કતારમાં રહે છે. બીજી તરફ હમાસ ખુદ હવે આ ડીલને નકારી રહ્યું છે. તેના નેતા ઓસામા હમદાને લેબનોનમાં મીડિયાને કહ્યું - લગભગ ચાર મહિનાથી યુદ્ધ ચાલી રહ્યું છે. ઘણી વખત યુદ્ધવિરામ અને બંધક સોદો કોઈ નિષ્કર્ષ પર પહોંચતો હોય તેવું લાગે છે, પરંતુ છેલ્લી ક્ષણે મંત્રણા તૂટી જાય છે. તેનું કારણ એ છે કે બંને પક્ષો વચ્ચે પરસ્પર વિશ્વાસનો જબરદસ્ત અભાવ છે. હમદાને આગળ કહ્યું- હું એમ પણ ન કહી શકું કે અમે ડીલની ખૂબ નજીક છીએ. તેનું કારણ એ છે કે બંને પક્ષો કોઈ પણ મુદ્દે સહમત થઈ શક્યા નથી. ચોક્કસ ક્યાંક ને ક્યાંક કમી છે. ઈઝરાયલ કહી રહ્યું છે કે તે કોઈપણ કિંમતે સૈન્ય કાર્યવાહી બંધ કરશે નહીં. જો યુદ્ધવિરામ થશે તો પણ આ પછી ફરી યુદ્ધ શરૂ થશે. અમે ઈચ્છીએ છીએ કે આ યુદ્ધ હવે સંપૂર્ણ રીતે સમાપ્ત થઈ જવું જોઈએ. બીજી તરફ ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ પણ ફરી કડકતા બતાવવાનું શરૂ કરી દીધું છે. મીટિંગ દરમિયાન નેતન્યાહૂએ કહ્યું- ઈઝરાયલ દરેક ડીલ માટે તૈયાર ન હોઈ શકે. અમે કોઈપણ કિંમતે સોદા માટે સંમત પણ થઈ શકતા નથી. એક દેશ તરીકે, ઈઝરાયલ માત્ર એવી બાબતોને સ્વીકારી શકે છે જે ભવિષ્યમાં તેના હિતોને નુકસાન ન પહોંચાડે.

## કેનેડાના યુકોન શહેરનો પ્રકૃતિ સાથે સંઘર્ષ:માઇનસ 35 ડિગ્રી



ટોરન્ટો | કેનેડાના ઉત્તર-પશ્ચિમી વિસ્તારમાં સ્થિત યુકોન શહેરમાં આ દિવસોમાં લઘુતમ તાપમાન માઇનસ 35 ડિગ્રી ચાલી રહ્યું છે. અહીં ઘણીવાર પારો માઇનસ 60 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી જાય છે. 5,959 મીટરની ઊંચાઈ સાથે યૂકોનના ક્લુઆન રાષ્ટ્રીય અભયારણ્યમાં સ્થિત લોગન પર્વત કેનેડાનો સૌથી ઊંચો અને અલાસ્કામાં સ્થિત ડેનાલી બાદ ઉત્તર અમેરિકાનો બીજો સૌથી ઊંચો પર્વત છે. મોટાભાગના યુકોનમાં સબ આર્કટિક આબોહવા હોય છે. જેમાં લાંબો શિયાળો અને નાનો ઉનાળો હોય છે. હાલમાં યુકોનવાસી 9 ફેબ્રુઆરીએ શરૂ થનારી 60માં યુકોન રેન્જવોસ ફેસ્ટિવલની તૈયારીઓમાં જોડાયા છે. આ ફેસ્ટિવલમાં ચેન શો ફેંકવા, લાકડી ફેંકવા, કાંચની કુહાડી ફેંકવા અને લોટના પેકિંગ જેવી સ્પર્ધાઓ યોજાઈ છે. આશરે 4.81 લાખ વર્ગ કિમીમાં ફેલાયેલા યુકોનની વસ્તી 35 હજાર છે, જેમાંથી મોટાભાગના રાજધાની વાઈટહોર્સમાં રહે છે. આર્કટિલ સર્કલ પાસે હોવાથી અહીં રાત લાંબી હોય છે. અહીં રાતે આકાશમાં નોર્ધન લાઈટ્સ જોવા મળે છે તેને જોવા માટે ઘણાં પર્યટકો આવે છે. સૂર્યનું ચુંબકીય ક્ષેત્ર 11 વર્ષના ચક્ર પછી સૌથી વધુ 2024માં અહીં આવનારા પર્યટકોની સંખ્યા વધવાની આશા છે.

## છેલ્લા 2 મહિનામાં ભારતીય નૌકાદળે સમુદ્રી લૂંટારુઓના 17 હુમલા રોકવામાં આવ્યાં

ન્યૂયોર્ક | છેલ્લા બે મહિનાથી ભારત અને ભારતીય નૌકાદળ લાલ સમુદ્ર અને અરબી સમુદ્ર સહિતના દરિયાઈ માર્ગની સુરક્ષા માટે એક મોટી શક્તિ તરીકે ઉભરી આવ્યા છે. ભારતીય નેવીએ ડિસેમ્બરથી અત્યાર સુધીમાં 17 જહાજોને સમુદ્ર લૂંટારુઓથી બચાવ્યા છે. ગયા અઠવાડિયે ભારતીય નૌકાદળના આઈએનએસ સુમિત્રાએ 36 કલાકમાં બે જહાજોને સોમાલિયાના ચાંચિયાઓથી બચાવ્યા હતા. વિદેશ મંત્રી એસ. જયશંકરે કહ્યું કે જો અમારી સાથે નિરાશાજનક બાબતો બનતી રહે તો અમે એમ ના કહી શકીએ કે તેની સાથે અમારે કોઈ લેવાદેવા નથી.

22 નવેમ્બર 2023ના રોજ હુથી બળવાખોરોએ કાર્ગોશિપ ગેલેક્સી લીડરને નિશાન બનાવ્યું હતું. હુથીના હુમલાઓ વધતાં વિશ્વનો સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ વેપાર માર્ગ સુએઝ-લાલ સાગર માર્ગની સુરક્ષા જોખમમાઈ છે. લાલ સાગરમાં હુમલાઓ વચ્ચે અમેરિકાની આગેવાની હેઠળ 20 દેશોની ટાસ્ક ફોર્સે ઓપરેશન પ્રોસ્પેરિટી ગાર્ડિયન શરૂ કર્યું હતું. પરંતુ, ભારતે ઈરાન સાથેના તેના જૂના સંબંધોને ટાંકીને ઈનકાર કરી દીધો હતો. ભારતે તેની તાકાતનો ઉપયોગ હુથી બળવાખોરો સામે કરવાને બદલે એડનની ખાડી અને અરબી સમુદ્રને ચાંચિયાઓથી બચાવવા માટે કર્યો છે. અમેરિકાએ યમનના હુથી વિદ્રોહીઓ વિરુદ્ધ કાર્યવાહી તેજ કરી છે. રવિવારે અમેરિકી સેનાએ સિરિયા અને ઈરાનમાં હુથી બળવાખોરોના ઠેકાણાઓને નષ્ટ કરી દીધા હતા. અમેરિકી સૈન્યએ રવિવારે યમનમાં 13 સ્થળોએ 36 ઠેકાણા નષ્ટ કર્યા.

### ગુજરાત, રાજસ્થાન, હરિયાણા, બિહારમાં પેપર લીક થતાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ રદ થતાં કાયદો લાવવા નિર્ણય

# પેપર લીક કરનારાને 10 વર્ષની સજા, રૂ. 1 કરોડનો દંડ

નવી દિલ્હી: દેશમાં છેલ્લા કેટલાક સમયથી અનેક રાજ્યોમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓના પેપર ખરા સમયે લીક થઈ જાય છે અથવા તેમાં અનેક પ્રકારની ગેરરીતિઓ સામે આવે છે. આ સમસ્યાના ઊકેલ સ્વરૂપે કેન્દ્ર સરકાર પેપર માફિયાઓને ડામવા આ સપ્તાહે સંસદમાં જાહેર પરીક્ષા (અયોગ્ય સાધનોને રોકવા) બિલ, ૨૦૨૪ રજૂ કરે તેવી સંભાવના છે. આ બિલની જોગવાઈમાં સ્પર્ધાત્મક પરિક્ષાઓમાં ગેરરીતિ કરનારાને મહત્તમ ૧૦ વર્ષની જેલ અને રૂ. ૧ કરોડ સુધીના દંડનો સમાવેશ કરાયો હોવાનું સૂત્રોનું કહેવું છે.

સંસદની વેબસાઈટ પર સોમવારના કામકાજની યાદી મુજબ સરકાર જાહેર પરીક્ષા (અયોગ્ય સાધનોને રોકવા) બિલ, ૨૦૨૪ સંસદમાં રજૂ કરશે. આ બિલને કેબિનેટે મંજૂરી આપી દીધી છે તેમ સૂત્રોનું કહેવું છે. સૂચિત કાયદા હેઠળ વિદ્યાર્થીઓને નિશાન બનાવવામાં નહીં આવે. આ કાયદા હેઠળ સંગઠિત ગેંગો, માફિયા તત્વો અને ગેરરીતિ આચરનારાઓ સામે આકરા પગલાં લેવાશે. આ બિલનો આશય યુપીએસસી, એસએસસી, રેલવે, નીટ, જેઈઈ અને સીયુઈટી સહિતની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ગેરરીતિઓ રોકવાનો તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાના પેપરોને લીક થતા




રોકવાનો છે. સૂચિત કાયદા હેઠળ પરીક્ષા લીક કરતા તત્વો સાથે સંડોવાયેલા સરકારી અધિકારીઓને પણ છોડવામાં નહીં આવે.

પેપર લીકમાં સંડોવાયેલા લોકોની સંપત્તિ પણ જપ્ત થઈ શકે છે. વધુમાં પેપર લીકમાં સંડોવાયેલા સરકારી અધિકારીઓને ૩-૫ વર્ષની કેદ અને રૂ. ૧૦ લાખ સુધીનો દંડ થશે તેમ સૂત્રોએ કહ્યું હતું.

પ્રશ્નપત્ર લીક થવાના કારણે રાજસ્થાનમાં શિક્ષક ભરતી પરીક્ષા, હરિયાણામાં ગૂરપ-ડીના પદો માટે કોમન એલિજિબિલિટી ટેસ્ટ (સીઈટી), ગુજરાતમાં જુનિયર ક્લાર્કની ભરતી પરીક્ષા અને બિહારમાં કોન્સ્ટેબલ બરતી પરીક્ષા જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ રદ કરવાની ફરજ પડી હોવાની પૃષ્ઠભૂમિમાં કેન્દ્ર સરકાર આ બિલ લઈને આવી રહી છે. જાહેર પરીક્ષા (અયોગ્ય સાધનોને રોકવા) બિલ રજૂ કરવાની સરકારની તૈયારીની જાહેરાત કરતા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ બુધવારે સંસદની સંયુક્ત બેઠકમાં કહ્યું હતું કે, મારી સરકાર પરીક્ષાઓમાં અનિયમિતતાઓના સંબંધમાં યુવાનોની ચિંતાઓથી માહિતગાર છે. તેમની ચિંતાઓ દૂર કરવા માટે નવો કાયદો બનાવાઈ રહ્યો છે, જેનાથી યુવાનોને આશ્વાસન અપાશે કે પ્રમાણિક પ્રયાસોને યોગ્ય પુરસ્કાર મળશે, જેનાથી તેમનું ભવિષ્ય સુરક્ષિત થાય તે સુનિશ્ચિત થઈ શકે.આ બિલ વિશેષરૂપે સંગઠિત જૂથો અને ગેરરીતિઓમાં સામેલ માફિયા તત્વો દ્વારા પેપરો સોલ્વ કરતી ગેંગ રોકવામાં આવે છે, અયોગ્ય પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે અને તે પેપરો લીક કરવામાં સંડોવાયેલા હોય છે. આ બિલનો પ્રાથમિક આશય આવા કુખ્યાત તત્વોને રોકવા અને જાહેર પરીક્ષા વ્યવસ્થામાં વધુ પારદર્શિતા, નિષ્પક્ષતા અને વિશ્વસનીયતા સ્થાપિત કરવાનો છે. ઉચ્ચ સ્તરીય રાષ્ટ્રીય ટેકનિકલ સમિતિની રચનાની દરખાસ્ત જાહેર પરીક્ષા (અયોગ્ય સાધનોને રોકવા) બિલમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે ઉચ્ચ સ્તરીય રાષ્ટ્રીય ટેકનિકલ સમિતિની રચનાની પણ દરખાસ્ત કરે છે. આ સમિતિ કમ્પ્યુટરાઈઝ્ડ પરીક્ષા પ્રક્રિયાને વધુ સુરક્ષિત બનાવવા, ડિજિટલ પ્લેટફોર્મને સુરક્ષિત કરવા માટે પ્રોટોકોલ વિકસાવવા, પરીક્ષા કેન્દ્રોનું ઈલેક્ટ્રોનિક નિરીક્ષણ સુનિશ્ચિત કરવા અને આવી પરીક્ષાઓમાં ઉપયોગ લેવાનારા આઈટી અને ભૌતિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે રાષ્ટ્રીય માપદંડો તૈયાર કરવાના ઉપાયોની ભલામણો કરે તેવી શક્યતા છે.

**ન્યૂઝ કોર્નર**

### શ્રીદેવીના મોત મુદ્દે જાસૂસ મહિલાએ 'ખોટા' દસ્તાવેજો રજૂ કર્યા : સીબીઆઇ

નવી દિલ્હી : સુપરસ્ટાર શ્રીદેવીનું વર્ષ ૨૦૧૮માં દુબઈમાં એક હોટેલમાં મોત થયું હતું. આ મોત રહસ્યમય હોવાનું હજુ પણ કેટલાક લોકોનું માનવું છે. શ્રીદેવીના મોત અંગે એક યૂ-ટ્યુબ વીડિયોમાં પોતાને ખાનગી જાસૂસ ગણાવતી મહિલાએ વડાપ્રધાન મોદી અને રાજનાથ સહિત ટોચના ગણમાન્ય વ્યક્તિઓના નકલી દસ્તાવેજો દર્શાવવા બદલ સીબીઆઈએ તેની સામે કેસ દાખલ કર્યો છે. મારું નિવેદન નોંધ્યા વિના સીબીઆઈ મારા વિરુદ્ધ આરોપનામું ઘડી શકે તે માનવું અવિશ્વસનીય છે. જોકે, તેણે ઉમેર્યું કે તેની સામે આરોપનામં ઘડાયું હશે તો તે કોર્ટમાં પુરાવા રજૂ કરશે. સીબીઆઈના અધિકારીઓએ આરોપનામું ઘડતા પિન્નિનીએ કહ્યું કે, વિચારણા હેઠળના પત્ર એ જ અધિકારીઓ વિરુદ્ધ આરોપ મૂકે છે, જેમના હેઠળ સીબીઆઈ આવે છે. તેથી પુરાવા એકત્ર કરનાર એકમ બનવા માટે સીબીઆઈ પાર્ટી ઓફ કન્ફ્લિક્ટ બની જાય છે. સીબીઆઈ ગયા વર્ષે બે ડિસેમ્બરે પિન્નિનીના ઘરે દરોડો પાડીને ફોન અને લેપટોપ સહિત ડિજિટલ ડિવાઈસીસ લઈ ગઈ હતી. સીબીઆઈના રિપોર્ટ મુજબ પિન્નિનીએ યુ-ટ્યૂબ ચર્ચા વખતે રજૂ કરેલા દસ્તાવેજો 'નકલી' છે.

### જાહેર સંપત્તિને નુકસાન કરનારની ખેર નહીં, જામીન પણ મુશ્કેલ બનશે, કાયદા પંચની કડક ભલામણ

નવી દિલ્હી: જાહેર સંપત્તિને નુકસાન કરનારાઓ પર સકંજો કસવા કાયદા પંચે કેન્દ્ર સરકારને કડક ભલામણ કરી છે. આરોપી જ્યાં સુધી નુકસાન કરેલી જેટલી રકમ ન ભરે, ત્યાં સુધી તેના જમીન ન કરવા પંચે ભલામણ કરી છે. આ ઉપરાંત પ્રિવેન્શન ઓફ ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એક્ટમાં પણ સુધારા કરવાની સલાહ આપી છે. આ ભલામણ કાયદા પંચના અધ્યક્ષ જસ્ટિસ ઋતુ રાજ અવસ્થીની આગેવાની હેઠળની કમિટીના રિપોર્ટમાં કરાઈ છે.

### સીતારમણે ગુજરાતનો ઉલ્લેખ કરી ટેક્સ સ્લેબમાં ઘટાડો ન કરવાનું તેમજ પીએમ-કિસાન નિધિની રકમમાં વધારો ન કરવાનું કારણ જણાવ્યું

## ઈન્કમ ટેક્સ સ્લેબમાં કેમ ફેરફાર ના કરાયો?, સીતારમણે ગુજરાતની વાત કરીને આપ્યો જવાબ

નવી દિલ્હી : નાણામંત્રી નિર્મલા સીતારમણે પહેલી ફેબ્રુઆરીએ વચગાળાનું બજેટ રજુ કર્યું હતું. બજેટમાં કોઈ ખાસ મોટી જાહેરાત કરાઈ નથી. ટેક્સ સ્લેબમાં પણ ઘટાડો કરાયો નથી તેમજ પીએમ-કિસાન સમ્માન નિધિ યોજના)ની રકમમાં પણ વધારો કર્યો નથી, જેને લઈને સૌકોઈ આશ્ચર્ય પામ્યા છે. લોકસભા ચૂંટણીને ધ્યાને રાખી ઘણા સેક્ટરો તેમજ મધ્યમવર્ગને આશા હતી કે, બજેટમાં મોટી જાહેરાત કરાશે. જોકે હવે સીતારમણે ગુજરાતનો ઉલ્લેખ કરી ટેક્સ સ્લેબમાં ઘટાડો ન કરવાનું તેમજ પીએમ-કિસાન નિધિની રકમમાં વધારો ન કરવાનું કારણ જણાવ્યું છે.



નાણા મંત્રી સીતારમણે ગુજરાતમાં મુખ્યમંત્રી તરીકેના વડાપ્રધાન નરેન્દ્ર મોદી (PM Narendra Modi)ની કામગીરીને યાદ કરી કહ્યું કે, 'જો તમે પીએમ મોદીના મુખ્યમંત્રીના રૂપે જોયા હોય તો તેઓ સતત આર્થિક મેનેજમેન્ટ સુનિયોજિત રીતે કરવાની તરફેણમાં હતા. એ પ્રકારનું ઈકોનોમિક મેનેજમેન્ટ ગુજરાતની ખૂબી હતી. તેઓ ઘણા વૈશ્વિક રોકાણકારોને આમંત્રિત કરતા હતા. ખેડૂતો સાથે બેસતા હતા. તમામ વર્ગની સમસ્યાનું નિરાકરણ લાવવામાં ભાગ લેતા હતા. પછી તે પશુપાલન હોય કે ખેડૂતો, કૃષિ, સિંચાઈ વગેરેને લગતી મુશ્કેલીઓ... પરંતુ તેઓ એક વાત અંગે સ્પષ્ટ હતા. નાણાકીય આયોજન શ્રેષ્ઠ રીતે કેવી રીતે કરવું. એટલા માટે જ કેન્દ્ર સરકાર પણ સામાજિક કલ્યાણ અને સર્વસમાવેશક વિકાસ માટે મહત્ત્વની યોજનાઓની બાદબાકી કર્યા વિના યોગ્ય દિશામાં આગળ વધી રહી છે. આ કારણે તેમણે પારદર્શકતા વધારવાનો શક્ય તમામ પ્રયાસ કર્યો. બીજી વાત એ કે, વચગાળાનું આ બજેટ ફક્ત લેખાનુદાન છે. જુલાઈમાં પૂર્ણ બજેટ આવવાનું હજુ બાકી છે.'

## મુખ્યમંત્રી ભજનલાલ શર્મા ગરીબોને અધિકારો આપવા અને કાયદાનું શાસન સ્થાપિત કરવા માટે કામ કરી રહ્યા છે

### દોતાસરાની વિચારસરણી સામંતવાદી છે, કોંગ્રેસના નેતાઓના નિવેદનો બતાવે છે કે દોરડું બળી ગયું છે પણ તાકાત નથી ગઈ:- લક્ષ્મીકાંત ભારદ્વાજ

જયપુર : જોધપુરમાં મુખ્યમંત્રી ભજનલાલ શર્મા પર કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ ગોવિંદ દોતાસરાના નિવેદનનો વિરોધ કરતા ભાજપના પ્રદેશ પ્રવક્તા લક્ષ્મીકાંત ભારદ્વાજે કહ્યું કે કોંગ્રેસ તેની કારમી હાર પચાવી શકી નથી. એટલા માટે આ લોકો વ્યર્થ અને મનસ્વી નિવેદનો કરીને પોતાનો ગુસ્સો ઠાલવી રહ્યા છે. પોતાને ખેડૂત પુત્ર તરીકે ઓળખાવતા ગોવિંદ દોટસરાની વિચારસરણી અને માનસિકતા સાવ સામંતવાદી છે. જે રીતે કોંગ્રેસમાં પરિવારના વખાણ કરીને મોટા હોદ્દા મેળવવાની પરંપરા છે તેવી જ રીતે કોંગ્રેસના લોકો ભાજપને એ જ દૃષ્ટિએ જોઈ રહ્યા છે, જ્યારે આ તેમની ભૂલ છે. ભાજપમાં સંપૂર્ણ લોકશાહી છે, અહીં કોઈ નાનું કે મોટું નથી, દરેક કાર્યકર્તા પર સમાન ધ્યાન



આપવામાં આવે છે. ભાજપના પ્રદેશ પ્રવક્તા લક્ષ્મીકાંત ભારદ્વાજે કહ્યું કે, એક સામાન્ય ખેડૂતના પરિવારમાં જન્મેલા અને મુખ્યમંત્રી પદ સુધી પહોંચેલા ભજનલાલ શર્માને કોંગ્રેસ સહન કરી શકતી નથી. કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ અશોક ગેહલોત અને પ્રદેશ પ્રભારી રંધાવાની આ અહંકારી વિચારસરણીને કારણે રાજ્યમાં આ દુર્દશા થઈ છે. કોંગ્રેસના શાસનમાં છેલ્લાં પાંચ વર્ષથી રાજ્યમાં અરાજકતા, મહિલા અત્યાચાર, પેપર લીક, દલિત અત્યાચારો વકર્યા છે અને કોંગ્રેસના નેતાઓ મફત યોજનાઓના નામે જનતાને ગેરમાર્ગે દોરતા રહ્યા છે. કોંગ્રેસ સરકારના આવા કાર્યોથી કંટાળીને જનતાએ તેમને સત્તામાંથી બહારનો રસ્તો બતાવી દીધો છે. હાલમાં કોંગ્રેસના નેતાઓના છદ્મ નિવેદનો પર એ કહેવત સાચી પડે છે કે દોરડું બળી ગયું પણ તાકાત નથી ગઈ. ભાજપના પ્રદેશ પ્રવક્તા લક્ષ્મીકાંત ભારદ્વાજે કહ્યું કે કોંગ્રેસ પાર્ટીએ રાજ્યને ખરાબ સ્થિતિમાં છોડી દીધું છે, મુખ્યમંત્રી ભજનલાલ શર્મા રાજ્યને દેવામાંથી બહાર કાઢવા અને પાટા પર લાવવાનો પ્રયાસ કરી રહ્યા છે, પરંતુ કોંગ્રેસના નેતાઓ સસ્તા નિવેદનો આપવાથી બચ્યા નથી. વાહિયાત આક્ષેપો છે.

### મમતા પર જયરામ રમેશ ભડક્યા, કહ્યું- 42 બેઠક પર એકલું લડવું તે સીટ શેરિંગ ફોર્મ્યુલા નથી

નવી દિલ્હી : લોકસભા ચૂંટણીની નજીક આવી રહી છે, ત્યારે હજુ પણ ઈન્ડિયા ગઠબંધનમાં સીટ શેરિંગની મામલે વિવાદ જોવા મળી રહી છે. તાજેતરમાં જ નીતીશ કુમારે ભાજપ સાથે હાથ મિલાવી બિહારમાં નવી સરકાર બનાવવાની સાથે ઈન્ડિયા ગઠબંધન સાથે છેડો ફાડ્યો છે, તો બીજીતરફ સીટ શેરિંગ મામલે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને કોંગ્રેસ વચ્ચે પણ શબ્દયુદ્ધ ચાલી રહ્યું છે. મમતા અગાઉ એવું કહી ચુક્યા છે કે, તેમની પાર્ટી રાજ્યની 42 બેઠકો પર એકલા હાથે ચૂંટણી લડશે. આ મામલે હવે કોંગ્રેસે પણ મમતાને જવાબ આપ્યો છે. ભારત જોડો ન્યાય યાત્રા અંગે જયરામ રમેશે કહ્યું કે, 'આ એક વૈચારિક યાત્રા છે, રાજકીય યાત્રા નથી. અમારે ચૂંટણી માટે જે તૈયારીઓ કરવાની છે, તે થઈ રહી છે. અમે તમામ બેઠકો પર મજબૂતી સાથે લડીશું.

### લોકતાંત્રિક સંસ્થાઓ રબર સ્ટેમ્પની જેમ કામ કરે છે, કોંગ્રેસમાં પણ પહેલા આવું જ થતું

નવી દિલ્હી : રાજસ્થાનના જયપુરમાં ચાલી રહેલા લિટરેચર ફેસ્ટિવલમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા શશી થરૂરે 'ઓડેશસ હોપઃ હાઉ ટુ સેવ અ ડેમોક્રેસી' વિષય પર આધારિત ચર્ચામાં ભાગ લીધો હતો. આ દરમિયાન થરૂરે ઈડી, સીબીઆઇ જેવી બંધારણીય સંસ્થાઓ સામે સવાલ ઉઠાવ્યા અને કહ્યું કે, 'હાલ લોકતાંત્રિક સંસ્થાઓ રબર સ્ટેમ્પની જેમ કામ કરી રહી છે. હું અહીં કોઇ એક નેતાનું નામ લઈને વિવાદ ઊભો નથી કરવા માંગતો. પહેલા કોંગ્રેસમાં પણ આવું થતું આવ્યું છે.' સીએએ મુદ્દે શશી થરૂરે કહ્યું કે,'સીએએને લઈને દેશમાં જોરદાર પ્રદર્શન થઇ રહ્યું છે. દિલ્હીના શાહીન બાગમાં જનારો હું પહેલો નેતા હતો. કોંગ્રેસ પાર્ટીએ પણ આ મુદ્દે દેશભરમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું. પરંતુ કોઇ ઉકેલ મળ્યો ન હતો. ડૉ. બાબાસાહેબ આંબેડકરે બંધારણ આપ્યું. પરંતુ વડાપ્રધાન મોદીના આગમન બાદ વિપક્ષને ગૃહમાં પણ પોતાનો પક્ષ રજૂ કરવાની તક આપવામાં આવી રહી નથી.

### રાજ્યમાં નવા એક્સપ્રેસ વેને ઓળખવા માટે ટાસ્ક ફોર્સની રચના

## રાજ્યને ભારતની એક્સપ્રેસવે રાજધાની બનાવવાનું લક્ષ્ય છે : નાયબ મુખ્યમંત્રી, દિયા કુમારી

જયપુર : આપનો અગ્રણી રાજસ્થાન સંકલ્પ પત્ર - 2023 હેઠળ, રાજસ્થાનમાં નવા એક્સપ્રેસ વેના રૂટને ઓળખવા માટે એક ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે. આ ટાસ્ક ફોર્સની રચના નાયબ મુખ્યમંત્રી અને જાહેર બાંધકામ વિભાગની મંત્રી દિયા કુમારીની મંજૂરી બાદ કરવામાં આવી છે. નાયબ મુખ્યમંત્રીએ કહ્યું કે સરકારનું લક્ષ્ય રાજસ્થાનને ભારતની એક્સપ્રેસ વે રાજધાની બનાવવાનું છે અને તે ધ્યેયને અનુલક્ષીને સંકલ્પ



પત્ર - 2023ના અમલીકરણમાં આ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે. આ ટાસ્ક ફોર્સ નવા સંભવિત એક્સપ્રેસવેની ઓળખ કરશે અને 6 મહિનામાં તેનો રિપોર્ટ સબમિટ કરશે. ટાસ્ક ફોર્સની મંજુરી સાથે વિષયની ચોક્કસ જાણકારી ધરાવતા નિષ્ણાત અધિકારીઓને આમંત્રિત કરી શકાય છે. આ અધિકારીઓ ટાસ્ક ફોર્સમાં સામેલ છે- જાહેર બાંધકામ વિભાગના સરકારી સચિવ સંજીવ માથુર, મુખ્ય ઈજનેર અને અધિક સચિવ ડીઆર મેઘવાલ, મુખ્ય ઈજનેર (એનએચ) વિકાસ દીક્ષિત, મુખ્ય ઈજનેર (ગુણવત્તા નિયંત્રણ) મુકેશ ભાટી, અધિક્ષક ઈજનેર અનુપ ગહર્ના, અનુપમ ગુપ્તા અને રાજીવ અગ્રવાલ આ કાર્યમાં સામેલ છે.

### બિહાર કોંગ્રેસને ઓપરેશન લોટસનો ડર! ધારાસભ્યોને હૈદરાબાદ મોકલવામાં આવ્યા

નવી દિલ્હી : બિહાર કોંગ્રેસ ઓપરેશન લોટસથી ડરી રહી છે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સાથેની બેઠક બાદ પક્ષના ધારાસભ્યોને દિલ્હીથી હૈદરાબાદ મોકલવામાં આવ્યા છે. તમામ ધારાસભ્યો વિશ્વાસ મતના દિવસે એટલે કે 12મી ફેબ્રુઆરીએ જ બિહાર પરત ફરશે. સૂત્રોના જણાવ્યાનુસાર, કોંગ્રેસના 19માંથી 17 ધારાસભ્યોને હૈદરાબાદ શિફ્ટ કરવામાં આવ્યા છે. એક દિવસ પહેલા દિલ્હીની બેઠકમાં કોંગ્રેસના ધારાસભ્યોને બિહારની બહાર મોકલવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. 28મી જાન્યુઆરીએ નીતીશ કુમારે મહાગઠબંધનથી અલગ થઈને NDA સાથે સરકાર બનાવી ત્યારથી કોંગ્રેસમાં ભંગાણ થવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. જો કે 28 જાન્યુઆરીએ પૂર્ણિયામાં યોજાયેલી બેઠકમાં કોંગ્રેસના તમામ ધારાસભ્યો હાજર રહ્યા હતા.પરંતુ બેઠક બાદ પણ કોંગ્રેસના ઘણાં ધારાસભ્યો અલગ પક્ષ બનાવી રહ્યા હોવાની પણ ચર્ચા છે. કોંગ્રેસ હાઈકમાન્ડ પણ આ અફવાઓથી ચિંતાતુર છે.

### અકસ્માત સિકંદરા-સંદલપુર રોડ પર જગન્નાથપુર ગામ પાસે થયો હતો

## કાનપુરમાં ભયાનક અકસ્માત, કાર નાળામાં ખાબકતા 6ના કરૂણ મોત, બે બાળકોની હાલત ગંભીર

નવી દિલ્હી : ઉત્તર પ્રદેશના કાનપુરના દેહતમાં એક ભયાનક માર્ગ અકસ્માતમાં 6 લોકોના મોત થયા છે. જ્યારે બે બાળકોની હાલત ગંભીર છે. મળતી માહિતી અકસ્માતની ઘટના મોડી રાતે જગન્નાથપુર પાસે બે વાગ્યાની આસપાસ બની હતી જેમાં કાર ડ્રાઈવરે સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતા કાર કાબુ બહાર જઈને નાળામાં ખાબકી હતી. આ દુર્ઘટનામાં 6 લોકોના મોત થયા હતા, જેઓ તિલક સમારોહમાંથી પરત ફરી રહ્યા હતા. આ અકસ્માત સિકંદરા-સંદલપુર રોડ પર જગન્નાથપુર ગામ પાસે થયો હતો. કારમાં સવાર તમામ લોકો લગ્ન પ્રસંગમાં હાજરી આપવા માટે ગયા હતા. આ લોકો ઈટાવાના ફુક ગામમાંથી તિલક સમારોહમાંથી પરત ફરી રહ્યા હતા. કહેવામાં આવી




રહ્યું છે કે વરસાદના કારણે રસ્તો લપસણો બની ગયો હતો. કાર જગન્નાથપુર પહોંચી ત્યારે ડ્રાઈવરે સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતા નાળામાં પડી ગઈ હતી. કારમાં સવાર 6 લોકોના મોત થયા હતા જ્યારે બે બાળકોની હાલત ગંભીર હોવાથી કાનપુર સારવાર માટે રીફર કરવામાં આવ્યા હતા.

આ અકસ્માતની ઘટનાની માહિતી મળતા જ પોલીસની ટીમ અને અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. જેસીબીને મદદથી કારને બહાર કાઢવામાં આવી હતી. કારમાં સવાર તમામ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. તેઓને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, જ્યાં 6 લોકોને ડૉક્ટરોએ મૃત જાહેર કર્યા. પોલીસના જણાવ્યા અનુસાર, કારમાં સવાર લોકો મુર્રા ગામ અને ડેરાપુરના શિવરાજપુર ગામના રહેવાસી હતા.

## શ્રી સંજય જાજુએ માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવ તરીકેનો ચાર્જ સંભાળ્યો

નવી દિલ્હી : શ્રી સંજય જાજુએ આજે માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવનો ચાર્જ સંભાળ્યો છે. તેઓ તેલંગાણા કેડરના 1992 બેચના IAS અધિકારી છે. ચાર્જ સંભાળવા પર, શ્રી જાજુનું વિદાય લેતા સચિવ શ્રી અપૂર્વ ચંદ્રા અને મંત્રાલયના અન્ય અધિકારીઓ અને વિવિધ મીડિયા એકમો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. શ્રી અપૂર્વ ચંદ્રાને આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના સચિવનો



હવાલો સોંપવામાં આવ્યો છે. આ પહેલા શ્રી જાજુ 2018 થી 2023 સુધી ભારત સરકારમાં અધિક સચિવ હતા. તેમણે ઓક્ટોબર 2014 થી માર્ચ 2018 સુધી નેશનલ હાઈવે અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડના ડિરેક્ટર તરીકે સેવા આપી હતી. તેમણે મે 2011 થી ઓક્ટોબર 2014 સુધી આંધ્ર પ્રદેશ સરકાર (ઈલેક્ટ્રોનિક્સ, આઈટી અને કોમ્યુનિકેશન વિભાગ)ના સચિવ તરીકે સેવા આપી હતી.

## ગૃહમંત્રીએ કહ્યું- અપરાધ અને ગુનેગારો સરહદોને માનતા નથી: FIR નોંધાયાના 3 વર્ષમાં લોકોને મળશે ન્યાય!

### લો એન્ફોર્સમેન્ટ એજન્સીઓએ પણ સરહદોને અવરોધ તરીકે ન ગણવી જોઈએ

નવી દિલ્હી : કેન્દ્રીય મંત્રી અમિત શાહે રવિવારે કહ્યું કે ગુનાખોરી અને ગુનેગારો ભૌગોલિક સીમાઓને માનતા નથી, તેથી લો એન્ફોર્સમેન્ટ એજન્સીઓએ પણ આ સરહદોને અવરોધ તરીકે ન ગણવી જોઈએ. એજન્સીઓએ ગુનાનો ઉકેલ લાવવા માટે આ સરહદોને મીટિંગ પોઈન્ટ તરીકે જોવી જોઈએ. શાહે દિલ્હીમાં આયોજિત કોમનવેલ્થ લીગલ એજ્યુકેશન એસોસિએશન (CLEA) - કોમનવેલ્થ એટર્ની અને સોલિસિટર જનરલ કોન્ફરન્સ (CASGC)માં આ વાત કરી હતી.

તેમણે કહ્યું કે દેશમાં ત્રણ નવા ફોજદારી ન્યાય કાયદા લાગુ થતાં જ દરેક વ્યક્તિને FIR દાખલ કર્યાના ત્રણ વર્ષમાં હાઈકોર્ટ સ્તર સુધી ન્યાય મળશે. ગૃહમંત્રી અમિત શાહે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે આ સંમેલનમાં હાજરી આપી હતી.

ગુનાઓ સામે લડવા માટે સરકારે નવી સિસ્ટમ બનાવવી પડશે અમિત શાહે કહ્યું કે વર્તમાન સમયમાં વેપાર અને ગુનાખોરીના કારણે ભૌગોલિક સીમાઓ અપ્રાસંગીક બની ગઈ છે. આવી સ્થિતિમાં, આપણે વ્યવસાયમાં વિવાદો અને ગુનાઓનો સામનો કરવા માટે નવી સિસ્ટમ અને પરંપરા શરૂ કરવી પડશે. તેમણે કહ્યું કે સરકારોએ આ દિશામાં કામ કરવું જોઈએ કારણ કે નાના સાયબર છેતરપિંડીથી લઈને વૈશ્વિક સંગઠિત અપરાધ, સ્થાનિક વિવાદોથી લઈને સરહદી વિવાદો અને સ્થાનિક ગુનાઓથી લઈને આતંકવાદ સુધી, બધા કોઈને કોઈ રીતે એકબીજા સાથે જોડાયેલા છે.

નવા કાયદા લાગુ થતાંની સાથે જ ભારતમાં સૌથી આધુનિક ફોજદારી જસ્ટિસ સિસ્ટમ હશે ઈન્ડિયન જ્યુડિશિયલ કોડ, ઈન્ડિયન સિવિલ ડિફેન્સ કોડ અને ઈન્ડિયન એવિડન્સ એક્ટનું વર્ણન કરતાં ગૃહમંત્રીએ કહ્યું કે એકવાર આ કાયદાઓ લાગુ થઈ જશે તો ભારતમાં વિશ્વની સૌથી આધુનિક ફોજદારી જસ્ટિસ સિસ્ટમ હશે. આ ત્રણ કાયદા બ્રિટિશ સમયના ભારતીય દંડ સંહિતા, ફોજદારી કાર્યવાહીની સંહિતા અને ભારતીય પુરાવા અધિનિયમ, 1872નું સ્થાન લેશે.

ગૃહમંત્રીએ કહ્યું કે સરકારે એવા મોડલ પર કામ કર્યું છે જ્યાં ન્યાયમાં આ ત્રણ બાબતોનો સમાવેશ થશે -એક્સેસેબલ, એફોર્ડેબલ અને એકાઉંટેબલ. નિવૃત્ત જસ્ટિસ રુતુરાજ અવસ્થીના નેતૃત્વ હેઠળના ભારતના 22મા કાયદા પંચે શુક્રવાર, 2 ફેબ્રુઆરીએ મોદી સરકારને એક રિપોર્ટ સોંપ્યો હતો. રવિવારે બહાર આવેલા આ રિપોર્ટમાં તોફાનીઓ માટે કડક જામીનની જોગવાઈની ભલામણ કરવામાં આવી છે.

JM FINANCIAL

**જે એમ ફાઈનાન્સિયલ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ**

CIN:- U67190MH2007PLC74287

**રજિસ્ટર્ડ ઓફિસ સરનામું :-** 7 મો માળ, સેનર્જી, અપ્પાસાહેબ મરાઠે માર્ગ, પ્રભાદેવી, મુંબઈ 400025.

**સંપર્ક વ્યક્તિ :-** 1. જવલ બેલાની - 9825263665 2. વિશાલ કેટલે - 9584966653 3. જ્યોતિ સાવંત - 022-62241676

**વેબસાઈટ :-** www.jmfinancialarc.com

**ઈ-ઓક્શન સેલ નોટિસ - અનુગામી વેચાણ**

પિરામલ કેપિટલ અને હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ (અગાઉ દીવાન હાઉસિંગ એન્ડ ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડ તરીકે ઓળખાતું હતું) એ કલમ 5 હેઠળ તેના પરના તમામ હકો, શીર્ષક અને વ્યાજ સાથે તેના પર બનાવેલ અંતર્ગત સુરક્ષા વ્યાજ સાથે લોનનો એક પૂલ (નીચે દર્શાવેલ લોન સહિત) સોંપ્યો છે. JMFARC (JM) ની તરફેણમાં તારીખ 29-03-2023 ના અસાઈનમેન્ટ કરાર દ્વારા (1)(b) નાણાકીય અસ્કયામતોનું સિક્યોરિટાઈઝેશન અને પુનઃનિર્માણ અને સુરક્ષા હિત અધિનિયમ 2002 (SARFAESI એક્ટ) નો અમલ (અસાઈનમેન્ટ એગ્રીમેન્ટ) (અહીં ઉલ્લેખિત અસાઈની તરીકે) જેએમએફએઆરસી-આરન્ય-ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે તેની ક્ષમતામાં કાર્ય કરે છે. તે સૂચિત કરવામાં આવે છે કે PCHFL એ અસાઈનમેન્ટ/સર્વિસ એજન્ટ દ્વારા તમામ ઓપરેશનલ અને પ્રક્રિયાઓની પ્રક્રિયાને સરળ બનાવવા માટે સેવા પ્રદાતા/સંગ્રહ એજન્ટ તરીકે કાર્ય કરવા માટે અધિકૃત અને નિયુક્ત કરવામાં આવી છે.

**SARFAESI અધિનિયમ 2002** હેઠળ સિક્યોર્ડ લેણદારના અધિકૃત અધિકારીઓ દ્વારા અહીં ઉલ્લેખિત સુરક્ષિત અસ્કયામતોનો કબજો લેવાના અનુસંધાનમાં, ઉધાર લેનારા/ઓ પાસેથી બાકી રકમની વસૂલાત માટે, નીચે દર્શાવેલ સ્થાવર મિલકતની ખરીદી માટે નીચે સહી કરનાર દ્વારા ઓફર આમંત્રિત કરવામાં આવે છે, જે છે. ભૌતિક કબજામાં, **'જેમ છે ત્યાં છે', 'જેમ છે તે આધાર છે' અને 'જે છે ત્યાં આધાર છે'**, જેની વિગતો નીચે આપેલ છે.

| લોન કોડ નં /શાખા/ ઉધાર લેનાર (ઓ) / સહ-ઉધાર લેનારા (ઓ) /જામીનદાર (ઓ) | ડિમાન્ડ નોટિસ તારીખ અને રકમ | સંપત્તિનું સરનામું_અંતિમ | અનામત રકમ | અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈએમડી) (આરપી ના 10%) | અગાઉના બાકી લેણાં (01-02-2024) |
|---|---|---|---|---|---|
| લોન કોડ નં :- 01800008659<br>શાખા :- વડોદરા<br>ઉધાર લેનાર :- રવિન્દ્ર કુમાર આર સોલંકી<br>સહ-ઉધાર લેનારા 1:- નિર્મલાબેન રવિન્દ્ર કુમાર સોલંકી | તારીખ :- 19-12-2019<br>રૂપિયા :- 1075486 /-<br>( દસ લાખ પંચોતેર હજાર ચાર સો છયાસી રૂપિયા માત્ર ) | મિલકતના તમામ ટુકડા અને પાર્સલ હદ ધરાવે છેઃ-<br>પ્લોટ નંબર 49એ, ક્રિષ્ના પાર્ક 2, ગોકુલધામ રેસીડેન્સી પાસે , અંદડા માંડવા રોડ, ભરૂચ ગુજરાત 393001<br>સીમાંકન :- ઉત્તર :- પ્લોટ નંબર 48એ, દક્ષિણ :- અન્ય સંપત્તિ , પૂર્વ :- રોડ , પશ્ચિમ :- પ્લોટ નં 50 | રૂપિયા 774000/-<br>( સાત લાખ ચુમોતેર હજાર રૂપિયા માત્ર ) | રૂપિયા 77400/-<br>(સિત્યોતેર હજાર ચાર સો રૂપિયા માત્ર ) | રૂપિયા 1955005 /-<br>( ઓગણીસ લાખ પંચાવન હજાર પાંચ રૂપિયા માત્ર ) |

**ઈ-ઓક્શન ની તારીખ :- 15-03-2024, સવારે 11:00 વાગ્યા થી બપોરે 02:00 વાગ્યા સુધી ( અનિશ્ચિત 5 મિનિટના અંતરાળ સાથે ),**
**બિડ સબમિશનની છેલ્લી તારીખ :- 14-03-2024, સાંજે 04:00 વાગ્યા પહેલાં**

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને **https://www.jmfinancialarc.com/Home/Assets for sale** માં આપેલી લિંકનો સંદર્ભ લો અથવા **https://bankauction.in** પર ઈમેઈલ કરો.

**ઉધાર લેનારા/જામીનદારો/ગીરોને SARFAESI અધિનિયમ હેઠળ વૈધાનિક 15 દિવસની વેચાણ નોટિસ.**

ઉપરોક્ત ઉધાર લેનારાઓ/બાંયધરી આપનારને આથી સૂચિત કરવામાં આવે છે કે કલમ 13(2) નોટિસમાં ઉલ્લેખિત રકમની તારીખ પહેલાંની તારીખ સુધી સંપૂર્ણ ઉપાર્જિત વ્યાજ સાથે ચૂકવવામાં આવે. હરાજી, નિષ્ફળ જવાથી કઈ મિલકતની હરાજી/વેચવામાં આવશે અને બાકી લેણાં જો કોઈ હોય તો તે વ્યાજ અને ખર્ચ સાથે ઉધાર લેનારા/જામીનદાર પાસેથી વસૂલ કરવામાં આવશે.

તારીખ :- 06-02-2024
સ્થાન :- ગુજરાત

Sd/- (અધિકૃત અધિકારી)
(અરણ્ય - ટ્રસ્ટ)

## પ્રાંતિયાના ખેતરમાં પશુ ચરાવતા 5 માલધારીએ યુવકને માર માર્યો

ગાંધીનગર | પ્રાંતિયા ગામની સીમમાં આવેલા એક ખેડૂતના ખેતરમાં એરંડામાં ભેલાણ કરવાનુ હતુ. જેથી બુટાકીયા ગામની સીમમાં રહેતા ભરવાડ તેમના પશુઓ લઈને ખેતરમાં ચરાવવા ગયો હતો. જેથી પ્રાંતિયા ગામમાં રહેતો માલધારી તેના પશુને ખેતરમાં ચરાવી રહ્યો હતો. તે દરમિયાન કહેવા લાગ્યો હતો કે, તુ કોને પૂછીને ખેતરની અંદર આવ્યો ? તેમ કહીને મનફાવે તેમ ગાળો બોલવા લાગ્યો હતો અને લાકડીથી મારામારી કરી હતી. જેને લઈ ચિલોડા પોલીસ મથકમાં 5 લોકો સામે ગુનો નોંધાવ્યો હતો.

સિટી એક્સપ્રેસ
TUESDAY 06 FEBRUARY-2024
AHMEDABAD

## શિક્ષા અભિયાનના કરાર આધારિત કર્મીઓના વેતનમાં 7 ટકાનો વધારો

ગાંધીનગર | સમગ્ર શિક્ષા અભિયાન દ્વારા કરાર આધારીત કર્મચારીઓના માસિક વેતનમાં ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે ત્રણ ટકાનો કાપ મુકવામાં આવ્યો છે. આથી ચાલુ વર્ષે કર્મચારીઓના માસિક વેતનમાં સાત ટકાનો વધારો કરવામાં આવ્યો છે. જે રીતે માસિક વેતનમાં વધારો રાજ્ય અને જિલ્લા તથા તાલુકાકક્ષાના કર્મચારીઓ માટે એક સમાન રાખો છો. તેમ રાજ્યકક્ષાના અને જિલ્લા તેમજ તાલુકાકક્ષાના કર્મચારીઓનો માસિક વેતનમાં સમાનતા લાવવા કર્મચારીઓમાં માગ ઉઠી છે.



### ગુજરાત ATS અમદાવાદ લાવ્યા બાદ જૂનાગઢ લઇ ગઇ

# મુફ્તી અઝહરીને ગુજરાત લવાયો: ભડકાઉ ભાષણ આપી લોકોને ઉશ્કેરવા પ્રયાસ કર્યો

અમદાવાદ | તા.05

મુંબઈના કુખ્યાત મુફ્તી સલમાન અઝહરીને ગુજરાત ATSએ ઘાટકોપરથી દબોચી લીધો હતો. જૂનાગઢના એક કાર્યક્રમમાં સલમાન અઝહરીએ ભડકાઉ ભાષણ કરી લોકોને ઉશ્કેરવાનો પ્રયાસ કર્યો હતો. આ ભાષણના વીડિયો વાઈરલ થતાંની સાથે જ હરકતમાં આવી ગયેલી જૂનાગઢ પોલીસે આયોજકો સહિત સલમાન અઝહરી વિરુદ્ધ ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી હતી. ગુજરાત ATS અને જૂનાગઢ પોલીસ મુફ્તી સલમાન અઝહરીને આજે અમદાવાદમાં ATSના હેડક્વાર્ટર લાવી હતી. ત્યાંથી ટીમ ચેન્જ કરી મુફ્તી સલમાન અઝહરીને જૂનાગઢ લઈ જવામાં આવ્યો. જૂનાગઢના એસપી હર્ષદ મહેતાએ શું કહ્યું? જૂનાગઢમાં મૌલાના ભડકાઉ ભાષણ મામલે એસપી હર્ષદ મહેતાએ જણાવ્યું હતું કે, ગઈ 31 જાન્યુઆરીના નરસિંહ સ્કૂલના મેદાનમાં નશામુક્તિના નામે 8થી 10 વાગ્યા સુધીના કાર્યક્રમ માટે લાઉડ સ્પીકર માટેની મંજૂરી માગવામાં આવી હતી. આ કાર્યક્રમમાં નશામુક્તિ અને સામાજિકરણની મંજૂરી લઈ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના આયોજકો દ્વારા મુંબઈથી મૌલાના સલમાન અઝહરીને



બોલવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં મૌલાનાએ નશામુક્તિ સિવાય પણ લોકોમાં વયમનસ્ય ફેલાય, તંગદીલી ઉભી થાય અને રાગદ્વેષ ઊભા થાય તેવા પ્રકારનું ભડકાઉ ભાષણ કર્યું હતું. વધુમાં જણાવ્યું હતું કે, આ ભડકાઉનો ભાષણનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો હતો. જેને લઈ તાત્કાલિક ધોરણે બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં આઈપીસી કલમ 153 (ખ), 505 (જે), 188 અને 114ની કલમો ઉમેરી ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

### ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો

જૂનાગઢ લાવવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ ભડકાઉ ભાષણ મામલે તપાસ જૂનાગઢ એલસીબી દ્વારા કરવામાં આવી રહી છે. હાલ જૂનાગઢ એલસીબી દ્વારા આરોપીને જૂનાગઢ લાવવામાં આવ્યો છે. ત્યારે જૂનાગઢની જનતા ક્યાંય એકઠી ન થાય તે માટે સમગ્ર જિલ્લામાં પોલીસ દ્વારા પોલીસ વાહન ચેકિંગ અને તકેદારી હાથ ધરવામાં આવી છે. આ મામલે ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો છે.

### કોઈ પણ પ્રકારની અફવા ફેલાવવી નહીં

વધુમાં જણાવ્યું હતું કે, મીડિયાના માધ્યમથી તમામ લોકોને અપીલ કરવામાં આવે છે કે, આ ઘટના મામલે કાયદાની જોગવાઈ મુજબ કાર્યવાહી કરવામાં આવશે. જ્યારે કોઈ પણ લોકો આ મામલે સોશિયલ મીડિયાના વીડિયો કે તેના વિશેની કોઈ પણ કોમેન્ટ ન કરે અને ઉશ્કેરણી કરી વાતાવરણ ન ડહોળવા અપીલ કરી છે. જો કોઈ પણ વ્યક્તિ આ મામલે ગેરકાયદેસર પ્રવૃત્તિ કરશે તો તેના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારે લોકોએ આ મામલે કોઈ પણ પ્રકારની અફવા ફેલાવવી નહીં તેવી લોકોને અપીલ કરું છું.

## અમદાવાદની SVPમાં દર્દી માટે વેજ. સૂપ મગાવ્યો તો જીવાત નીકળી

### સુવિધાવાળી હોસ્પિટલની કેન્ટીનમાં બેદરકારી

અમદાવાદ | તા.05

કહેવાય છે કે સ્વચ્છ વાતાવરણ અને શુદ્ધ ભોજન આરોગો તો તમે બીમારીથી દૂર રહેશો. આ માટે જ હોસ્પિટલમાં સ્વચ્છતાનું વિશેષ ધ્યાન રાખવામાં આવે છે. પણ અમદાવાદની SVP હોસ્પિટલ કે જે પોતાની સુવિધાઓ માટે ખુબ વખણાય છે ત્યાં દર્દી માટે મંગાવેલા વેજ. સૂપમાંથી જીવાત નીકળવાની ઘટના સામે આવી છે. તમે સારી સારવારની આશાએ હોસ્પિટલમાં જાવ અને ત્યાં દર્દીને અપાતા ભોજનમાંથી જીવાત નીકળવાની ઘટના બને તે કેમ ચાલે?. સમગ્ર મામલે દુ:ખી પરિવારજનોએ વેજ. સૂપનો વીડિયો વાઈરલ કર્યો અને સાથે જ હોસ્પિટલમાં પડતી અન્ય હાલાકી પણ વીડિયો મારફતે રજૂ કરી. જેમાં દર્દી સાથે રહેવા માટે એક નહીં પણ બે પાસની જરૂર હોવાની પણ વાત કરી. રોષે ભરાયેલા પરિવારજનોએ જ્યારે આ મામલે કેન્ટીનમાં ફરિયાદ કરી તો સંચાલકોએ ઉડાઉ જવાબ આપ્યો.

### ઘટનાનો વીડિયો રેલવે મંત્રાલયને ટ્વીટ

## કાલુપુર રેલવે સ્ટેશન પર દારૂડિયાઓનો અડ્ડો, મુસાફરની બેગ ઝૂંટવાનો પ્રયાસ, પોલીસની હાજરી પર સવાલો....

અમદાવાદ | તા.05



અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન પર દારૂડિયાઓનો ત્રાસ સતત વધી રહ્યો છે. રેલવે સ્ટેશન પ્લેટફોર્મ નંબર 6-7 પર આવેલી લિફ્ટના પહેલા માળે એક દારૂડિયાએ મુસાફરની બેગ ઝૂંટવાનો પ્રયાસ કર્યો હતો. આ અંગેનો વીડિયો જાગૃત નાગરિક દ્વારા ઉતારી અને રેલવે મંત્રાલયને ટ્વિટ કરવામાં આવ્યો હતો. જો કે, આ મામલે હજુ સુધી કોઈ કાર્યવાહી રેલવે પોલીસ દ્વારા કરવામાં આવી નથી. કાલુપુર રેલવે સ્ટેશન પર RPF અને રાજ્ય રેલવે પોલીસ હોવા છતાં પણ દારૂડિયાઓ અડ્ડો બનાવી રેલવે સ્ટેશનમાં ફરતા જોવા મળે છે. રેલવે સ્ટેશન પર અનેક વખત ચોરી અને મારામારીના બનાવો પણ બની ચૂક્યા છે. તેમ છતાં પણ રેલવે સ્ટેશન પર પોલીસ તંત્રની બેદરકારીના કારણે મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. રેલવે સ્ટેશન પર દારૂડિયાઓનો ત્રાસ કાલુપુર રેલવે સ્ટેશન પર પ્લેટફોર્મ નંબર 6-7 પર પહેલા માળે આવેલી લિફ્ટમાં મુસાફરની બેગ ઝૂંટવાનો પ્રયાસ એક દારૂડિયા દ્વારા કરવામાં આવ્યો હતો. મુસાફર જ્યારે લિફ્ટમાં જવા માટે ઉભા હતા, ત્યારે બેગ ઝૂંટવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, અન્ય મુસાફરો દ્વારા આ બેગ દારૂડિયા પાસેથી છોડાવવામાં આવી હતી. આ સમગ્ર ઘટના અંગેનો વીડિયો એક જાગૃત નાગરિક દ્વારા ઉતારી લેવામાં આવ્યો હતો.

## પાલનપુરના લક્ષ્મીપુરા રેલવે ફાટક પર બ્રિજ ન બનતા હાલાકી યથાવત્

પાલનપુર | પાલનપુર શહેરને અડીને આવેલું લક્ષ્મીપુરા ગામ આસપાસના અન્ય ગામોમાં જવા આવવા માટેનો ટુંકો રસ્તો છે અને લોકો અહિંથી નીકળવું સરળ પડે છે. પરંતુ અહિં જેમ જેમ ટ્રેનના સમય વધતા ગયા તેમ તેમ ટ્રાફિક સમસ્યા વધતી રહી અને આઝાદીના વર્ષો પછી પણ બ્રિજ ન બનતા હાલાકી યથાવત રહી છે. ત્યારે અહીં બાળકો ફાટક બંધ હોય ત્યારે જોખમ ખેડી રહ્યા છે. જેમાં ક્યારેક જાનહાનિ બને તેવી સંભાવના છે. ત્યારે આ બાબતે તંત્રએ ઓવરબ્રિજ કે અંડરપાસ બનાવવો જોઈએ તેવી માંગ ઉઠી છે.

## જામજોધપુરને સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ મળે તે માટે 'આપ' ધારાસભ્ય હેમંત ખવાની વિધાનસભામાં ધારદાર રજૂઆત

### જામજોધપુરના સામુહિક આરોગ્ય કેન્દ્રને સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં અપગ્રેડ કરવાની બાબતે સરકાર વિચારણા કરી રહી છે: હેમંત ખવા

અમદાવાદ/જામનગર/દેવભૂમિ દ્વારકા/ગુજરાત

આમ આદમી પાર્ટીના જામજોધપુરના ધારાસભ્ય હેમંતભાઈ ખવા દ્વારા જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના લોકોને સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલની સુવિધા મળે તે માટે વિધાનસભામાં પ્રશ્ન પૂછ્યો હતો. હજુ સુધી ભાજપના કોઈ પણ ધારાસભ્ય કે નેતાએ આ મુદ્દે કોઈપણ કામ કર્યું નથી. આમ આદમી પાર્ટીના ધારાસભ્ય હેમંતભાઈ ખવાએ વિધાનસભામાં સવાલ પૂછ્યો હતો કે, જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કેટલી સબ ડિસ્ટ્રીક હોસ્પિટલ કાર્યરત છે, તો તેના જવાબમાં આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલે જવાબ આપતા જણાવ્યું હતું કે 'હાલ ફક્ત એક સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ છે.' આ એક સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ હકીકતમાં ધ્રોલ ખાતે સામૂહિક આરોગ્ય કેન્દ્ર હતું તેને સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ તરીકે અપગ્રેડ કરવા માટે અનુમતિ આપી છે. હાલની સ્થિતિમાં જામનગર અને દેવભૂમિ દ્વારકામાં એક પણ સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ નથી. ત્યારબાદ ધારાસભ્ય હેમંતભાઈ ખવાએ સવાલ પૂછ્યો હતો કે આ જિલ્લાઓમાં કેટલી નવી સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલોની જરૂરત છે. તો તેના જવાબમાં આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલે જવાબ આપતા જણાવ્યું હતું કે, 'જામનગર જિલ્લામાં બે સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલની જરૂરત છે અને દેવભૂમિ દ્વારકામાં એક સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલની જરૂરત છે.' ત્યારબાદ ધારાસભ્ય હેમંતભાઈ ખવા દ્વારા એ સવાલ પણ પૂછવામાં આવ્યો કે આ સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે તો તેનો જવાબ આપતા આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, 'જામનગર જિલ્લાના જામજોધપુરના સામુહિક આરોગ્ય કેન્દ્રને સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં અપગ્રેડ કરવાની બાબતે સરકાર વિચારણા કરી રહી છે.'

### માર્કેટયાર્ડમાંથી ઘંઉ, ચોખા અને ચણાનો બિનહિસાબી અનાજનો જથ્થો ઝડપાયો

# ઈડર માર્કેટયાર્ડની 4 ખાનગી પેઢીમાંથી સરકારી અનાજનો અંદાજે રૂ.40 લાખનો જથ્થો ઝડપાયો

અમદાવાદ | તા.05

ગાંધીનગર પુરવઠા વિભાગની ટીમે બનાસકાંઠાના દાંતા ખાતે ગત તા.1લી જાન્યુઆરીએ દરોડો પાડીને પકડી પાડેલ રૂ.40 લાખની કિંમતના ગેરકાયદેસર સસ્તા અનાજના જથ્થાને લઈને અન્ય શહેરોમાં તપાસ જારી રાખી હોય તેમ શનિવારે રાત્રે 10 કલાકે ઈડરના માર્કેટયાર્ડમાં આવેલી દુકાનો અને તેમના ગોડાઉનોમાં દરોડા કર્યા હતા,અને રવિવારે સાંજ સુધી સર્ચ ઓપરેશન ચાલુ રાખતા ચાર જેટલી વેપારીઓની પેઢીઓમાંથી અંદાજે 40 લાખની કિંમતનો બિનહિસાબી જથ્થો મળી આવતા તમામ જથ્થો સીઝ કરીને વધુ તપાસ હાથ ધરીને આગળની



કાર્યવાહી હાથ ધરી છે. બનાસકાંઠા જિલ્લાના દાંતા ખાતે પકડાયેલ સસ્તા અનાજના જથ્થા બાદ સાબરકાંઠા જિલ્લાના ઈડર એ.પી.એમ.સી સુધી તપાસનો રેલો આવ્યો હોય તે રીતે સાબરકાંઠા, બનાસકાંઠા સહિત ગાંધીનગર જિલ્લાની પુરવઠા વિભાગની ટીમો ઈડર એપીએમસીમાં આવેલી પેઢીઓમાં શનિવારે રાત્રે 10 કલાકે અચાનક પહોંચી જઈને દરોડા કર્યા હતા અને શનિવારની આખી રાતથી લઈને બીજા દિવસ રવિવાર સાંજ સુધી સતત 18 કલાક કરતા પણ વધારે ચાલેલા સર્ચ ઓપરેશન દરમ્યાન કામગીરીમાં અંદાજે 40 લાખથી વધુ રકમનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.આમ ઈડરના માર્કેટયાર્ડમાં આવેલી દુકાનોમાંથી લાખોની કિંમતનો શંકાસ્પદ બિનહિસાબી જથ્થો મળી આવતા માર્કેટયાર્ડના ચેરમેન, વાઈસ ચેરમેન, તમામ ડિરેક્ટર્સ સહિત માર્કેટયાર્ડના સંચાલન સામે સવાલો ઉઠયા છે. જેની પણ સરકાર દ્વારા તપાસ કરવામાં આવે તે જરૂરી છે.

## માણસામાં SBIનું ATM તોડવાનો નિષ્ફળવ પ્રયાસ, યુવકનું કરતૂત CCTVમાં કેદ

અમદાવાદ | માણસા શહેરમાં દરબારગઢ પાસે આવેલ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાનું એ.ટી.એમ તોડવાનો નિષ્ફળ પ્રયાસ થયો હતો. રાત્રે ચોરીના ઈરાદે ઘૂસેલા શખસે મશીનના ડ્રોવરનો દરવાજો તોડવાના અનેક પ્રયત્નો કર્યા હતા. જોકે મશીન તોડવામાં સફળતા ન મળતા ચોર ત્યાંથી ભાગી છૂટ્યો હતો. સમગ્ર બનાવ બાબતે બેંક મેનેજરને સવારે જાણ થતા તેમણે તાત્કાલિક માણસા પોલીસને જાણ કરી હતી.પોલીસે અહીં લગાવવામાં આવેલા સીસીટીવી ચેક કરતા એક યુવક ચોરીનો પ્રયાસ કરતો હોવાનું સામે આવ્યું હતું.જેના આધારે આરોપીને ઝડપી લેવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

### રૂપિયા પરત આપતો ન હતો અને ગલ્લાતલ્લા કરતો હતો

## ઉછીના દીધેલ રૂપિયા માંગતા મહિલા સહિત ચાર લોકોએ મહિલા, સંબંધીને ફટકાર્યા

અમદાવાદ | તા.05

નરોડામાં ઉછીના લીધેલ રૂપિયા પરત માંગતા એક મહિલા સહિત ચાર લોકોએ મહિલા અને તેના સંબંધીને લાકડી અને પાઈપથી ફટકાર્યા હતા. જેમાં મહિલાએ શખસોને તેની રિક્ષા રિપેર કરાવીને ઉછીના રૂ. 2 લાખ આપ્યા હતા. જે પરત ન આપતા મહિલાએ ઉઘરાણી શરૂ કરી હતી. આ અંગે મહિલાએ એક મહિલા સહિત ચાર લોકો સામે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી છે. સૈજપુર ટાવર પાસે 52 વર્ષીય દિપક ઉર્ફે દિપામાસી મિસ્ત્રી પરિવાર સાથે રહે છે. જેમાં એક વર્ષ અગાઉ તેમને આશિષ રાજપૂત સાથે સંપર્ક થયો હતો. જે બાદ અવારનવાર મળતા હતા. જે બાદ આશિષની રિક્ષા બગડતા તેને દિપામાસી પાસેથી ઉછીના બે લાખ રૂપિયા લીધા હતા. જે રૂપિયા પરત આપતો ન હતો અને ગલ્લાતલ્લા કરતો હતો. ગત 3 ફેબ્રુઆરીએ રાત્રિના સમયે તેઓ સંબંધી સાથે નિકોલ ટી-સ્ટોલ પર ચા પીવા ગયા હતા. બાદમાં પરત આવતા દાસ્તાન સર્કલ પાસે પહોચ્યા, ત્યારે આશિષ રાજપૂત, જયાબેન અને અજાણ્યા બે શખસોએ દિપકમાસીને કેમ મારી પાસે રૂપિયા માંગે છે? કહીને બિભત્સ ગાળો બોલીને ઝઘડો કર્યો હતો. બાદમાં ચારેય જણાએ લાકડી અને પાઈપ વડે દિપકમાસી અને તેમના સંબંધીને ફટકાર્યા હતા.

## તરલ ભટ્ટે મોબાઇલ, પેનડ્રાઇવ, લેપટોપ સહિતના તોડકાંડના પુરાવાનો નાશ કર્યો

અમદાવાદ | તા.05

જૂનાગઢ તોડકાંડના આરોપી સસ્પેન્ડ પીઆઈ તરલ ભટ્ટ હાલમાં રિમાન્ડ ઉપર છે. જો કે આ કેસમાં તરલ ભટ્ટ તેમજ મંડળીને આરોપી સાબિત કરી શકાય તેવા કોઈ પૂરાવા એટીએસને મળ્યા નથી. આટલું જ નહીં તરલ ભટ્ટે પેન ડ્રાઈવ, 3 મોબાઈલ ફોન, લેપટોપ સહિતના મહત્વના પૂરાવાનો પણ નાશ કરી દીધો છે. જેથી તરલ ભટ્ટને આરોપી સાબિત કરવા માટે એટીએસ પાસે એક જ રસ્તો બાકી રહ્યો છે. હવે એટીએસ જૂનાગઢ પોલીસે ફ્રિઝ કરેલા 386 બેંક એકાઉન્ટ ધારકોને બોલાવીને તેમની પૂછપરછ કરી પૂરાવા એકત્રિત કરશે. તરલ ભટ્ટને કોર્ટમાં રજૂ કરીને એટીએસની ટીમે 4 દિવસના રિમાન્ડ મેળવ્યા છે. આ રિમાન્ડના કારણોમાં એટીએસે કોર્ટને જણાવ્યું હતુ કે, જૂનાગઢ પોલીસે ફ્રિઝ કરેલા 386 બેંક એકાઉન્ટ ધારકોમાંથી તરલ ભટ્ટે કોની - કોની પાસેથી પૈસા લીધા તે માહિતી એકત્રિત કરવાની છે. આ સાથે તરલ ભટ્ટ જૂનાગઢ એસઓજીની ઓફિસમાંથી 386 ફ્રિઝ બેંક એકાઉન્ટ ધારકોની માહિતી પેન ડ્રાઈવમાં લઈ ગયા હતા. ત્યારબાદ તેમના પર્સનલ 3 મોબાઈલ નંબરથી એકાઉન્ટ ધારકોનો સંપર્ક કરીને પૈસાની માંગણી કરી હતી. જો કે એટીએસને હજુ સુધી તરલ ભટ્ટની પેઈન ડ્રાઈવ, 3 મોબાઈલ ફોન તેમજ લેપટોપ સહિતના એક પણ પૂરાવા મળ્યા નથી. જ્યારે બીજી બાજુ તરલ ભટ્ટ ખૂદ પોલીસ ઈન્સ્પેક્ટર હોવાથી તે કાયદાના જાણકાર હોવાથી પોલીસને તપાસમાં જરા પણ સાથ સહકાર આપી રહ્યા નથી. તેમજ પોલીસને ગોળ ગોળ ફેરવીને પોલીસ કસ્ટડીને સમય પૂરો કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. જેથી હવે એટીએસની ટીમે જૂનાગઢ પોલીસે ફ્રિઝ કરેલા 386 બેંક એકાઉન્ટ ધારકોને બોલાવીને તેમની પૂછપરછ કરવા તજવીજ શરુ કરી છે. જેના માટે એટીએસમાં ખાસ બે ટીમ પણ તૈયાર કરવામાં આવી છે. આ ટીમના સભ્યોએ ખાતેદારોનો સંપર્ક કરવાનું શરૂ કર્યું છે.

### વાતાવરણમાં પલટો આવવા સાથે હળવી ઠંડી રહેશે

## વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી બે દિવસ ઠંડા પવન ફૂંકાશે

અમદાવાદ | તા.05

છેલ્લા બે દિવસથી અમદાવાદ સહિત રાજ્યમાં પશ્ચિમથી ઉત્તર પશ્ચિમના ગરમ પવન શરૂ થતાં લઘુતમ અને મહત્તમ તાપમાનમાં 3-3 ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે. જોકે સોમવારે એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થશે. હવામાન નિષ્ણાત અંકિત પટેલના જણાવ્યા અનુસાર, આ સિસ્ટમને લીધે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધશે તેમજ ટ્રફ સર્જાશે. તેની અસરોથી બે દિવસ ઠંડો પવન ફૂંકાશે અને વાતાવરણમાં પલટો આવવા સાથે હળવી ઠંડી પણ વર્તાશે. ડિસ્ટર્બન્સની અસરથી 6 અને 7 ફેબ્રુઆરીએ તાપમાન નીચું રહેવાની શક્યતા છે. જોકે એ પછી ગરમીમાં વધારો થશે. દરમિયાન ગરમ પવનની અસરથી રવિવારે સવારથી જ તાપમાનમાં વધારો શરૂ થયો હતો. શહેરનું મહત્તમ તાપમાન 32 ડિગ્રીએ પહોંચી ગયું હતું જ્યારે લઘુતમ તાપમાન 16.7 ડિગ્રી નોંધાયું હતું. રાજ્યના મોટાભાગના શહેરોમાં 30થી 35 ડિગ્રી વચ્ચે તાપમાન નોંધાયું હતું. ત્રણ શહેરમાં ગરમીનો પારો 35 ડિગ્રીથી વધુ રહ્યો હતો. જ્યારે 5 શહેરમાં 34 ડિગ્રીથી વધુ તાપમાન નોંધાયું હતું.

**7 ફેબ્રુઆરીથી તાપમાનમાં ફરી વધારો શરૂ થશે**

### 2018માં 2532 લોકો પાસેથી 60 હજાર લેખે પૈસા ઉઘરાવાયા હતા

# હાઉસિંગ બોર્ડે લોકોના રૂ.15 કરોડ 5 વર્ષ દબાવી રાખી 4 કરોડ કમાયું

અમદાવાદ | તા.05

ગુજરાત હાઉસિંગ બોર્ડે 2018માં શહેરના ગોતામા એલઆઈજી (લોઅર ઈન્કમ ગ્રૂપ) માટે એફોર્ડેબલ હાઉસિંગ યોજના હેઠળ ઘર આપવાની જાહેરાત કરી હતી. એપ્રિલ 2018માં 2532 લોકો પાસેથી વ્યક્તિદીઠ રૂ.60 હજાર ભરાવવામાં આવ્યા હતા. જે પછી હાઉસિંગ યોજનામાં બે વર્ષ સુધી કોઈ પણ નક્કર કામગીરી કરવામાં આવી ન હતી. પછી વર્ષ 2020માં લોકોએ યોજનામાં રોકેલા 60 હજાર પાછા માગ્યા તો હાઉસિંગ બોર્ડના અધિકારીઓએ લોકોને કોઈપણ જવાબ આપવાનું ટાળ્યું હતું. છેલ્લે મે 2021માં આ યોજના પડતી મુકવામાં આવી હોવાની લોકોને જાણ કરવામાં આવી હતી. આટલા સમય પછી પણ 60 હજાર ભરનારા લોકોએ પૈસા પાછા માગ્યા તો કોઈ સંતોષકારક જવાબ આપવામાં આવ્યો ન હતો. આખરે મે 2023માં લોકોને પોતાના પૈસા પરત મળ્યા હતા. હાઉસિંગ યોજના હેઠળ 15.19 કરોડનું લોકોએ રોકાણ કર્યું હતું પરંતુ હાઉસિંગ બોર્ડે 5 વર્ષ સુધી આ પૈસા દબાવી રાખ્યા હતા. 2532 અરજદારને 60 હજાર પાછા આપવામાં આવ્યા પણ 5 વર્ષનું વ્યાજ ચૂકવવામાં આવ્યું ન હતું. જોકે હાઉસિંગ બોર્ડ આ 15 કરોડથી વધુના રોકાણ પર અંદાજે 4.19 કરોડ વ્યાજ કમાયું હતું. આ પૈસા ફિક્સ ડિપોઝિટમાં મુકવામાં આવ્યા હોય તે ગણતરીએ વ્યાજની રકમ કાઢવામાં આવી છે. સમગ્ર યોજના ઓછી આવક ધરાવતા જૂથના લોકો માટે હતી અને તેમણે મહામહેનતે 60 હજાર ભેગા કર્યા હતા.

### અમારા હકના પૈસા માટે વલખાં મારવાં પડ્યાં

કોરોનાના બે કપરા વર્ષ દરમિયાન પણ અમને અમારા પૈસા પાછા આપવામાં આવ્યા ન હતા. આ એવો સમય હતો જ્યારે અમે નાની રકમ માટે પણ વલખાં મારતાં હતાં. કોરોનાકાળ વીતિ ગયા પછી પણ 3 વર્ષ સુધી હાઉસિંગ બોર્ડે પૈસા પરત કર્યા ન હતા. અંતે 2023માં પૈસા પાછા આપ્યા પરંતુ વ્યાજ ચૂકવવામાં આવ્યું ન હોવાથી અમને અન્યાય થયો છે. » કિશોરભાઈ, અરજદાર

### એફડીમાં રોક્યા હોત તો 15 હજાર વ્યાજ મળ્યું હોત

2018માં આવાસ યોજના અંગે જાણ થયા પછી પૈસા ભર્યા હતા. 2 વર્ષ સુધી હાઉસિંગ બોર્ડે કોઈપણ પ્રકારની માહિતી આપી ન હતી. એ પછી મે 2021માં યોજના રદ કરવામાં આવી હોવાની જાણ કરવામાં આવી હતી. અમે પૈસા પાછા માગ્યા તો કોઈ સંતોષકારક જવાબ અપાયો ન હતો. આખરે મે 2023માં અમે ભરેલા 60 હજાર પાછા આપવામાં આવ્યા હતા પરંતુ 5 વર્ષના વ્યાજપેટે એકપણ પૈસો ચૂકવાયો ન હતો. હવે અમે આ રકમ પર વ્યાજ માટે રજૂઆત કરી છે. દરેક અરજદારે 60 હજાર રૂપિયા બેંકની એફડીમાં રોક્યા હોત તો અમને અંદાજે 15 હજાર રૂપિયાનું વ્યાજ મળ્યું હોત, પરંતુ હાઉસિંગ બોર્ડે તે આપ્યું નથી. » હેમલતાબેન ખલાસ, અરજદાર

**મહિલાઓ ભોગ બની**

## ગ્રામીણ સ્વાસ્થ્ય અધિકારી, સહાયકની ભરતીના નામે મહિલાઓ સાથે ઠગાઈ

### ભોગ બનનારી મહિલાઓ પૈકી બેએ ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ નોંધાવી હતી

અમદાવાદ | તા.05

સ્વાસ્થ્ય ગ્રામીણ કલ્યાણ સંસ્થા નવી દિલ્હીના નામથી ગુજરાતના દરેક જિલ્લામાં સ્વાસ્થ્ય ગ્રામીણ અધિકારી, કાર્યકર્તા અને સહાયકની ભરતી માટેની જાહેરાત આપીને સંખ્યાબંધ મહિલાઓ સાથે ઠગાઈ કરાઈ હતી, જેમાં રજિસ્ટ્રેશન ફી, ટ્રેનિંગ ફી અને ટ્રેનિંગ સેન્ટર નક્કી કરવાની ફી પેટે મહિલાઓ પાસેથી પૈસા પડાવાયા હતા. ભોગ બનનારી મહિલાઓ પૈકી બેએ ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ નોંધાવી હતી. શાહપુરમાં રહેતાં કંચનબહેન પરમારે એમએબીએડ સુધી અભ્યાસ કર્યો છે. સપ્ટેમ્બર 2023માં ઈન્સ્ટાગ્રામ પર એક જાહેરાત આવી હતી, જેમાં સ્વાસ્થ્ય ગ્રામીણ કલ્યાણ સંસ્થા નવી દિલ્હીના નામથી ગુજરાતના દરેક જિલ્લામાં સ્વાસ્થળ ગ્રામીણ વિકાસ અધિકારી, કાર્યકર્તા અને સહાયકની પોસ્ટ માટે અલગ અલગ પગારથી ભરતી કરવાની હતી. કંચનબહેન ગ્રેજ્યુએટ હોવાથી તેમણે સ્વાસ્થ્ય ગ્રામ વિકાસ અધિકારીના પદ માટે વેબસાઈટ પર ઓનલાઈન ફોર્મ ભર્યું હતું. ત્યાર બાદ બે નંબર પરથી ફોન આવતા ડોક્યુમેન્ટ્સના ફોટો પાડીને તે નંબર પર વોટ્સએપથી મોકલી આપ્યા હતા, જેમાં રૂ.2750 ફી માગતા ઓનલાઈન ફી ભરી હતી. ત્યારબાદ હાર્દિક પટેલ નામના વ્યક્તિએ કંચનબહેન સાથે વાત કરી હતી. જોકે આ પ્રકારે લોકો સાથે છેતરપિંડી થતી હોવાથી કંચનબહેનને શંકા જતા તેમણે હાર્દિક સાથે વાત કરતા હાર્દિકે કહ્યું હતું કે, તમે આ સંસ્થામાં સિલેક્ટ થઈ ગયા છો, તેવું કહીને લિસ્ટ મોકલ્યું હતું. વધુમાં તેણે કહ્યું હતું કે, અમે કોઈ ફ્રોડ નથી કરતા. તમારું નોકરીમાં સિલેક્શન થઈ ગયું છે અને થોડા સમયમાં તમને ટ્રેનિંગમાં જવાનું થશે. તેવું કહીને ટ્રેનિંગની ફી પેટે 5 હજાર ભરાવડાવ્યા હતા. ત્યાર બાદ કંચનબહેનને કહ્યું કે, તમારે ટ્રેનિંગનું સેન્ટર નક્કી કરવાનું હોવાથી બીજા રૂ.2 હજાર મોકલો, જેથી કંચનબહેને બીજા 2 હજાર જમા કરાવ્યા હતા. ત્યાર બાદ 10 હજાર ભરવાની વાત કરતા કંચનબહેનને શંકા જતા પૈસા ભર્યા ન હતા, પરંતુ ત્યાં સુધીમાં કંચનબહેને રૂ.9750 આપી દીધા હતા.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...